Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

વર્ષ : 33 ● અંક : ૨૬૦
તા.૨૮-૧૦-૨૦૧૭, શનિવાર
સંવત ૨૦૭૪ કારતક સુદ - ૦૮
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૪૪ સૂર્યાસ્ત : ૦૬:૦૫

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૭.૬ | વડોદરા | ૩૬.૦ |
| અમદાવાદ | ૩૭.૩ | સુરત | ૩૭.૦ |
| ગાંધીનગર | ૩૮.૮ | નલિયા | ૩૬.૦ |

ચાંદી : ૪૦,૫૦૦ સોનું : ૩૦,૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# મહાકાલનો અભિષેક માત્ર ફિલ્ટર પાણીથી : સુપ્રિમ

## સુપ્રિમે મ.પ્રદેશના ઉજ્જૈન મહાકાલ મંદિરમાં જલાભિષેક માટેના નવા નિમયોને મંજૂર કર્યા : સાત જ્યોતિર્લિંગ પર શ્રદ્ધાળુઓ દૂધ-પંચામૃતથી અભિષેક ન કરી શકે

(જી.એન.એસ) ન્યુદિલ્હી

સુપ્રીમ કોર્ટે મધ્ય પ્રદેશના ઉજ્જૈન સ્થિત મહાકાલ મંદિરમાં જલાભિષેક માટે નવા નિયમોને મંજૂરી આપી છે. નવા નિયમ મુજબ હવે મહાકાલમાં જલાભિષેક માટે આરઓના મિનરલ પાણીનો જ ઉપયોગ કરી શકાશે. સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર શ્રધ્ધાળુ અડધો લીટર પાણીનો જ ઉપયોગ કરી શકશે, તેની સાથે સવા લીટર પંચામૃતનો ઉપયોગ કરવા આદેશ આપ્યો છે. કોર્ટે નિર્ણયમાં કહ્યું કે, અભિષેક બાદ શિવલિંગને સુતરાઉના કપડાંથી ઢાંકવું પણ પડશે. આ મામલે વિરોધ નોંધાવવા માટે ૧૫ દિવસનો સમય આપવામાં આવ્યો છે. આ મામલે આગામી સુનાવણી ૩૦ ઓક્ટોબરના રોજ થશે.

ઉજ્જૈનના જ્યોતિલિંગ શિવલિંગ પર પંચામૃતનો અભિષેક થવો જોઈએ કે નહીં અને તેનું પ્રમાણ કેટલું હોવું જોઈએ તેનો ફેંસલો સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવ્યો છે. શિવલિંગ પર ચઢાવાતાં પદાર્થોના કારણે શિવલિંગનો આકાર નાનો થયો હોવાનો લઈને દાખલ થયેલી એક અરજી પર કોર્ટના આદેશથી બનેલી એક્સપર્ટની કમિટી જ્યોતિલિંગની તપાસ કરી ચૂકી છે. કમિટીએ પંચામૃતનું પ્રમાણ નક્કી કરવાની ભલામણ કરી હતી.

દેશમાં ૧૨માંથી ૭ જ્યોતિલિંગ પર શ્રદ્ધાળુઓ દૂધ-પંચામૃતથી અભિષેક કરી શકતા નથી. તેમાં ઓમકારેશ્વર, ધૃષ્ણેશ્વર, ત્ર્યમ્બકેશ્વર, ભીમાશંકર, મલ્લિકાર્જુન, કેદારનાથ અને સોમનાથ સામેલ છે. અહીં નક્કી કરેલા એક પ્રમાણમાં જ માત્ર પૂજારી જ અભિષેક કરી શકે છે. બાકી પાંચમાંથી ત્રણ જ્યોતિલિંગ કાશીવિશ્વનાથ-રામેશ્વરમ્ અને નાગેશ્વરમાં પ્રતિબંધ તો નથી પરંતુ સાવધાની રાખવામાં આવી રહી છે.

ઉજ્જૈનના જ્યોતિલિંગના નાના થવાની વાત પહેલા પણ સામે આવતી રહી છે પરંતુ કમિટીના રિપોર્ટમાં પહેલીવાર એ વાતની પુષ્ટિ થઈ છે કે નુકશાન થઈ રહ્યું છે. મહાકાલ મંદિરના પૂજારી પ્રદીપ ગુરુએ જણાવ્યું કે સવારે પંચામૃતથી અભિષેક થાય છે. ત્યારબાદ જળાભિષેક અને ભસ્મ આરતી થાય છે. રાત સુધી ચાર વખત અભિષેક થાય છે. શ્રદ્ધાળુઓ દિવસભરમાં ઘણીવાર પંચામૃત ચઢાવે છે અને ભાગથી શણગાર થાય છે.

ઉલ્લેખનીય છે કે નાસિક જિલ્લામાં ગોદાવરી નદી પાસે આવેલા ત્ર્યમ્બકેશ્વરમાં દૂધ કે પંચામૃત પર પ્રતિબંધ છે. આ પ્રતિબંધ લગભગ ત્રણ વર્ષથી છે. સૌરાષ્ટ્રના સોમનાથમાં

અનુસંધાન પાના નં.૬

## વિચાર વૈભવ...

### ફરીયાદી વૃત્તિને પ્રસન્નતા સાથે તગડે - છગડે છે

સતીને વેશ્યા સાથે, પ્રકાશને અંધકાર સાથે, અમીરીને ગરીબી સાથે, તંદુરસ્તીને રોગ સાથે તગડે-છગડે હોય છે એની તો કોને ખબર નથી હોતી એ પ્રશ્ન છે, પણ પ્રસન્નતાને ફરીયાદીવૃત્તિ સાથે તગડે- છગડે હોય છે જેની જાણકારી કેટલાને હોય છે એ પ્રશ્ન છે. કમાલની કરૂણતા તો પાછી આમાં એ છે કે 'મન પ્રસન્ન રહેતું નથી' એ ફરિયાદમાં જ મનની અપ્રસન્નતાનાં બીજ પડેલા છે એ સમજવા લગભગ કોઈ તૈયાર જ નથી. જવાબ આપો.

પ્રસન્નતાનો આધાર આખરે છે શું? વિપુલ સંપત્તિ? ના. એ પછી ય મન અપ્રસન્ન હોઈ શકે છે. અપ્રતિમ સૌંદર્ય? ના. એ પછી ય મન અપ્રસન્ન રહી શકે છે. અમાપ સત્તા? ના. એ પછી ય મન ઉકળાટ અનુભવતું હોય એ બની શકે છે. આકર્ષક સામગ્રીઓ? ના. એ પછી ય મન ખળભળતું હોય એ સંભવી શકે છે. તો પ્રશ્ન એ છે કે મનની પ્રસન્નતા બંધાયેલી છે કોને? એનો જવાબ એક જ છે, સ્વીકારભાવને.

શું કહું? આંખ સામે લાવી દો પાણીને અને પથ્થરને. પાણીની સામે તમે બાલદી લાવીને મૂકી કે તપેલી લાવીને મૂકો, થાળી લાવીને મૂકો કે વાટકી લાવીને મૂકો. પાણી એ દરેક પ્રકારના વાસણમાં સહજતાથી ગોઠવાઈ જવાનું પણ પથ્થર? એ ચોક્કસ પ્રકારના વાસણને છોડીને બીજા વાસણમાં ગોઠવાઈ જવા માટે ઈનકાર જ કરી બેસવાનો!

સંદેશ સ્પષ્ટ છે. દાળમાં મીઠું ઓછું છે કે ધંધામાં મંદી ભારે છે. શરીર કેન્સરગ્રસ્ત છે કે મિત્રે વિશ્વાસઘાત કર્યો છે. ગરમી જોરદાર છે કે ધુમ્મસ ગાઢ છે. આ તમામમાં તમે ફેરફાર કરવા માગતો હો અને છતાં એમાં તમને સફળતા ન મળે ત્યારે તમે જો પાણી જેવા બનીને એના સ્વીકારભાવમાં રહો છો તો તમારી પ્રસન્નતાને અકબંધ રહી જવામાં કોઈ જ તકલીફ પડતી નથી, પણ પથ્થર જેવા બનીને એ અણગમતી- પ્રતિકૂળ પરિસ્થિતિના અસ્વીકારમાં જ રહો છો તો તમારી પ્રસન્નતા ખંડિત ન થતી રહે એ વાતમાં કોઈ જ માલ નથી.

એક નક્કર વાસ્તવિકતા આંખ સામે રાખજો કે ગાય જ્યાં જાય છે ત્યાં જેમ વાછરડાને જવું જ પડે છે, સોય જ્યાં જાય છે ત્યાં જેમ દોરાને જવું જ પડે છે તેમ જ્યાં સ્વીકારભાવ હોય છે ત્યાં પ્રસન્નતાને હાજર રહેવું જ પડે છે. સ્વસ્થ, મસ્ત અને પ્રસન્ન રહેવું છે? સ્વીકારભાવના સ્વામી બનીને જ રહો.

શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ

## ઝંઝાવતી પ્રચાર કરીને જીત પાકી કરવાના પ્રયાસ

# ગુજરાત : મોદી ૫૦થી વધુ રેલી કરવા માટે પૂર્ણ તૈયાર

**દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ તેમજ મધ્ય ગુજરાતમાં ૫૦-૭૦ રેલી કરી શકે : ૧૦મી નવેમ્બર બાદ શરૂઆત**

નવી દિલ્હી

વતન રાજ્ય ગુજરાતમાં ભાજપની જીતને પાકી કરવાના હેતુસર વડાપ્રધાન નરેન્દ્ર મોદી જોરદાર અને ઝંઝાવતી પ્રચાર કરવા માટે તૈયાર છે. ભાજપને તેના જાદુઈ વ્યક્તિત્વનો ઉપયોગ કરવાની ફરજ પડી રહી છે. ભાજપના એક વરિષ્ઠ નેતાએ માહિતી આપતા કહ્યુ છે કે વડાધાન નરેન્દ્ર મોદી જાન્યુઆરીથી લઈને હજુ સુધી ૧૦ વખત પોતાના વતન રાજ્ય ગુજરાતની યાત્રા કરી ચુક્યા છે. એવી સ્થિતીમાં સાફ સંકેત છે કે તેઓ જોરદર પ્રચાર કરનાર છે. મોદી ડિસેમ્બર મહિનામાં ઓછામાં ઓછી ૫૦ રેલી કરી શકે છે. પાર્ટીના નેતા કહે છે કે મોદી દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને મધ્ય ગુજરાતમાં પ્રચાર કરનાર છે. ૫૦-૭૦ રેલી યોજવામાં આવે તેવી શક્યતા છે. ૧૦મી નવેમ્બર બાદ ૨-૩ રેલી સાથે મોદી તેમના પ્રચાર અભિયાનની શરૂઆત કરી શકે છે. ચૂંટણી વર્ષને ધ્યાનમાં લઈને મોદી જાન્યુઆરીથી લઈને હજુ સુધી ૧૦ વખત ગુજરાતમાં પહોંચ્યા છે. મોદી માટે ગુજરાતની લડાઇ પ્રતિષ્ઠાના જંગ સમાન છે.વર્ષ ૨૦૧૪માં નરેન્દ્ર મોદી ગુજરાતની રાજનીતિથી દુર થયા બાદથી ગુજરાતમાં નેતૃત્વને લઈને પાર્ટીને તકલીફ રહી છે. પાર્ટીના એક સુત્રે કહ્યુ છે કે પહેલા એવી યોજના હતી કે મોદી ૧૫થી ૧૮ રેલી કરશે. પરંતુ હવે પાર્ટીના નેતાઓએ મોદીને ઓછામાં ઓચી ૫૦ મોટી અને મધ્યમ કદની રેલી

અનુસંધાન પાના નં.૬



આ તસ્વીર જોતા એમ લાગે કે જેમ ઢળતા સૂરજના કિરણો અંબાજી મંદિરના ચરણ સ્પર્શ કરી રહી હોય. આજે ઉગેલો સૂરજ ઢળતા પહેલા, દિવસનો છેલ્લું નમન માં અંબાને કરી રહ્યુ છે વાદળો એ ભલે આડ કરી પણ સંતાઈ ને સૂર્ય એ પોતાના કિરણો માતાજીના શિખરે પહોચાડ્યા હતા. આ દ્રશ્યને અંબાજી આવેલા અનેક શ્રધ્ધાળુઓ એ પણ નિહાળ્યો હતો અને મુખમાંથી બોલી ઉઠયા હતા જય અંબે મા.(જી.એન.એસ)

# ૧૪ નવેમ્બર પછી કોંગ્રેસ ઉમેદવારોનાં નામની પહેલી યાદી બહાર પાડશે

(જી.એન.એસ) અમદાવાદ

અમદાવાદ સહિત રાજયભરની ૧૮૨ વિધાસભાની બેઠક માટે કોંગ્રેસના સક્ષમ ઉમેદવારોની સત્તાવાર પ્રથમ યાદીની જાહેરાત સત્વરે કરાશે તેવો પ્રદેશ હાઈકમાન્ડનો દાવો ત્રણ યુવા ચહેરાનાં સમીકરણથી પોકળ નીવડ્યો છે. કોંગ્રેસ માટે હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને જિજ્ઞેશ મેવાણીની ત્રિપૂટીની માગણી સંતોષવી ખાસ જરૂરી બની હોઈ આગામી તા.૧૪ નવેમ્બર પછી કોંગ્રેસની પ્રથમ યાદી જાહેર થાય તેવી શક્યતા છે.

પ્રદેશ કોંગ્રેસના નેતાઓ સાથે દિલ્હી સ્ક્રીનિંગ કમિટીએ ત્રણ દિવસ સુધી ઉમેદવારોની પસંદગી મામલે લાંબી મંત્રણા કર્યા બાદ પણ સત્તાવાર ઉમેદવારોની પ્રથમ યાદીની જાહેરાત વિલંબમાં મુકાઈ છે. જો કે દિલ્હીમાં ઉમેદવારોની પસંદગી ઉપરાંત ચૂંટણીમાં કોંગ્રેસની રણનીતિ, સ્ટાર પ્રચારકો,સંગઠનના મુદ્દા પણ ચર્ચાયા હતા. પ્રદેશ પ્રભારી અશોક ગહેલોત, પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના ટોચના નેતાઓ દિલ્હીથી પરત ફરતા સૂનું પડેલુ પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય રાજીવ ગાંધી ભવન આજથી ફરીથી ધમધમતું થશે.

દિલ્હીમાં અધૂરા રહેલા કામને આગળ ધપાવવા સ્ક્રીનિંગ કમિટીના અધ્યક્ષ બાળાસાહેબ થોરાત અને તેમની ટીમ આવતી કાલે અમદાવાદ આવશે. અમદાવાદમાં આવતીકાલે સ્ક્રીનિંગ કમિટીની બેઠક મળશે જેમાં ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયાને ગતિ અપાશે.

પ્રથમ તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ ૨૧ નવેમ્બર હોઈ દિલ્હી હાઈકમાંડ પ્રથમ તબક્કાની ચૂંટણીનાં જાહેર નામાની પ્રસિદ્ધિ બાદ જ ઉમેદવારોની પ્રથમ યાદી બહાર પડશે.

આ પ્રથમ યાદીમાં ફક્ત સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની તમામ બેઠકોને બદલે જિલ્લા

અનુસંધાન પાના નં.૬

# ભાજપના ઉમેદવારની પ્રથમ યાદી રવિવારે જાહેર થઈ શકે

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ નો કાર્યક્રમ જાહેર થયા બાદ તમામ રાજકિય પક્ષોએ પોત પોતાના ઉમેદવારો ને ઉભરાખવાની કવાયત શરૂ કરી દીધી છે. ત્યારે ભારતીય જનતા પક્ષ પણ તેના ઉમેદવારોનું લીસ્ટ રવિવારે મળનારી કેન્દ્રીય પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક બાદ દિલ્લીથી જાહેર કરે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. જો કે, બે રવિવાર બાદ ત્રીજા રવિવારે એટલે કે, ૧૨ નવેમ્બરે મળનારી બેઠકમાં આ લીસ્ટની જાહેરાત કરાશે. એટલે કે, ભા.જ.પ.ના દાવેદારો અને તેમના ટેકેદારોની આતુરતાનો અંત ૧૭ દિવસ બાદ આવશે.

વિશ્વસનીય સૂત્રો દ્વારા મળતી ઉપરોક્ત તમામ માહીતી પ્રમાણે ભા.જ.પ.ની આગામી ૧૨ નવેમ્બરે દિલ્લી ખાતે બેઠક મળનાર છે. કેન્દ્રીય પાર્લામેન્ટ્રી બોર્ડની મળનારી બેઠક બાદ પત્રકાર પરીષદ બોલાવી ગુજરાત વિધાન સભાની ચૂંટણીના ઉમેદવારોનું લીસ્ટ ભા.જ.પ. જાહેર કરી શકે છે. વિધાનસભાની ૧૮૨ બેઠકો માટે ૪૫૦૦ જેટલા ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે. મળતી માહિતી પ્રમાણે અલગ-અલગ તબક્કામાં લીસ્ટ જાહેર ના કરી ભારતીય જનતા પક્ષ તમામ બેઠકોની યાદી એકસાથે જ જાહેર કરશે. તેમ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

અનુસંધાન પાના નં.૬

# ભાજપમાં ઉમેદવારોનો રાફડો ફાટ્યો : ૧૮૨ બેઠકો માટે ૪૫૦૦ મૂરતિયા લાઈનમાં

(જી.એન.એસ) ગાંધીનગર

ડિસેમ્બરમાં બે તબક્કામાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારો નક્કી કરવાની ભાજપે કવાયત હાથ ધરી છે. ૨૧મીથી જ અડાલજના શાંતિ નિકેતન ખાતે ભાજપની પ્રદેશ ચૂંટણી સમિતિની બેઠક શરૂ થઈ હતી જે ગુરૂવારે પૂર્ણ થઈ છે. સૂત્રો જણાવે છે કે, ૧૮૨ બેઠકો માટે ભાજપમાંથી ૪૫૦૦થી વધુ મુરતીયાઓ ચૂંટણી લડવા તૈયાર છે.

સૌથી વધુ સુરતની એક બેઠક માટે ૮૭ જેટલા દાવેદારો છે એ સિવાય તમામ બેઠકો પર સરેરાશ ૨૦થી ૨૫ દાવેદારોએ દાવેદારી નોંધાવી છે. હવે આગામી દિવસોમાં કમલમ ખાતે ફરીતી ભાજપની કારોબારીની બેઠક મળશે જેમાં તમામ ૧૮૨ બેઠકો માટેના ઉમેદવારોની પેનલ બનાવાશે. તેનો સમગ્ર રિપોર્ટ દિલ્હીમાં ભાજપની કેન્દ્રિય ચૂંટણી સમિતિને મોકાલશે.

આ સમિતિની પણ મિટિંગો કરશે તેમજ તમામ પાસાઓનો અભ્યાસ કર્યા બાદ પ્રથમ અને બીજા તબક્કાના ઉમેદવારોની યાદી જાહેર કરશે. ભાજપના જ આંતરિક સૂત્રો જણાવે છે કે, હાલના સિટિંગ પૈકીમાંથી નબળી કામગીરી હોય તેવા અને બદનામ થયેલા ૫૦ ટકાથી વધુ ધારાસભ્યોને ટિકિટ આપવામાં આવશે નહિ જેમાં કેટલાક મંત્રીઓનો પણ સમાવેશ થઈ જાય છે. જે ધારાસભ્યોને પડતા મૂકાશે તેની જગ્યા પર સ્વચ્છ છાપ ધરાવતા એને વધુ ભણેલા- ગણેલા યુવાન ઉમેદવારો પર પસંદગીનો કળશ ઢોળાશે.

## નોટબંધી, જીએસટીને લઇને પ્રહાર કરવાના મૂડમાં

# ચિદમ્બરમ રાજકોટમાં વેપારીઓ સાથે આજે વાત કરશે

**વિધાનસભાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયા બાદ કોંગ્રેસી નેતાઓ પણ પ્રચારમાં વ્યસ્ત : આંકડા રજૂ કરે તેવી વકી**

અમદાવાદ

કોંગ્રેસપક્ષના દિગ્ગજ રાષ્ટ્રીય નેતા અને પૂર્વ નાણામંત્રી પી.ચિદમ્બરમ્ આવતીકાલે તા.૨૮મી ઓકટોબરના રોજ ગુજરાતમાં રાજકોટની મુલાકાતે આવી રહ્યા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર થઈ ગયા બાદ હવે કોંગ્રેસ એકદમ ફુલ એકટ-ીવ મોડ પર આવી ગયું છે અને તેના દિગ્ગજ નેતાઓને મેદાનમાં ઉતારી પોતાની તરફેણમાં પ્રચંડ લોકસમર્થન અને લોકજુવાળ ઉભો કરવા માંગે છે. ચિદમ્બરમ્ રાજકોટની તેમની મુલાકાત દરમ્યાન વેપારીઓ, બુધ્ધિજીવીઓ, ઉદ્યોગકારો સાથે ખાસ સંવાદ કાર્યક્રમ યોજશે. સાથે સાથે નોટબંધી, જીએસટી સહિતના મુદ્દાઓને લઈ મોદી સરકાર અને

અનુસંધાન પાના નં.૬

# ધાનેરા વિધાનસભામાં ઉમેદવાર પસંદગી મુદ્દે મુખ્ય પક્ષો અવઢવમાં

**ધાનેરા મત વિસ્તારને નથાભાઈ પટેલ જ સબળ નેતૃત્વ પુરૂ પાડી શકશે**

ડીસા

ગુજરાત વિધાનસભાની ચૂંટણી ધીરે ધીરે નજીક આવી રહી છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાના છેવાડાના તાલુકા ધાનેરામાં રાજકારણની ચર્ચાએ જોર પકડ્યુ છે. બે પરંપરાગત પ્રતિસ્પર્ધિ ભાજપ અને કોંગ્રેસમાં ઉમેદવારોએ પોતપોતાના દાવા રજુ કરી ટીકીટની માંગણી કરી છે. ૨૦૦૨ માં તત્કાલીન



મોદીવેવમાં ધાનેરામાં ચૌધરી સમાજના આગેવાન હરજીવનભાઈ પટેલે કોંગ્રેસના ઉમેદવારને હરાવીને જીત મેળવી હતી. જ્યારે ૨૦૦૭ માં ભાજપાએ બનાસકાંઠામાં દરેક જ્ઞાતીને પ્રતિનિધિત્વ મળે તેના ભાગરૂપે ધાનેરામાં બ્રાહ્મણ ઉમેદવાર તરીકે મફતલાલ પુરોહીતને મુકતા તેઓએ પણ બાજી મારી હતી. જ્યારે ૨૦૧૨ માં ઉમેદવાર પસંદગીમાં ભાજપાએ થાપ ખાતા કોંગ્રેસના જોઈતાભાઈ પટેલે બાજી મારી હતી. ગુજરાતની અત્યારની પરિસ્થિતિ જોતા ચૂંટણી જંગ ધીમેધીમે પરાકાષ્ટા તરફ જઈ રહ્યો છે. રાજ્યના રાજકારણમાં રોજ રોજ નવા નવા અધ્યાયો રચાઈ રહ્યા છે. ત્યારે ધાનેરા તાલુકા માટે

અનુસંધાન પાના નં.૬



**સૂર્યોદય - ૬.૪૪ સૂર્યાસ્ત - ૬.૦૫**

## તિથિદર્શન
કારતક સુદ-૮ શનિવાર ૨૦૭૪

| | | |
|---|---|---|
| ૮ શ. | ૭ સુ.લ.બુ. ગુ. | ૬ શુ.મં. |
| ૯ ચં. | | ૫ |
| ૧૦ કે. | | ૪ રા. |
| ૧૧ | ૧ | ૩ |
| ૧૨ | | ૨ |

વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ કારતક સુદ :આઠમ શનિવાર નક્ષત્રઃ શ્રવણ સવારે ૫.૦૩ પછી ધનિષ્ઠા યોગ :શુલ કરણ:બાલવ આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ.જ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

### દધિ મધુરં મધુ મધુરં દ્રાક્ષા મધુરા સુધાપિ મધુરેવ તસ્ય તદેવ હિ મધુરં યસ્ય મનો યત્ર સંલગ્નમં

'દહીં મધુર છે, મધ મધુર છે, દ્રાક્ષ મધુર છે અને સુધા- અમૃત પણ મધુર છે જ, પણ જે માણસનું મન જેમાં લાગ્યું છે તેને માટે તે જ પદાર્થ- વસ્તુ બાબત સૌથી વધારે મધુર લાગે છે.' જીવનમાં જ્યાં 'સમજણ' છે, એકમેકના સ્વભાવ, રસ, પ્રવૃત્તિના વર્તુળ, સ્તર- શોખ- આદતો- વર્તન- આચરણની સમાનતા હોય ત્યાં , જીવન- સંગીતમાં મધુર સ્વરનું જીવનગાન ગુંજતું રહે છે, ત્યાં સતત સંવાદ જ હોય, વિવાદ હોતો નથી. તારી 'હા' માં મારી 'હા' જ હોય કારણ પૂછવાનું જ ન હોય. કેટલાંક બૈરાં કે પતિઓ કોઈની વાતે (પતિ કે પત્ની) સહમત થઈ જ નથી શકતાં, વાત પૂરી સાંભળે ન સાંભળે કે તરત બોલ્યાં જ હોય, 'ઈ, તમે ક્યાં છો, ભલે પણ એનાં કરતાં આમ કરો તો બરાબર' કહી પોતાનો ચણા જેટલો મમરો મૂકી જ દે. કોઈ પણ પ્રસ્તાવમાં એમનું 'પછી' ના શ્રી ગણેશ પહેલાં જ હોય. નનૈયા- વિરોધ- ઠેલણવૃત્તિ એમનો સ્વભાવ હોય. એટલે જ માણસનું મન જેમાં લાગ્યું હોય 'સમસંવેદન' ધરાવનાર વ્યક્તિ જ એને 'મધુર' લાગે છે પછી એ કડવી કે કદરૂપ હોય તો પણ.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)જાહેર સાહસના કાર્યોમાં સાવધ રહેવું. મૂંઝવણ-ચિંતામાં વધારો થાય.**

**વૃષભ : (બ.વ.ઉ.)સંપત્તિને લગતા કાર્યોમાં સાવચેત રહેવું. વ્યર્થ ક્રોધ આવે.**

**મિથુન : (ક.છ.ઘ.)આકસ્મીક ધન લાભ થાય. અટકેલા કાર્યો આગળ ધપે.**

**કર્ક : (ડ.હ.) શેર-સટ્ટાથી દૂર રહેવું. માનસિક પ્રસન્નતામાં વધારો થાય.**

**સિંહ : (મ.ટ.) જૂની ઓળખાણ લાભદાયી નીવડે. આર્થિક સમસ્યા હળવી બને.**

**કન્યા : (પ.ઠ.ણ.) ગૃહજીવનમાં વિસંવાદીતતા સર્જાય. હાથમાં આવેલી લાભની તક સરી જાય.**

**તુલા : (ર.ત.) અંગત મૂંઝવણ દૂર થાય. નોકરી-ધંધામાં લાભ થાય.**

**વૃશ્ચિક :(ન.ય.)અગત્યના કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. ગૃહવિવાદ.**

**ધન : (ભ.ફ.ધ.)માનસિક ઉચ્ચાટ અનુભવાય. આર્થિક ક્ષેત્રે સંભાળવું હિતાવહ.**

**મકર : (ખ.જ.) મહત્વના કૌટુંબિક પ્રશ્નોનો ઉકેલ મળે. અણધાર્યો લાભ મળે.**

**કુંભ : (ગ.શ.સ.) મહેનતનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. રોકાયેલા નાણાં છૂટા થાય.**

**મીન : (દ.ચ.જ.થ.)સ્વભાવમાં ઉગ્રતા રહે. ધારી સફળતામાં વિલંબ રહે.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

યુરોપના ભોગવિલાસ છોડી ભારતની આજીવન સેવા કરવા માટે, સ્વામી વિવેકાનંદ પાસે હિંદુ ધર્મની દીક્ષા લેનાર મહાન વિદુષી કુમારી ભગિની નિવેદિતા (ઉર્ફે માર્ગરેટ નોબેલ) ની જન્મ જયંતી છે.અમેનો જન્મ ૨૮-૧૦-૧૮૬૭ માં યુરોપમાં થયફો હતો. સ્ત્રીઓનું ગૌરવ વધારવાની આકાંક્ષાવાળી માર્ગરેટ સ્ત્રી ઉન્નતિના કાર્યમાં જીવન સમર્પિત કરી લીધું. ભારત માટે તેઓ સદા આપણી ભારતમાતા એવા શબ્દો પ્રયોજતા. આ મહાન સન્નારીનું ૧૬-૧૦-૧૯૧૧ના રોજ અવસાન થયું. એમની અંતિમ ઈચ્છાનુસાર તેમના મૃતદેહને હિન્દુ વિધિ અનુસાર અગ્નિદાહ અપાયો હતો.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**

માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪

મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા

અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,

પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# રાધનપુર વિધાનસભા બેઠક માટે ભાજપ-કોંગ્રેસમાં ઉમેદવારોની પસંદગીમાં કશમકશ

## ભાજપના નિષ્ક્રિય ધારાસભ્ય ફરીથી ચર્ચામાં

રાધનપુર

રાધનપુર વિધાનસભા બેઠક માટે ઉમેદવારોની પસંદગી કરવામાં ભાજપ અને કોંગ્રેસ એમ બંને પક્ષમાં કશમકશ જોવા મળી રહી છે,ચૂંટણીપંચ દ્વારા ચૂંટણીની તારીખો જાહેર થતાની સાથે જ બંને પક્ષમાં ચહલ-પહલ ચાલુ થઈ જવા પામી છે. ભાજપમાં ૨૩ જેટલા કાર્યકરો- અગ્રણીઓએ ટિકિટની માંગણી કરી છે,જેમાં ચૌધરી સમાજના ડો.દેવજીભાઈ પટેલ, અમથાભાઈ ચૌધરી, બાબુભાઇ ચૌધરીએ તેમજ ઠક્કર સમાજમાંથી પ્રવીણભાઈ મહાલક્ષ્મી, પ્રકાશભાઈ દક્ષિણી, કિરીટભાઈ ઠક્કર, હર્ષદભાઈ ઠક્કર, ઠાકોર સમાજમાંથી ચાલુ ધારાસભ્ય નાગરજી ઠાકોર, દિલીપજી ઠાકોર, મફાજી ઠાકોર, સોમાજી ઠાકોર, બચુજી ઠાકોર, ભુપેન્દ્રજી ઠાકોર, ભાવાજી ઠાકોર, સાંકાજી ઠાકોર,અરજણજી ઠાકોર,જયારે ઈતર સમાજમાંથી ડો.વિષ્ણુ ઝૂલા, જીવણભાઈ આહીર, સુરજગીરી ગોસ્વામી સહીત ૨૩ જેટલા અગ્રણીઓ ટિકિટ માટે લાઈનમાં ઉભા છે. જો કે તમામના મુખે એટલું જરૂર સાંભળવા મળે છે કે પાર્ટી જેને પણ ટિકિટ આપે જીતાડવા માટે કમર કસીને મહેનત કરીશું, જયારે કોંગ્રેસ માટે જાણે કે ધર્મસંકટ ઉભું થયું હોય તેવું જણાઈ રહ્યું છે,જ્યાં સુધી ઠાકોરસેના કોંગ્રેસમાં ભળી ના હતી ત્યાં સુધી છેલ્લા પંદર વર્ષથી આ વિસ્તારમાં તન-મન અને ધનથી મહેનત કરતા રઘુભાઈ દેસાઈ,ભાવસિંહ રાઠોડ,લવિંગજી સોલંકી, ફરશુભાઈ ગોકલાણી, દલિત નેતા કાનજીભાઈ પરમાર,નવીનભાઈ પટેલ, બળવંતજી ઠાકોર, કરશનભાઈ ચૌધરી સહીત પચ્ચીસ જેટલા અગ્રણીઓ ટિકિટની લાઈનમાં હતા. હવે ઠાકોર સેનાના અલ્પેશભાઈ ઠાકોર કોંગ્રેસમાં ભળી જતા તેના સીધા પડઘા રાધનપુર વિધાનસભા બેઠક ઉપર પડે તેવા અણસાર જણાઈ રહ્યા છે,આ બેઠક ઉપર ઠાકોર સેનાના ડો.ગોવિંદજી ઠાકોરને કોંગ્રેસ તરફથી ટિકિટ મળે તેવી ગણતરી મંડાઈ રહી છે જો ડો.ગોવિંદજી ઠાકોરને ટિકિટ ફાળવવામાં આવે તો કોંગ્રેસના અન્ય અગ્રણીઓ અને કાર્યકરોમાં તેના વિપરીત પડઘા પડશે તેમાં શંકાને સ્થાન નથી. વર્ષોથી મહેનત કરી રહેલા અગ્રણીઓમાંથી કોઈ અપક્ષ તરીકે પણ મેદાનમાં આવીને કોંગ્રેસનો ખેલ બગાડી શકે તેવી શક્યતાઓ જણાઈ રહી છે,જો કે કોંગ્રેસ આ બાબતે કેવું વલણ અપનાવે છે તે મહત્વનું છે.

### નિષ્ક્રિય ધારાસભ્ય ફરીથી મેદાનમાં

ગત વિધાનસભાની ચૂંટણીમાં ફોર્મ ભરવાની છેલ્લી ઘડીએ ઉમેદવાર તરીકે જાહેર થયેલા નાગરજી ઠાકોર જંગી બહુમતીથી ચૂંટાઈ તો આવ્યા હતા પરંતુ પાંચ વર્ષમાં ના તો તેમને આમ જનતાના કામો કર્યા છે કે ના ભાજપના કાર્યકરોના ફોન ઉપાડ્યા છે,કાર્યકરો કોઈ કામ માટે ફોન કરે એટલે તુરંત જ મને આમાં ખબર ના પડે તેમ કહીને કાર્યકરોનું મનોબળ તોડી નાખતા હતા,જેના કારણે ભાજપના નાનાથી માંડીને મોટા કાર્યકરો નાગરજી ઠાકોરથી નારાઝ જણાય છે,તેમ છતાંય ભાજપનું મોવડીમંડળ વર્ષોથી મહેનત કરતા કાર્યકર્તાઓને અવગણીને ફરીથી તેમને ટિકિટ ફાળવે તો ભાજપ માટે આ બેઠક ઉપર કપરા ચઢાણ ગણી શકાય,એના કરતા કોઈ શિક્ષિત અને સક્ષમ કાર્યકરને ટિકિટ મળે તો પક્ષ માટે ફાયદાકારક રહેશે.

### કોંગ્રેસને કાર્યકરોની નારાજગી નડી શકે છે

રાધનપુર વિધાનસભા બેઠક માટે કોંગ્રેસના કેટલાક અગ્રણીઓએ ઘણા સમયથી મહેનત શરૂ કરી દીધી હતી,મતદારોનો સીધો સંપર્ક પણ કરી ચુક્યા છે ત્યારે હવે કોંગ્રેસનું ગણિત બદલાતું નજર આવતું હોવાથી આવા સક્ષમ અને કાર્યદક્ષ કાર્યકરોની નારાજગી નડી શકે છે,આવા કાર્યકરો કા તો ચૂંટણીથી વિમુખ બની જાય અથવા તો અંદરખાને પક્ષને જ હરાવવાની કામગીરી કરી શકે છે.માટે કોંગ્રેસે જે કઈ નિર્ણય કરવો હશે તે તમામ અગ્રણીઓ અને કાર્યકરોને સાથે રાખીને કરવો પડશે.

# ડીસા સહિત જિલ્લામાં ફુલગુલાબી ઠંડીનો અહેસાસ

## શિયાળાની ઋતુનું ધીમા પગલે આગમન

ડીસા

સંવત ૨૦૭૪ ના વર્ષના પ્રારંભે શિયાળાની ઋતુના આગમનના સંકેત સાંપડી રહ્યા છે. ડીસા સહિત જિલ્લામાં ધીમા પગલે શિયાળાની શરૂઆત થવા જઈ રહી છે. જેથી તાપમાનમાં સામાન્ય વધઘટ સાથે ફુલગુલાબી ઠંડીનો વહેલી સવારે અને મોડી રાત્રે અનુભવ થઈ રહ્યો છે. વહેલી સવારે અને મોડી રાત્રે તાપમાનનો પારો નીચે રહેતા ઠંડીની અસર વર્તાઈ રહી છે. જેના કારણે લોકોને રાત્રે રજાઈ કે કંબલ ઓઢવાનો વારો આવ્યો છે. થોડા દિવસો અગાઉ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીએ પહોચી જતાં લોકોને ગરમીનો સામનો કરવો પડી રહ્યો હતો. પણ નૂતન વર્ષના પ્રારંભે શિયાળાની ઠંડીનો અહેસાસ થવા લાગતા તાપમાનનો પારો પણ ૩ ડિગ્રી જેટલો ઘટાડો થતાં દિવસે પણ સામાન્ય તડકાનો અનુભવ થઈ રહ્યો છે. જેથી ખેડુતો દ્વારા રવિ સીઝનના વાવેતરની પણ તૈયારીઓ શરૂ કરી દીધી છે. શિયાળામાં દિવસ ભળતા લોકો આખો દિવસ ખેતીકામ ઝડપથી કરી રહ્યા છે.

જિલ્લામાં તાપમાનમાં ઘટાડો થતાં ફુલગુલાબી ઠંડી સાથે શિયાળાનું સામ્રાજ્ય ધીરે ધીરે છવાઈ જવા જઈ રહ્યું છે. ત્યારે તેવા સમયે ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર થતાં રાજકીય રીતે ગરમાવો જોવા મળી રહ્યો છે.

# હવે નરેન્દ્ર પટેલની છ ઓડિયો કલીપ વાયરલ થતાં ખળભળાટ

અમદાવાદ

મહેસાણાના પાટીદાર નેતા નરેન્દ્ર પટેલની પાસના પૂર્વ નેતા અને તાજેતરમાં ભાજપમાં જોડાયેલા વરૂણ પટેલ સાથે વાતચીતની ઓડિયો કલીપ ગઈકાલે વાયરલ થયા બાદ આજે નરેન્દ્ર પટેલની વધુ છ ઓડિયો કલીપ વાયરલ થઈ છે, જેમાં આ વખતે કોંગ્રેસના નેતાઓ સાથે પૈસાની લેવડદેવડની વાતનો ઉલ્લેખ છે. આ ઓડિયોકલીપને લઈ ગુજરાતનું રાજકારણ ફરી ગરમાયું છે. એકબાજુ, નરેન્દ્ર પટેલે આ ઓડિયોકલીપમાં તેમનો અવાજ નહી હોવાનો સ્પષ્ટ ખુલાસો કર્યો છે અને સાથે સાથે એફએસએલમાં તપાસ કરાવવાનો પડકાર ફેંક્યો છે. તો બીજીબાજુ, ભાજપે આ પ્રકરણમાં કરેલા આક્ષેપોને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ વખોડી કાઢયા છે.

નરેન્દ્ર પટેલની આજે વાયરલ થયેલી છ ઓડિયો કલીપને લઈ ભાજપના નેતાઓ તરફથી કોંગ્રેસ અને નરેન્દ્ર પટેલ પર આક્ષેપોની ઝડીઓ વરસાવાઇ હતી તો, આ અંગે મહેસાણાના પાટીદાર નેતા નરેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આ ઓડિયો કલીપમાં મારો અવાજ જ નથી.

અનુસંધાન પાના નં.૬

#### જિનપિંગની બીજી અવધિની વિધિવત શરૂઆત

# યુદ્ધ માટે તૈયાર રહેવા ચીની સેનાને જિનપિંગનો અનુરોધ

બેજિંગ

ચીનના પ્રમુખ શી જિનપિંગે પોતાની પાંચ વર્ષની બીજી અવધિની શરૂઆત કરી દીધી છે. સી જિનપિંગે દુનિયાની સૌથી મોટી પોતાની સેનાને શાસક કોમ્યુનિસ્ટ પાર્ટી પ્રત્યે ઈમાનદાર રહેવા અને યુદ્ધ જીતવાના તરીકા પર ધ્યાન કેન્દ્રિત કરવા તૈયારી કરવા માટે સૂચન કર્યું છે. પાંચ વર્ષમાં એક વખત યોજાનાર કોમ્યુનિસ્ટ પાર્ટીની કોંગ્રેસમાં પાર્ટી, સેના અને પ્રેસિડેન્સી દ્વારા શીના નેતૃત્વને પસંદ કર્યું છે. ૬૭ વર્ષીય શીએ ગુરુવારના દિવસે જ પોતાની બીજી અવધિની શરૂઆત કરી દીધી હતી. પોતાની બીજી અવધિની શરૂઆતમાં જ શીએ સેનાના અધિકારીઓ સાથે મોટી બેઠક યોજી હતી. આ સપ્તાહમાં જ કોંગ્રેસમાં શીના સિદ્ધાંતોને બંધારણમાં સામેલ કરવાને મંજુરી આપી દેવામાં આવી હતી. આ દ્રષ્ટિથી તેઓ આધુનિક ચીનના સ્થાપક અધ્યક્ષ માઓ ત્સે તુંગ અને તેમના ઉત્તરાધિકારી ડેંગના સ્તર પર પહોંચનાર નેતા બની ગયા છે.

શીએ મહત્વપૂર્ણ બેઠક યોજીને જરૂરી સૂચનો કર્યા હતા. ચીનમાં દુનિયાની સૌથી મોટી સેનાને ત્યાંના શક્તિ આધાર પર મુખ્ય સોર્સ તરીકે ગણવામાં આવે છે. ચીનની સેના પર સંપૂર્ણ અંકુશ ધરાવનાર સેન્ટ્રલ મિલેટ્રી કમિશનના પ્રમુખ શી આ શક્તિશાળી પંચના એક માત્ર બિનસૈનિક નેતા છે. આ ઉપરાંત અન્ય પદાધિકારીઓમાં સશસ્ત્ર દળના વરિષ્ઠ ઓફિસરો છે. સીએમસીના નવા નેતૃત્વનો ખુલાસો બુધવારના દિવસે કરવામાં આવ્યો હતો જેનું નેતૃત્વ સાત લોકોના ગ્રુપ દ્વારા કરવામાં આવશે. તેમની નીચે ૧૧ સભ્યો રહેશે. છેલ્લા પાંચ વર્ષોમાં વ્યાપક ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન ચલાવીને પોતાની તાકાત વધારનાર પાર્ટીની સ્થાયી સમિતિના સભ્યોની સંખ્યા સાતથી ઘટાડીને પાંચ કરવા ઈચ્છુક છે. આ અભિયાનમાં ૧૦ લાખથી વધુ અધિકારીઓને દંડ કરાયા છે.

# જમ્મુ કાશ્મીર : સંપત્તિ નુકસાનની વસુલી દેખાવકારો પાસેથી કરાશે

નવી દિલ્હી

જમ્મુ કાશ્મીરમાં વારંવાર થઈ રહેલા વિરોધ અને હિંસક પ્રદર્શન વચ્ચે જાહેર સંપત્તિઓને ભારે નુકસાન થાય છે પરંતુ હવે સરકાર દેખાવકારોની સામે કઠોર હાથે કામ કરવા વિચારી રહી છે. જેના કારણે જાહેર સંપત્તિને નુકસાનને ટાળી શકાશે. જે લોકો સાર્વજનિક સંપત્તિને નુકસાન કરી રહ્યા છે તેમની સામે કેન્દ્ર સરકારે લાલ આંખ કરી છે. જમ્મુ અને કાશ્મીરના રાજ્યપાલ એનએન વ્હોરાએ રાજ્ય સરકારના એવા વટહુકમને મંજુરી આપી દીધી છે જે હેઠળ હડતાળ અથવા તો દેખાવ દરમિયાન જાહેર સંપત્તિને થયેલા નુકસાનની ભરપાઈ દેખાવકારો પાસેથી જ કરવામાં આવશે. એક અધિકારિક પ્રવક્તાએ કહ્યું છે કે, દેખાવકારો ઉપર દંડની સાથે સાથે પાંચ વર્ષની જેલની સજા પણ ફટકારવામાં આવશે. જમ્મુ અને કાશ્મીર પબ્લિક પ્રોપર્ટી ઓર્ડિનન્સ ૨૦૧૭ હેઠળ જાહેર સંપત્તિને નુકસાન સાથે સંબંધિત વર્તમાન કાયદામાં ફેરફાર કરવામાં આવી રહ્યા છે. આ વટહુકમ તાત્કાલિક ધોરણે અમલી કરવામાં આવશે. સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, વ્યક્તિ અને સંગઠનને નુકસાન પહોંચાડનાર ગતિવિધિઓને પણ રોકવામાં આવશે. પ્રવક્તાનું કહેવું છે કે, આ વટહુકમને બે હેતુથી લાવવાનો નિર્ણય કરાયો છે. પ્રથમ ઉદ્દેશ્ય એ છે કે, જાહેર અને ખાનગી સંપત્તિને નુકસાનથી રોકવામાં આવે. સાથે સાથે આવા અપરાધને અંજામ આપનાર લોકોને સીધીરીતે અપરાધી તરીકે ગણવામાં આવશે. બંધ, હડતાળ, દેખાવો અથવા તો કોઈપણ પ્રકારના વિરોધ પ્રદર્શન

અનુસંધાન પાના નં.૬

# બંને પક્ષ કલંક સમાન ખરીદ વેચાણના તમાશાઓ બંધ કરે

અમદાવાદ

ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો લોકશાહીને કલંકિત કરનાર ખરીદ વેચાણ સંઘના તમાશાઓ બંધ કરી પોતપોતાની પાર્ટીઓના મુખ્યમંત્રીપદના ઉમેદવારોના નામો જાહેર કરવાની હિંમત કરી બતાવે એમ જન વિકલ્પ મોરચાના પ્રવકતા પાર્થેશ પટેલે જણાવ્યું હતું. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, ૧૯૯૬-૯૭માં રાજપા સરકાર સમયે પ્રજા કલ્યાણના કાર્યોને પ્રાધાન્ય આપનાર પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં જન વિકલ્પ મોરચાના કેપ્ટન રહેશે અને તેમના વડપણ હેઠળ મોરચો ગુજરાતની ચૂંટણી લડશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધીના સહારે ગુજરાતની ચૂંટણી જીતવા નીકળેલી બંને પાર્ટીઓ તાત્કાલિક પોતાના કેપ્ટન નક્કી કરી ગુજરાતની જનતા સમક્ષ જાહેર કરે કે, આવનારા ભવિષ્યમાં તેઓ કોને ગુજરાત રાજયના મુખ્યમંત્રી બનાવવા માંગે છે. બંને પક્ષો એ પણ સ્પષ્ટ કરે થે, આવનારા સમયમાં તેમના મુખ્યમંત્રી પદના ઉમેદવાર દિલ્હીના હાઈકમાન્ડની કઠપૂતળી નહી હોય. તેમણે ભાજપ અને કોંગ્રેસ પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, રાજયમાં વર્ષોથી કુશાસન, ભ્રષ્ટ શાસન આપનાર ભાજપ-કોંગ્રેસ એ બંને પક્ષોએ સત્તા ટકાવી રાખવા અને સત્તાની લાલચમાં માત્ર ચૂંટણીલક્ષી હોર્સ ટ્રેડીંગ ચાલુ કર્યું છે, જે દેશની લોકશાહી અને ગુજરાતની સમાજ વ્યવસ્થા માટે ઘાતક છે. જન વિકલ્પ મોરચાએ ચૂંટણી જંગમાં ઝંપલાવતાં બાપુના ડર અને હારની હતાશા-નિરાશાથી રઘવાયા થઈ ભાજપ-કોંગ્રેસ રાજયમાં સામાજિક એકતા ડહોળવાનું કાર્ય કરી રહ્યા છે. સંવેદનશીલતા, નિર્ણાયકતા, ગતિશીલતા અને પારદર્શકતાને વરેલા શંકરસિંહ વાઘેલાને આવનારા સમયમાં ગુજરાતની પ્રજા ફરી એકવાર ટનાટન સરકારના સત્તાના સૂત્રો સોંપશે એમ પ્રવકતા પાર્થેશ પટેલે ઉમેર્યુ હતું.

# સા રે ગા મા પા લિ'લ ચેમ્પ્સ ફાઈનાલિસ્ટસ ઝી ટીવીના લોકપ્રિય એકટર્સ સાથે પોતાની 'આખરી ચુનૌતી' માટે ટીમ બનાવે છે



ઝી ટીવીનો લોકપ્રિય મ્યુઝિક રિઆલિટી શો, સા રે ગ મા પા લિ'લ ચેમ્પ્સ આ અઠવાડિયે પોતાના અંતિમ પડાવ પર પહોંચી રહેલ છે. ફાઈનાલિસ્ટસ છેવટના ફેસ–ઓફ માટે તૈયાર થઈ રહ્યાં છે, ત્યારે એક સ્પેશ્યલ પ્રી–ફિનાલે લે ઈનોવેશન લોકપ્રિય ફિક્શન અને નોન–ફિક્શન પ્રતિભાને મનોરંજક મહાસંગ્રામ એપિસોડ માટે સાથે લાવશે. આ સ્પેશ્યલ એપિસોડ સા રે ગ મા પા લિ'લ ચેમ્પ્સ ફાઈનાલિસ્ટસ તથા લોકપ્રિય ઝી ટીવી કલાકારોને 'આખરી ચુનૌતી' માટે એક સાથે જોશે. લિ'લ ચેમ્પ્સ ફાઈનાલિસ્ટસ શ્રેયાન ભટ્ટાચાર્ય, વૈશ્ણવ ગિરિશ, અંજલી ગાયકવાડ, સન્મુખપ્રિયા, સોનાક્ષી કર અને ધ્રૂન ટીકૂ સાથે પડદા પર આવનાર લોકપ્રિય ઝી ટીવી એક્ટર્સ જ્યોતિ શર્મા (ઐસી દીવાનગીમાં તેજસ્વિની), વિન રાણા (કુમકુમ ભાગ્યમાં પૂરબ), કિરણ દીપ શર્મા (ઝિંદગી કી મહેકમાં કાન્તા), પારુલ ચૌધરી (પિયા અલબેલામાં નિલિમા), માનસી સાલવી (વો અપના સા માં નિશા), કિન્શુક મહાજન (ભૂતુમાં આરવ) અને સુદીપ સાહીર (વો અપના સામાં અર્જુન) હશે. મહાસંગ્રામના ભાગ રૂપે, દરેક એક્ટર એક ક્લૂ સોલ્વ કરવા માટે એક ફાઈનાલિસ્ટ સાથે ટીમ બનાવશે જે તેઓને ફિનાલેની એક ડગલું વધુ નજીક લઈ જશે. ઝી ટીવીના ચહેતા જમાઈ રાજા રાજા, અભિનેતા રવિ દૂબે એક અલ્ટીમેટ હીરોની ભજવણી કરતાં જોવા મળશે જે ટેલિવિઝનની પ્રિય પરાગ ત્યાગી દ્વારા બિછાવવામાં આવેલ ઘણી બધી ચાલો અને યુક્તિઅનો સામનો કરવા બાળકોને મદદ કરતાં જોવા મળશે. ભયંકર બ્રહ્મરાક્ષસ સા રે ગા મા પા લિ'લ ચેમ્પ્સ ફિનાલેનો નાશ કરવાના પ્રયાસો કરશે.શું રવિ પરાગના દુષ્ટ ઈરાદાઓમાંથી બાળકોને બચાવવા તથા લિ'લ ચેમ્પ્સને તેઓના ગ્રાન્ડ ફિનાલે સુધી પહોંચવામાં મદદ કરવા શકય બનશે કે કેમ?વધુ જાણવા માટે, જોડાયેલા રહો લિ'લ ચેમ્પ્સ-'આખરી– ચુનૌતી, ૨૮મી ઓકટોબર, ૨૦૧૭ના રોજ રાત્રે ૯ કલાકે ફક્ત ઝી ટીવી પર!

# કલર્સ પર જલ્દી નિહાળો એન્ટરટેઈનમેન્ટ કી રાત



પોતાના દર્શકોના મનોરંજન માટે કલર્સ ટીવી દરેક વખતે કાંઈક નવું લઈને આવે છે. આ કડીમાં તેઓ પોતાના દર્શકો માટે લઈને આવ્યા છે, એન્ટર ટેઈનમેન્ટની રાત.ખૂબ વધારે મસ્તીથી ભરેલા આ શોમાં ઘણાં જાણીતા સિતારાઓ નજર આવશે.સુંદર અવાજની મલ્લિકા આર જે મલિષ્કા, એમ ટીવી રોડીઝના જાણીતા હોસ્ટ રઘુ-રામ,સ્ટેન્ડ અપ કોમેડિયન મુબીન સૌદાગરની સાથે કલર્સ ટીવીના રીયાલિટી શો ખતરોં કે ખિલાડીમાં સેકંડ રનરઅપ રહેલ રવિ દૂબે આમાં એન્ટરટેઈનમેન્ટનો તડકો લગાવશે.આના સિવાય એક્ટર-સિંગર અને ઘણાં શોના હોસ્ટ રહેલ આદિત્ય નારાયણ, કલર્સ ટીવીના શો સસુરાલ સિમર કામાં સિમરની ભૂમિકામાં નજર આવેલ દીપિકા કક્કડ તથા બલરાજ સિયાલ, દિવ્યાંશ, કાવ્યા, કિયાન પણ નજર આવશે. એન્ટરટેઈનમેન્ટ કી રાતના પહેલા મહેમાન હશે પ્રખ્યાત ક્રિકેટર હરભજન સિંહ.બોલને સ્પિન કરાવવામાં નિષ્ણાંત ભજ્જીએ શોમાં પોતાનો અંદાજ નાખ્યો.આ શોના પહેલા મહેમાનના રૂપ માં આવેલ ભજ્જીએ આમાં પોતાના વનલાઈનર્સને જોડીને તેને ખૂબ રસપ્રદ બનાવી દીધો. આ મનોરંજનથી ભરેલા શોને જલ્દી નિહાળો કલર્સ ચેનલ પર.


# કોણ બનશે ધારાસભ્ય... ફેંસલો તમારા હાથમાં...

**વિધાનસભાની ચૂંટણીના ભણકાર સંભળાઈ રહ્યા છે, ત્યારે રાજકીય પક્ષોએ સંમેલનો અને યાત્રાઓ દ્વારા પ્રચારના શ્રી ગણેશ કરી દીધા છે. ફરી એકવાર વાયદા અને વચનોની રસલ્હાણ કરાઈ રહી છે પરંતુ તેમાં ભરમાવાને બદલે એક જાગૃત મતદાર તરીકે લાયક ઉમેદવારની પસંદગી સૌની ફરજ બની જાય છે. ત્યારે પંથકનો વિકાસ કરી શકે તેવા સક્ષમ ઉમેદવારની પસંદગી થાય તે હેતુથી 'રખેવાળ' દ્વારા આપનો મત જાણવાનો એક પ્રયત્ન કર્યો છે. પક્ષાપક્ષીથી પર રહી આપ આપનો અભિપ્રાય નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખી ફોર્મ ભરીને 'કોણ બનશે ધારાસભ્ય... ફેસલો આપણા હાથમાં' લખી અમારા નજીકના પ્રતિનિધિને અથવા રખેવાળ કાર્યલય કે ફોર્મના ફોટા પાડી અમારા વોટસઅપ નંબર ૯૮૨૪૫૦૨૧૦૨ ઉપર મોકલી આપશો.**

નામ : ________________ ઉંમર ________

સરનામું : ________________ ગામ ________

વ્યવસાય : ________________

**તમારે માત્ર દરેક પ્રશ્નના ત્રણ વિકલ્પોમાંથી કોઈપણ એક વિકલ્પ સામે આપેલા બોક્ષમાં ખરાનું નિશાન કરવું અથવા તમારો વ્યક્તિગત અભિપ્રાય આપવા માટે ચોથા વિકલ્પમાં લખવું તમારૂં નામ ગુપ્ત રાખવામાં આવશે.**

**(૧) તમે વિધાનસભામાં કેવો ઉમેદવાર પસંદ કરશો ?**
અ. શિક્ષિત અને સર્વ લોકોને સાથે રાખીને ચાલે તેવા ? ☐
બ. સ્થાનિક ☐
ક. તમારા મત વિસ્તારની દરેક સમસ્યાનો ઉકેલ લાવે તેવા? ☐
ડ. ..............................

**(૨) તમારા વર્તમાન ધારાસભ્યને મત આપવા કે ન આપવાના કારણો ?**
અ. મત વિસ્તારના વિકાસમાં સક્રિય છે ? ☐
બ. વિધાન સભામાં પ્રશ્નોની રજુઆત કરી છે ? ☐
ક. અમારા મત વિસ્તારના કામો કરવામાં ઉણા ઉતર્યા છે ? ☐
ડ. ..............................

**(૩) તમારા વિસ્તારના ભાવિ ઉમેદવાર પાસેથી શું અપેક્ષા છે ?**
અ.તમારા વિસ્તારની સમસ્યાઓનો ઉકેલ ? ☐
બ. તમારા વિસ્તારનો સર્વાંગી વિકાસ કરે. ☐
ક. ભ્રષ્ટાચારનો અંત લાવવા પ્રયત્ન કરે ? ☐
ડ. ..............................

**(૪) તમારો ઉમેદવાર આપેલ વચનો ન પાળે તો ?**
અ. તેને પાછા બોલાવવા મતદારોને અધિકાર હોવો જોઈએ? ☐
બ. તેના પર ફરી ચૂંટણી લડવાનો પ્રતિબંધ મુકવો જોઈએ ? ☐
ક. તેની સામે છેતરપિંડીનો ગુન્હો નોંધાવો જોઈએ ? ☐
ડ. ..............................

**(૫) તમારા પસંદગીના ઉમેદવારો પક્ષના નામ સાથે ?**

| પક્ષ - કોંગ્રેસ | પક્ષ ભાજપ |
|---|---|
| (૧)...................... | (૧)...................... |
| (૨)...................... | (૨)...................... |
| (૩)...................... | (૩)...................... |
| (૪)...................... | (૪)...................... |
| (૫)...................... | (૫)...................... |

**અમારો આ સર્વે કોઈ પણ રાજકીય પક્ષ, વિચારધારા અથવા વ્યક્તિગત રીતે સીધા અથવા પરોક્ષ રીતે જોડાયેલો નથી. આ સર્વેની કવાયત માત્ર મતદારોના અભિપ્રાય જાણવા પુરતા જ છે. તેનાથી કોઈ પક્ષ કે વ્યક્તિને નિશાન બનાવવાનો આશય નથી.**

# ડીસા ખાતે જલારામ જયંતિ નિમિત્તે ૩૦ મી શોભાયાત્રા નીકળી

## રક્તદાન કેમ્પનું આયોજન કરાયું



ડીસા

ડીસા ખાતે જલારામ જયંતીના પવિત્ર અવસર નિમિત્તે શુક્રવારે શહેરના મુખ્ય માર્ગો પર શોભાયાત્રા નીકળી હતી. બીજી તરફ શુક્રવારે જલારામ મંદિર ખાતે જલારામ બાપાના દર્શનાર્થે ભક્તોની ભારે ભીડ જામતા મંદિર ભક્તોથી છલકાઈ ઉઠ્યું હતું.

શુક્રવારે જલારામ બાપની ૨૧૮મી જન્મ જયંતીના પાવન દિવસે ડીસાના જલારામ મંદિર ખાતે વહેલી સવારથીજ ભક્તોની ભીડ જામી હતી .જેથી મંદિર બાપાના જય ઘોષ સાથે ગુંજી ઉઠ્યું હતું. એક તરફ આ પાવન પ્રસંગે સંતવાણીનું આયોજન કરાયું હતું તો બીજી તરફ દર વર્ષની જેમ આ વર્ષે પણ બપોરે બાપાની ૩૦મી શોભાયાત્રા નીકળી હતી. આ શોભાયાત્રા જલારામ મંદિરેથી નીકળી બગીચા વિસ્તાર, કચ્છી કોલોની વિસ્તાર, એસ.સી.ડબ્લ્યુ વિસ્તાર સહિતના અનેક જાહેર માર્ગો પર ફરતા લોકોએ દર્શનનો લાભ લીધો હતો. જલારામ જયંતીના પાવન દિવસે ઠક્કર સમાજના અગ્રણીઓ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ રક્તદાન કેમ્પનું આયોજન કર્યું હતું.જેમાં ૨૫ જેટલી રક્તની બોટલો એકત્ર કરવામાં આવી હતી. અને આ પાવન દિવસે ભોજન પ્રસાદનું આયોજન કરતા હજારો શ્રદ્ધાળુઓએ દર્શન તથા ભોજન પ્રસાદ તથા સંતવાણીનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# પાલનપુર તાલુકા પોલીસે દારૂની હેરાફેરી કરતા બે ઈસમો પકડ્યા



સંજય જોષી

પાલનપુર

બનાસકાંઠા પોલીસ અધિક્ષક નિરજકુમાર બડગુજરની સુચના તથા પાલનપુર વિભાગીય નાયબ પોલીસ અધિક્ષક એ.આર. ઝનકાંતના માર્ગદર્શન હેઠળ પાલનપુર તાલુકા પોલીસ મથકના પી.એસ.આઈ. એ. વાય.પટેલ તથા અ.પોકો વિનોદભાઈ ઓખાભાઈ તથા અ.પો.કો. ઘેમરભાઈ હેમરાજભાઈ તેમજ પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતા. દરમ્યાન બાતમી હકીકત આધારે મલાણા વરવાડીયા ચાર રસ્તા પાસે નાકાબંધી કરી પલ્સર બાઈક (નં.- જીજે-૧૮-એજે-૮૫૬૫) ના ચાલકો પાસેથી એ.સી. સેક વીસ્કી બોટલ નંગ-૪૮ કિં.રૂા. ૯૬૦૦/-તથા મોટર સાયકલની કિં. રૂા. ૨૫૦૦૦/- સાથે આરોપી વકીલસિંગ ભોપાળસિંગ ડાભી તથા કિસ્મતસિંહ લિલવરસિંહ ડાભી (બંને રહે. ડાભેલા તા. અમીરગઢ) ની અટકાયત કરી તેમના વિરૂધ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

# ટોલનાકાનો અતિરેકઃ એસ.ટી. બસ સેવાથી વંચિત ગામડાની પ્રજા ક્યાં ફરિયાદ કરે??

તા.પ્રતિનિધિ થરા

ગુજરાત વિધાનસભા -૨૦૧૭ ની ચૂંટણીની જાહેરાત થતાં જ ચૂંટણીનો ચક્રવ્યૂહ શરૂ થવો દોઢ મહિના જેટલો સમય બસ ચૂંટણીલક્ષી અલક- મલકની વાતોમાં ચોરે ને ચૌટે પસાર થશે. પરિવાર પ્રસંગોની જેમ ચૂંટણીમાં યે રીસામણાં મનાંમણા શરૂ થશે. ક્યાંક ટીકીટ ન મળ્યાનો અફસોસ તો ક્યાંક ટીકીટ મળ્યાનો આનંદ આ બધા વચ્ચે આજકાલ સોશિયલ મીડીયામાં અવનવી કોમેન્ટ- સાચા- ખોટા સમાચારો શરૂ થયા છે. ચૂંટણીપંચની બાજ નજર વચ્ચે ''દારૂબંધી'' નું વલણ કેવું રહેશે એ પણ ચર્ચાનો વિષય - સાંજ ઢળે ને ખાડુ વળે તેમ મદિરાપાનનું મહત્વ પણ વધુ છે. કોઈપણ ગામડાની મુલાકાત લઈને સંધ્યા- સૂર્યોદય સમયે કોઈ ચોક્કસ વ્યક્તિનું ટોળું આવન- જાવન કરતાં જોવા મળે તો ત્યાં મદિરાપાનનું મથક જોવા મળે ચૂંટણીપંચ આ બાબતે કડકાઈ બતાવવા જણાવ્યું છે પણ... આ પણ તો જવાબ તો કોણ આપી શકે...?? ચૂંટણી ચક્રવ્યૂહ ચાલુ થતાં જ બનાસકાંઠા જિલ્લાના વાચક વર્ગમાં સતત તાલાવેલી એક જ પ્રકારની રહેતી હોય છે કે, અમારા વિસ્તારમાં કેવું છે? બનાસકાંઠા જિલ્લો સામાજીક- શૈક્ષણિક પછાત વિકાસથી લગભગ વંચિત... સામખીયારીથી બનાસકાંઠાના છેવાડાના સીમાડા સુધી પાંચથી છ ટોલનાકામાં પ્રજા રીબાઈ રહી છે. ગામડા એસ.ટી. બસ સેવા જેવી સામાન્ય સુવિધાથી વંચિત છે. બુલેટ- મેટ્રોની વાતોમાં ગામડાની પ્રજાનું શું..? ચૂંટણી ટાણે પ્રજા ઉભરા કાઢે છે.દરેક ટોલનાકા દિઠ મુસાફરો પાસેથી પાંચ રૂપિયા ભાડા ઉપરાંત ઉઘરાવાય છે. કોણ સમજે પ્રજાની મુશ્કેલી.. લાલ- લીલી- સફેદ બસના નામે પ્રજા લૂંટાય છે.. ગતિ અને સ્થિતિ એસ.ટી. બસમાં મુસાફરી કરીને જુઓ તો ખરા? લોકશાહીનું પર્વ ''ચૂંટણી'' આવી છે ત્યારે પ્રજાના હૃદય નો અવાજ તો સાંભળી પાંચ વર્ષમાં કંઈક કરો.. ગ્રામ પંચાયતથી માંડીને પાલિકા- મહા પાલિકાના ચૂંટાયેલા સભ્યોની ખરેખર જવાબદારી શું? ધારાસભ્ય- સંસદ સભ્ય પ્રજા વિસ્તાર માટે પાંચ વર્ષમાં શું કરે છે? ક્યારેક હિસાબ આપ્યો છે ખરો? ચૂંટણી આવે એટલે જ પ્રજાને વિસ્તારની વાતો સાંભળવા મળશે. બાકી તો??

**ચૂંટણી પંચની દારૂબંધી પરંતુ અમલીકરણનું શું?**

કારણ વગરનું રાજકારણ
ચૂંટણી ચક્રવ્યૂહ
૨૦૧૭

યશપાલસિંહ ટી.વાઘેલા

## પાલનપુર બાળ રિમાન્ડ હોમમાં

# પરિવારથી વિખુટા પડેલા ૩ બાળકો જોઈ રહ્યા છે નવી જિંદગીની રાહ



સંજય જોષી

પાલનપુર

બનાસકાંઠા જીલ્લામાં વર્ષો પહેલા વિખુટા પડેલા ત્રણ બાળકો હાલમાં પાલનપુર આબુહાઈવે પર હનુમાન ટેકરી નજીક આવેલ ચિલ્ડ્રનહોમમાં આશરો લઈ રહ્યા છે. જેઓ નવી જિંદગીની આશ લગાવી બેઠા છે.

પાલનપુર ના બાળ રિમાન્ડ હોમ મા વિખુટા પડેલા વિક્રમ, અરવિંદ અને ધર્મજી નામના ૩ બાળકો નાની વયે કોઈ કારણોસર પરિવારથી અલગ પડ્યા હતા. ૧૨ વર્ષનો અરવિંદ વિશાખાપટ્ટનમ માં રહેતો હતો તે અંગ્રેજી, હિન્દી અને તમિલ ભાષાનો પણ જાણકાર છે. ત્યારે ૮ વર્ષનો ધર્માજી મહેસાણાથી અને ચાર વર્ષનો વિક્રમ અમદાવાદથી મળી આવતા તેમને પાલનપુર ચિલ્ડ્રનહોમમાં મોકલવામાં આવ્યા હતા. માસુમ બાળકો ને તેમના પરિવારને મળવા માટે ખુબજ ઉત્સુક છે. ચિલ્ડ્રનહોમ દ્વારા વારસદારોની શોધખોળ આદરી હતી. પરંતુ હજુસુધી કોઈ જાણકારી મળી નથી.

ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના ચેરમેન સુભાષભાઈ સોનેરી એ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતુંકે, આ ત્રણેય બાળકો બનાસકાંઠા છે. તેમના પરિવાર સુધી પહોંચવા માટે પ્રયત્ન પણ કરવામાં આવ્યા છે. પરંતુ હજુ સુધી કોઈ જાણકારી પ્રાપ્ત થઈ નથી.

નાની વયે નિરાધાર બનેલા આ બાળકો ને ભીખ માગવાનો વારો આવ્યો હતો. જોકે ત્રસ્ત બાળકો આ જંજાળ મા થી છૂટી અને એક નવા જીવન તરફ જઈ રહ્યા છે. ત્યારે અત્યારે તો આ બાળકો માતા પિતા અને આશરા ની રાહ જોઈ રહ્યા છે. અત્યારે તો આ બાળકો બાળ રિમાન્ડ હોમ મા નવી જિંદગી ની રાહ જોઈ રહ્યા છે.

# ડીસા- ભીલડી હાઈવે પર આઈસર અને બાઈક ટકરાયા

## બાઈક સવાર બે યુવાનો ગંભીર હદે ઘાયલ



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ડીસા - ભીલડી રોડ પર માલગઢના પાટીયા નજીક ગતરોજ સાંજના સુમારે આઈસર ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત થતાં બાઈક સવાર બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થવા પામી હતી.

આ અંગેની મળતી વિગતો પ્રમાણે સાંજના સુમારે ડીસાથી ભીલડી તરફ જઈ રહેલ બજાજ પલ્સર બાઈક સામેથી રોંગસાઈડમાં ડીસા તરફ જઈ રહેલ અઈસર (નંબર જીજે૦૯ વી૯૦૬૮) ના ચાલકે બાઈકને ટક્કર મારતા બાઈક સવાર બે વ્યક્તિઓ રોડની સાઈડમાં ફંગોળાઈ જતા ગંભીર ઈજાઓ થતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે નવુ બજાજ પલ્સર બાઈકનું આગળનું વ્હીલ છુટુ થઈ આઈસર ટ્રક નીચે આવી ગયું હતું. પણ સદનસીબે બન્ને બાઈક સવારનો આબાદ બચાવ થવા પામ્યો છે. મોડેથી મળતી વિગતો પ્રમાણે બાઈક સવાર ભાભર તાલુકાના સુથાર નેસડીના પ્રજાપતિ સમાજના વ્યક્તિઓ હોવાનું જાણવા મળ્યું છે.

**ડીસા ભીલડી રોડ પર રોંગસાઈડે ચાલતા વાહનો જોખમી**

ડીસાના ચાર રસ્તાથી માલગઢ, ફુંપટ અને વડાવળ સુધી રોડ સાઈડે ચાલતા વાહનોથી અનેકવખત અકસ્માતના બનાવો બની રહ્યાં છે. જેમાં ખાસ કરીને સાંજના સુમારે રોંગ સાઈડે આવતા વાહનો મોટી સંખ્યામાં આવે છે. ત્યારે આવા રોંગ સાઈડે ચાલતા વાહનો સામે હાઈવે ઓથોરીટી રોક લગાવે તે અત્યંત જરૂરી છે.

# શિહોરી પોસ્ટેના ગુનામાં છેલ્લા ૩ વર્ષથી નાસતા ફરતા આરોપી ઝડપાયા



પાલનપુર

બનાસકાંઠા પોલીસ અધિક્ષક નીરજ કુમાર બડગુજર જિલ્લામાં ચુંટણીલક્ષી કામગીરી કરવા સારૂ અલગ અલગ ટીમો બનાવી નાસતા ફરતા આરોપીઓ તેમજ પ્રોહી બુટલુગરો ઉપર વોચ રાખી કાયદેસરની કાર્યવાહી કરવા કડક અમલવારી કરવા સૂચના કરતા જે એચ સિંધવ I/C પોલીસ ઈન્સ્પેકટર એલસીબીના તથા પેરોલ સ્કોડ ના પો.સ.ઇ. બી.આર.પટેલ સ્ટાફના ખુમાજી, કિરણસિંહ, ગોવિદભાઈ, રાજેશભાઈ તથા એલ.સી.બી. સ્ટાફના નરેશભાઈ, જયપાલસિંહ, દિગ્વિજયસિંહ ની ટીમે શિહોરી પોસ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન બાતમી હકીકત આધારે ૧.ભુપતજી ધારસીજી ઠાકોર રહે.સમૌ મોટા તા.ડીસા ૨.રવુંજી જસવતજી જાદવ રહે.ધારીસના, તા.ડીસા વાળા શિહોરી પોસ્ટે ફસ્ટ ગુરન- ૩૧ /૧૫ આઈ.પી.સી. કલમ ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ ના કામના ઉપરોક્ત બન્ને આરોપી ને આજરોજ પકડી અટક કરી શિહોરી પોસ્ટે સોંપવામાં આવેલ છે.

# સરકારી આઈ.ટી.આઈ. દાંતીવાડા ખાતે જીએસટી એકાઉન્ટ આસીસ્ટન્ટનો ટુંકા ગાળાનો કોર્સ શરૂ થશે

પાલનપુર

પ્રિન્સીપાલ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં દાંતીવાડા દ્વારા અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે, અત્રેની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) માં જીએસટી એકાઉન્ટ આસીસ્ટન્ટનો ટૂં- કાગાળાનો ૧૦૦ કલાકનો કોર્સ ટુંક સમયમાં શરૂ કરવામાં આવનાર છે. જેમાં પ્રવેશની લાયકાત કોમર્સ, હાયર ઓડીટીંગ, બીઝનેસ એડમિનીસ્ટ્રેસશન, બીઝનેસ, મેનેજમેન્ટવ, લો અથવા બેન્કી ગમાં સ્નાતક, અથવા અનુસ્નાતક અથવા તેમની સમકક્ષ પરીક્ષાની ડિગ્રી છે. આ લાયકાત ધરાવતા ઉમેદવારોને પ્રવેશ ફોર્મ ભરવા માટે કામકાજના ચાલુ દિવસોએ અત્રેની આઈ.ટી.આઈ.નો સંપર્ક કરવા જણાવાયું છે.

# ભીલડીથી સોયલા ફાટકે પુલ મુકવા મુદ્દે પ્રતિક ઉપવાસ



કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

ડીસા તાલુકાના નવી ભીલડી જંકશનથી બાજુમાં આવેલ ભીલડી- સોયલા રેલ્વે ફાટક પર પુલ બનાવવાની માંગણી સાથે ડીસા તાલુકા બલોધરના વતની અને આપ પાર્ટીના કાર્યકર મગનભાઈ દેસાઈ (વકીલ) એ શુક્રવારના રોજ રેલ્વેતંત્ર ને આવેદનપત્ર આપીને સવારે ૮-૦૦ વાગ્યાથી પ્રતિક ઉપવાસ ઉપર બેઠા હતા. આવેદનપત્રમાં જણાવ્યું છે કે ભીલડી સોયલા રેલ્વે ફાટક નં. ૪૩ પર દિઓદર તેમજ લાખણી તાલુકાના ભીલડી પંથકના ગામડાઓનો સંપર્ક જોડાયેલા હોઈ આ રોડ ઉપર વાહનોનો સતત ઘસારો વધુ પ્રમાણમાં રહે છે. કેટલીકવાર આ રેલ્વે ફાટક ૩૦ થી ૪૫ મિનિટ સુધી બંધ રહેતી હોવાથી અવારનવાર મુશ્કેલી પડે છે અને કોઈ ગંભીર બિમાર માણસોને દવાખાને જવા માટે મુશ્કેલી પડે છે. તેમણે આ અંગે અનેકવાર રેલ્વેમંત્રી તેમજ વડાપ્રધાન તેમજ રાજ્યના મુખ્યમંત્રીને તેમજ રેલ્વે ડી.આર.એમ. (અમદાવાદ) ને પણ લેખિત રજુઆતો કરેલ છે. તેમ છતાં નિરાકરણ ન આવતા અચાનક ઉપપવાસ ઉપર ઉતરતા રેલ્વેના ઈન્ચાર્જ સી.પી.આઈ. પી.એસ. ગોસ્વામીને સમજાવટથી મગનભાઈ દેસાઈએ તેમની પ્રતિક ઉપવાસ સમેટી લીધા હતા. પરંતુ ચૂંટણીના સમયે આંદોલન થતા સરકારી તંત્ર તેમજ રેલ્વે તંત્ર દોડતું થયું હતું.

# શિહોરીમાં ૨૧૮ મી જલારામ જયંતિની ઉજવણી



વિજય સિલ્વા

પ્રતિનિધિ શિહોરી

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરીમાં પૂજ્ય જલારામ બાપાની ૨૧૮ મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ઠક્કર સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. જલારામ જયંતિ નિમિત્તે શિહોરી લોહાણા વાડીથી ભવ્ય શોભાયાત્રા બેન્ડવાજા સાથે નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા આ શોભાયાત્રા શિહોરીના માર્ગો ઉપર ફરી પરત નિજ મંદિરે આવી હતી.

# દીઓદર ખાતે જલારામ જયંતિની ભવ્ય ઉજવણી



અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર ખાતે તા.૨૭-૧૦-૨૦૧૭ને શુક્રવારના રોજ ૨૧૮મી જલારામ જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ. વહેલી સવારે લોહાણા પરિવારજનો દીઓદર જલારામ પાર્ક મધ્યે આવેલ નૂતન વાડી ખાતે એકઠા થયેલ.ત્યારબાદ જલારામ સોસાયટી ખાતે સવારે તેમજ સાંજે જલારામ બાપાનું પુજન અને આરતી યોજાયેલ. તેમજ બપોર-સાંજ જમણવાર યોજાયેલ. જેમાં બપોરના જમણનો લાભ તેમજ શોભા યાત્રામાં મેઈન બગીનો લાભ બ્રિજેશકુમાર દશરથલાલ ઠક્કર પરીવારે લીધેલ તેમજ સાંજના જમણનો લાભ રાજદે હસમુખલાલ પ્રભુરામ પરિવારે લીધેલ.બપોરે દીઓદરના રાજમાર્ગો ઉપર જલારામ બાપાની ભવ્ય શોભાયાત્રા નીકળેલ જેમાં મોટી સંખ્યામાં સૌ પરિવારજનો જોડાયેલ. શોભાયાત્રામાં વિવિધ વેશભુષામાં સજ્જ કાર્ટુનો સૌનું આકર્ષણનું કેન્દ્ર બનેલ.રાત્રે ડાયરાની રમઝટ જામેલ જેમાં નામાંકીત કલાકારોએ ભજન સંગીત તેમજ હાસ્યની રમઝટ જમાવેલ.સૌએ ધામધૂમ પૂર્વક જલારામ બાપાની જયંતિની ભવ્ય ઉજવણી કરેલ.આ કાર્યક્રમને સફળ બનાવવા જલારામ યુવક મંડળના પ્રમુખ ઘનશ્યામભાઈ ઠક્કર, ઉપપ્રમુખ, નરેશભાઈ ઠક્કર, મંત્રી, ભાવેશકુમાર ઠક્કર, સહમંત્રી, યોગેશભાઈ ઠક્કર, ખજાનચી, હિરેન પુજારા સહીત મંડળના સભ્યોએ ભારે જહેમત ઉઠાવેલ.

## જિલ્લામાં આચરસંહિતાના અમલીકરણ માટે

# લાયઝન અધિકારી તરીકે જી.ગ્રામ.વિ. એજન્સીના નિયામકની નિયુક્તિ

પાલનપુર

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી -૨૦૧૭ અન્વયે ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા તા. ૨૫/૧૦/૨૦૧૭ ના રોજ જાહેરાત કરાતાં ત્યારથી આચારસંહિતા અમલમાં આવી છે. બનાસકાંઠા જિલ્લામાં આચારસંહિતાના અમલીકરણ માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર બનાસકાંઠા દ્વારા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક, બનાસકાંઠાને લાયઝન અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આચારસંહિતાને લગતી રજુઆતો બાબતે તેઓનો સંપર્ક કરવા જણાવાયું છે. તેઓની કચેરીનો ફોન નંબર ૦૨૭૪૨ - ૨૬૦૪૦૪, ૨૬૦૪૦૨, ૨૫૧૬૦૬, ૨૬૦૦૦૩ તથા ફેક્સ નંબર ૦૨૭૪૨-૨૫૩૮૫૦ છે. જેની નોંધ લેવા તમામને જણાવાયું છે.

## રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા

# રાજ્યની બાવીસ ન.પા.ઓ તથા બે તા.પં.ના વોર્ડ રચના : સિમાંકન તથા બેઠક ફાળવણીના આદેશ

ગાંધીનગર

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યના છ જિલ્લાની બાવીસ નગરપાલિકાઓ તથા બે તાલુકા પંચાયતોના વોર્ડની રચના, સિમાંકન તથા બેઠક ફાળવણીના આખરી આદેશ પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. એમ સચિવ, રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જણાવાયું છે.

આયોગ દ્વારા વધુમાં જણાવાયું છે કે, આખરી આદેશો સંબંધિત નગરપાલિકાઓ તથા તાલુકા પંચાયતો ખાતેથી રૂબરૂમાં જોઈ શકાશે. આખરી આદેશો કરાયા છે. તેમાં ભાવનગર જિલ્લાની શિહોર, તળાજા અને ગારિયાધાર નગરપાલિકાઓ, ખેડા જિલ્લાની ખેડા, ડાકોર, મહુધા, મહેમદાવાદ અને ચકલાસી નગરપાલિકા તથા કઠલાલ અને કપડવંજ તાલુકા પંચાયતો, દાહોદ જિલ્લાની દેવગઢબારિયા અને ઝાલોદ નગરપાલિકા, મહેસાણા જિલ્લાની વડનગર અને ખેરાલુ નગરપાલિકા, અમરેલી જિલ્લાની રાજુલા નગરપાલિકા, પોરબંદર જિલ્લાની કુતિયાણા, છાયા, રાણાવાવ, ચલાલા, લાઠી, જાફરાબાદ અને દેવભૂમિદ્વારકા જિલ્લાની સલાયા, ભાણવડ અને દ્વારકા નગરપાલીકાનો સમાવેશ થાય છે.

# રાહુલની મુલાકાતને લઇ ૨૯મીએ બેઠક

અમદાવાદ

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી આગામી તા.૧,૨ અને ૩જી નવેમ્બર એમ ત્રણ દિવસ દરમ્યાન ગુ- જરાતમાં દક્ષિણ ગુજરાતના ચૂંટણી પ્રવાસે આવી રહ્યા છે ત્યારે ગુજરાત કોંગ્રેસ દ્વારા તેની પણ તડામાર તૈયારીઓ અને આયોજન ચાલી રહ્યા છે. આ આયોજનના ભાગરૂપે તા.૨૯મી ઓક્ટોબરના રોજ દક્ષિણ ગુજરાતના કોંગ્રેસના આગેવાનો અને નેતાઓની એક મહત્વની બેઠક બોલાવવામાં આવી છે, જેમાં સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના રાહુલ ગાંધીના પ્રવાસને મળેલી જોરદાર સફળતાની જેમ આ વખતે દક્ષિણ ગુજરાતમાં પણ રાહુલ ગાંધીનો ચૂંટણી પ્રવાસ સફળ રહે તે માટેની રણનીતિ અને વ્યૂહરચના તૈયાર કરવામાં આવશે. ગુજરાત કોંગ્રેસના નેતાઓ દ્વારા દક્ષિણ ગુજરાતના આગેવાનો અને સ્થાનિક નેતાઓને આ અંગેની જરૂરી સૂચના અને માર્ગદર્શન પણ આપવામાં આવશે.

# સમસ્ત પિલુચા મોચી પરીવારનો આજે સ્નેહમિલન સમારોહ અને નવચંડી યજ્ઞ યોજાશે

પાલનપુર

સમગ્ર ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશમાં વસતા સમસ્ત પિલુચા મોચી પરીવારના તૃતીય સ્નેહમિલન સમારોહનું આયોજન આજરોજ વડગામ તાલુકાના પીલુચા ખાતે કરાયુ છે. સમસ્ત પિલુચા મોચી પરીવારના આ સહિયારા પ્રસંગે નવચંડી યજ્ઞ યોજાનાર છે.

પીલુચા ખાતે ચામુંડા માતાના મંદિરના પ્રાંગણમાં તૃતીય સ્નેહ સંમેલન આજ તા.૨૮/૧૦/૨૦૧૭ શનિવાર બપોરે ૨-૦૦ કલાકે યોજાશે તથા તે પૂર્વે ચામુંડા મંદીર ખાતે સવારે ૭-૦૦ કલાકે દિલીપભાઈ નારણભાઈ પરમાર (પીપલીયા મંડી - મધ્યપ્રદેશ)ના મુખ્ય યજમાનપદે કુળદેવી શ્રી અંબાજી માતાનો નવચંડી યજ્ઞ યોજાશે. સમસ્ત પિલુચા મોચી પરીવારના આ સ્નેહમિલન પ્રસંગે રાહુલ અનિલભાઈ પરમાર, કમલેશ મોતીલાલ પરમાર, ચમનલાલ શંકરલાલ પરમાર, સુમતિભાઈ હીરાલાલ પરમાર દ્વારા

અનુસંધાન પાના નં.૬

**નામ બદલેલ છે**

જુનું નામ
ગફુરભાઈ જાનમહમદ મેમણ
નવું નામ
અબ્દુલ ગફુર જાનમહમદ મેમણ
મુ.અમનપાર્ક સોસાયટી,
તા.ડીસા, જિ.બ.કાં.

**જોઈએ છે**

અર્પણકુમાર છાત્રાલય
ભાભર માટે
(૧) ગૃહપતિ - ૧
(૨) રસોઈયા - ૧

સરનામું : મહાદેવપુરા
શેરી નં.૨, ભાભર
જુના, ભાભર (બ.કાં.)

## જાહેર પ્રસિધ્ધીની નોટીસ

અરજદારના વિ.વકીલ શ્રી બી.કે.જોષી

મહે.બનાસકાંઠાના ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.દિયોદર

દિ.પર.અ.નં.૩૩/૧૭

અરજદાર : (૧) બ્રાહ્મણ નીલાબેન વા/ઓ ગણપતભાઈ, ઉ.વ.આ.૩૮
(૨) બ્રાહ્મણ અશોકભાઈ ગણપતભાઈ, ઉ.વ.આ.૧૭
(૩) બ્રાહ્મણ હેતલબેન ડો/ઓ ગણપતભાઈ, ઉ.વ.આ.૧૩
(૪) બ્રાહ્મણ હિતેન્દ્રભાઈ ગણપતભાઈ, ઉ.વ.આ.૧૦
અરજદાર નં.૧ ધંધો - ઘરકામ, અરજદાર નં.૨ થી ૪ અભ્યાસ
તમામ રહે.ખોરડા, તા.થરાદ, જિ.બનાસકાંઠા
વિરૂધ્ધ
સામાવાળા : કોઈ નથી.

અરજ : ધી હિન્દુ માઈનોરીટી એન્ડ ગાર્ડીયનશીપ એકટની કલમ-૮ (૨) અને ગાર્ડીયન એન્ડ વોર્ડસ એકટની કલમ-૯ નીચે સગીરની મિલ્કતના વેચાણની પરવાનગી મેળવવા અરજ.

આથી ઉપરોકત હકીકત બાબતે લાગતા વળગતા તમામ ઈસમોને આ નોટીસથી જણાવવાનું કે, આ કામના અરજદાર હિન્દુ છે અને સગીર (૧) બ્રાહ્મણ અશોકભાઈ ગણપતભાઈ, ઉ.વ.આ.૧૭ (૨) બ્રાહ્મણ હેતલબેન ડો/ઓ ગણપતભાઈ, ઉ.વ.આ.૧૩ તથા (૩) બ્રાહ્મણ હિતેન્દ્રભાઈ ગણપતભાઈ, ઉ.વ.આ.૧૦ વાળાના માતા છે અને તે રીતે હિન્દુ માઈનોરીટી એન્ડ ગાર્ડીયનશીપ એકટની કલમ-૬ (એ) મુજબ સગીરના કુદરતી વાલી છે. તેમજ આ કામના અરજદાર અને તેમના સંતાનો મોજે ગામ તા.થરાદ, જિ.બનાસકાંઠાની ગામ સીમની હદમાં આવેલ બીનખેતી સર્વે નં.૧૯૧/૨ માં આવેલ રહેણાંકનો પ્લોટ નં.૧૩૭૪ જેનો નગરપાલિકા આ.નં.૪૭૫૬ જેનો ક્ષેત્રફળ ૧૩૮/૧૫ વાળો રહેણાંકનો પ્લોટના સંયુકત માલીક, કબજેદાર અને ભોગવટેદાર છે.

અરજદારના ઉપરોકત પેરા નં.૧ માં જણાવેલ સગીર સંતાનો હાલે અભ્યાસ કરતા હોઈ તેમના ભરણ-પોષણ, પૌષ્ટિક આહાર તથા અભ્યાસના ખર્ચને પહોંચી વળવા તેમજ તેના ઉજ્જવળ ભાવી તેમજ સામાજીક આવતા ખર્ચાઓને પહોંચી વળાવા માટે મોજે ગામ થરાદ, તા.થરાદ, જિ.બનાસકાંઠાની ગામ સીમની હદમાં આવેલ બીન ખેતી સર્વે નં.૧૯૧/૨ માં આવેલ રહેણાંકનો પ્લોટ નં.૧૩૭ જેનો નગરપાલિકા આ.નં.૪૭૫૬ જેનો ક્ષેત્રફળ ૧૩૮/૧૫ વાળો રહેણાંકનો પ્લોટવાળી મિલ્કત અરજદાર નં.૨ થી ૪ વતી વેચાણની પરવાનગી માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જો કોઈ ઈસમને માગ્યા મુજબની પરવાનગી સામે વાંધો યા તકરાર હોય તો વાંધા સાથે જાતે અથવા તેમના વકીલ મારફતે બીનચુક અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૧૭/૧૧/૨૦૧૭ ના કલાક ૧૦.૩૦ વાગે હાજર રહી વાંધા રજુ કરવા અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

આજ તા.૨૭ માહે. ૧૦ સને ૨૦૧૭ના રોજ મારી સહી તથા કોર્ટનું સીલ કરી આપ્યું.

મુ.દિયોદર, તા.૧૭/૧૧/૨૦૧૭

તૈયાર કરનાર અવાચ્ય આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | મુકાબલ કરનાર અવાચ્ય આસીસ્ટન્ટ | હુકમથી અવાચ્ય રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, દિયોદર

# તંત્રી સ્થાનેથી ...

**જેનું કોઈ સારું પરીણામ નથી, એવું કામ મનુષ્યએ ન કરવું જોઈએ.**

## રાષ્ટ્રીય બાબતો સંદર્ભે ભારત-અમેરિકા વચ્ચે થયેલી ચર્ચા

અમેરિકા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કેબિનેટના સૌથી વરિષ્ઠ ગણાતા મંત્રી હાલમાં ભારતની સત્તાવાર મુલાકાતે આવ્યા છે. વિદેશમંત્રી રેકલ ટિલરસ ભારતની ત્રણ દિવસની યાત્રાના પ્રથમ દિવસે વિદેશમંત્રી સુષમા સ્વરાજ સાથે મુલાકાત કરી રાષ્ટ્રીય બાબતોની વિશેષ ચર્ચા કરી હતી. આ ચર્ચા સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં થઈ હતી. તેમાં અમેરિકાના વિદેશ મંત્રીએ પાકિસ્તાનને કહ્યું હતું કે પાકિસ્તાને આતંકવાદને તેની જમીન પર આશરો આપવાનું બંધ કરવું જોઈએ, જો કે આ બાબતે પ્રમુખ ટ્રમ્પે પાકિસ્તાનને અગાઉ પર જણાવ્યું હતું પરંતુ કૂતરાની પૂંછડીની જેમ પાકિસ્તાન સુધરી શકે તેવું જણાતું નથી. જે આતંકવાદી સંગઠનો પાકિસ્તાનની ધરતી પર હાલ મોજૂદ છે તેને પાકિસ્તાનના કોઈ વહીવટ કરનારાઓ એક શબ્દ ઉચ્ચારી શકે તેમ નથી. કેમ કે ત્રાસવાદનું આખુ રેકેટ આઈએસઆઈના ઈશારા પર ચાલે છે.

પાક.ની ધરતી પર અડ્ડો જમાવીને બેઠેલા ત્રાસવાદી સંગઠનોને બહારના મુસ્લિમ રાષ્ટ્રો તરફથી ઘણી સહાય મળે છે. તેઓ ધારે ત્યાં વિસ્ફોટ આચરી હિંસાનો માહોલ ઉભો કર્યા કરે છે. આ સંગઠનો મસ્જીદોને પણ છોડતા નથી. ત્યારે આવા સંગઠનો સામે આંતરરાષ્ટ્રીય સ્તરેથી કામ ચલાવવું જોઈએ.

હવે ભારત- અમેરિકા એક જુથ બની આતંકવાદ સામે લડશે અને આતંકવાદનું નામોનિશાન ન રહે તેવો પ્લાન ઘડવામાં આવનાર છે, સુષમા સ્વરાજ અને ટિલરસન વચ્ચે અનેક મુદ્દાઓ પર વાતચીત થનાર છે. વિદેશ નીતિમાં ભારત હંમેશા સફળ રહ્યું છે અને ભારત તથા અમેરિકા પાકની આતંકી નીતિને પડકાર્યા સિવાય રહેશે નહિં.

ભારતના ઉત્તર કોરિયા સાથે વ્યાપારી સંબંધો વર્ષોથી છે. ત્યાં ભારતના દૂતાવાસમાં અનેક અધિકારીઓ કાર્યરત છે. તાજેતરમાં રાજધાની નવી દિલ્હીમાં ભારત અમેરિકા વચ્ચે પ્રશાંત વિસ્તારમાં સુરક્ષા સંદર્ભે લાંબી ચર્ચા વિચારણા થઈ છે. ત્યાં કેટલીક કંપનીઓ સાથે ભાગીદારી વધારવા માટે ભારત અને અમેરિકા દ્વારા ટુંક સમયમાં પ્રયાસો થનાર છે. સાથે સાથે કાયદાકીય માળખામાં પરિવર્તન કરી સંરક્ષણ ક્ષેત્રમાં સંયુક્ત ઉત્પાદનને વધારવા પણ ભારત અને અમેરિકા સંમત થયા હોવાનું પણ બહાર આવેલ છે.

અમેરિકાના વિદેશ મંત્રીએ યુ.એસ.માં ભારતીયોના યોગદાન અને એચ-૧ બી વિઝા મુદ્દે પણ સુષમા સ્વરાજ સાથે વાતચીત કરી છે. કોઈ દેશના હિતોને આંચકો ન આવે તે બાબતે જાગૃત રહેવા સ્વરાજે જણાવેલ છે.

ટિલરસને સ્પષ્ટ જણાવેલ કે ભારત માટે અમેરિકા સૌથી ભરોસાપાત્ર સાથીમાંથી એક છે. ચીન ઝડપથી આગળ જવા માગે છે. પરંતુ તેનાથી ભારત અમેરિકાને કોઈ ફેર પડી શકે તેમ નથી. ટલિરસનની ભારત યાત્રા એવા સમયે થઈ રહી છે. જ્યારે ચીનમાં કમ્યુનિષ્ટ પાર્ટીની કોંગ્રેસ થઈ, અને રાષ્ટ્રપતિ જિનપિંગ વધુ મજબ-ુત થયા છે. ચીન ભલે પોતાના સિધ્ધાંતોને આતંરરાષ્ટ્રીય સ્તરે આગળ ધપાવે પરંતુ ભારત અને અમેરિકાની વિદેશ નીતિ બરકરાર રહી છે. ભારત આવેલા ટિલરસના પ્રવાસને ખુબ મહત્વ આપવામાં આવી રહ્યું છે. અમેરિકન ટ્રમ્પ ભારત સાથે તમામ ક્ષેત્રે સમજુતિ કરનાર છે અને બંને રાષ્ટ્રો સહકારની ભાવના સાથે આગળ આવવા ભારે પરિશ્રમ ઉઠાવી રહ્યા છે. તેનાથી પાડોશી રાષ્ટ્રના પેટમાં તેલ રેડાયું છે.

## વિચારોના ચકરાવમાં જડી જનારા લોકો વધુ સ્માર્ટ અને સર્જનાત્મક હોય છે : અભ્યાસ

ધોળે દિવસે અને ખુલ્લી આંખે કલ્પનાવિશ્વમાં સરી પડતા લોકોને મોટા ભાગના લોકો ધૂની માને છે, પરંતુ જે લોકો સહજતાથી આવું કરી શકે છે તેઓ અન્યો કરતા વધુ સ્માર્ટ અને ક્રીએટિવ હોય એવી સંભાવના વધુ છે. અમેરિકાની જ્યોર્જિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીના સાઈકોલોજીના નિષ્ણાતોએ ૧૦૦ લોકોના મગજનું સ્કેનિંગ કરીને તેમના મગજની કાર્યપ્રણાલીને સમજવાનો પ્રયત્ન કર્યો હતો.

આ પ્રયોગ દરમ્યાન તમામ પાર્ટિસિપન્ટસને પાંચ મિનિટ માટે કોઇ એક જ જગ્યાએ જોતા રહેવાનું કહેવામાં આવ્યું હતું. ત્યાર બાદ પાર્ટિસિપન્ટસની બૌદ્ધિ અને સર્જનાત્મક પરીક્ષાઓ પણ કરવામાં આવી. આ પ્રયોગ દરમ્યાન અભ્યાસકર્તાઓએ એવું તારવ્યું હતું કે જે લોકો વિચારોના ચકરાવે ચડી જતા હતાં તેમની બૌદ્ધિક ક્ષમતા ઉંચી હતી એટલું જ નહીં, સર્જનાત્મકતાની બાબતમાં પણ તેઓ વધુ મૌલિક હોય છે. આ વાત તેમના મગજના સ્કેનમાં પણ સ્પષ્ટ થતી હતી.

<u>આત્મચિંતન</u>

## મુશ્કેલીઓનું પણ સ્વાગત કરીએ

આપણે દુઃખમાં નકામા રડીએ છીએ પોતાના ભાગ્ય કે ઈશ્વરની નિંદા કરીએ છીએ દુઃખ તો પ્રકૃતિ માતાની એવી પ્રક્રિયા છે, ઈશ્વરનું એવું વરદાન છે, જેનાથી આપણે કાર્યરત બનીએ છીએ જીવનની શક્તિનો ઉપયોગ કરીએ છીએ અને એથી આપણા સુખદ અને ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ થાય છે. સુખને આપણે પ્રેમ કરીએ છીએ પરંતુ દુઃખમાં રડીએ છીએ અને ચિંતા તથા શોકમાં ડુબી જઈએ છીએ. આ આપણા એકાંગી દ્રષ્ટીકોણ અને અજ્ઞાનનું પરિણામ છે. સુખની જેમ જ દુઃખ પણ જીવનનું અભિન્ન પાસું છે. જો દુઃખ ન રહે તો આપણે સુખથી કંટાળી જઈશું. સુખના માદક નશામાં એકબીજાનો નાશ કરીશું એટલું જ નહીં આપણે સુખનું મુલ્ય સમજી શકીશું નહીં. રાત્રીના અસ્તિત્વમાં જ દીવસનું જીવન છે. રાત્રી ન હોય તો દિવસ મહત્વહીન બની જશે. જેમ રાત અને દિવસ એક જ કાળના બે પાસા છે જે રીતે રાત્રી બાદ દિવસ અને દિવસ બાદ રાત્રી આવે છે તે રીતે દુઃખ પછી સુખ અને સુખ પછી દુઃખનો ક્રમ ચાલતો જ રહે છે. જરૂર એ વાતની છે કે સુખની જેમ જ દુઃખનું પણ સ્વાગત કરીએ. શાંત મનથી સ્થિર તથા દ્રઢ રહીને પોતાના કર્તવ્યમાં લાગ્યા રહીએ. યાદ રાખો, જીવનમાં શાશ્વત મૂલ્યોને સમજી લેવાથી, કર્તવ્યમાં લાગી જવાથી, મુશ્કેલીઓ કે દુઃખ નામની કોઈ વસ્તુ બાકી રહેતી નથી.

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## ડીપી વર્લ્ડ મુંદ્રા અને વોકહાર્ટ ફાઉન્ડેશન દ્વારા સેહત કી સવારીની પહોંચ વધારવામાં આવી: મુંદ્રા

ગ્લોબલ ટ્રેડ એનેબ્લર ડીપી વર્લ્ડ સંચાલિત મુંદ્રા ઈન્ટરનેશનલ કન્ટેઈનર ટર્મિનલ (એમઆઈસીટી) અને વોકહાર્ટ ફાઉન્ડેશન દ્વારા ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકોને ઘેરબેઠાં -- તબીબી સુવિધાઓ પૂરી પાડવા માટે જોડાણ કર્યું છે. સેહત કી સવારી મુંદ્રામાં જુલાઈ ૨૦૧૭માં રજૂ કરવામાં આવી હતી, જેની પ્રથમ મોબાઈલ તબીબી વેનનું ઉદઘાટન બાદ તાલુકાનાં ૯થી વધુ ગામોમાં પહોંચે છે. આ સુવિધા રજૂ કરવામાં આવી ત્યારથી તબીબી ઉપચાર અને કન્સલ્ટેશનમાંથી આઠ હજારથી વધુ દરદીઓને લાભ થયો છે. તે મહેશનગર, સુખપ્રવાસ, નાના કપાયા, સામાઘોઘા, નવીનાલ, જરાપરા, ધ્રુબ, બારોહી, મોટા કપાયા અને વિરાણિયા જેવાં ગામોને આવરી લે છે.એમઆઈસીટી દ્વારા મુંદ્રા તાલુકો અને આસપાસમાં આ પહેલની પહોંચનો લાભ લેવા માટે બીજી તબીબી વેન રજૂ કરવામાં આવી હતી. વોકહાર્ટ મોબાઈલ ૧૦૦૦ પહેલની આ ૧૧૦મી વેન છે, જેનું લક્ષ્ય ગ્રામીણ ગામડાંઓમાં પ્રાથમિક આરોગ્ય સંભાળ સુવિધાઓ પૂરી પાડવાનું છે. મૂળભૂત આરોગ્ય સંભાળ ઉપચાર દરેક વ્યક્તિનો અધિકાર છે.

મને ખુશી છે કે અમારી મોબાઈલ ૧૦૦૦ આરોગ્ય સંભાળ વેન મૂળભૂત આરોગ્ય સંભાળની જરૂરતોને પહોંચી વળવા માટે ગરીબ અને ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય સંભાળ સેવાઓ પૂરી પાડે છે.

## નવી માતાઓ માટે ઓઈલ્સ અને મોઈશ્ચરાઈઝર્સનો ઉપયોગ અત્યંત મહત્ત્વપૂર્ણ છે

**નવી માતાઓ માટે ત્વચા સંભાળના મુદ્દાઓ**

તમે માતા બન્યા પછી પ્રથમ અમુક મહિનાઓ અદભુત હોય છે. તમારી આ ખુશીઓનો ખજાનો તમને મળતાં જ તમારા સહિત બધું જ તમારી બીજી અગ્રતા બની જાય છે. જોકે ગર્ભાવસ્થા દરમિયાન અને પછી તમારા શરીરના દરેક ભાગને વધારાની સંભાળ અને ધ્યાનની જરૂર હોય છે. તમારા નવજાતનું તમે જેટલું ધ્યાન રાખો છો તેટલું જ તમારું રાખવાનું જરૂરી હોય છે. હોર્મોનમાં ફેરફાર, સ્ટ્રેચ થયેલી ત્વચા અને પરસેવો અમુક વાર ત્વચાની પીડાદાયક સ્થિતિ વધારી શકે છે, જેનાથી તમને અસ્વસ્થતા અને ત્રાસ થઈ શકે છે. આથી આ સમસ્યા ઉદભવતાં જ તેની યોગ્ય રીતે માવજત કરો. નવી માતાઓ ગર્ભાવસ્થા દરમિયાન અને પછી અનુભવે તે સામાન્ય સ્થિતિઓમાં ખીલ, ચાઠાં, સ્ટ્રેચનાં નિશાન અને સૂકી ત્વચાનો સમાવેશ થાય છે. ખીલ ગર્ભાવસ્થા દરમિયાન સામાન્ય સ્થિતિ છે, જે મુખ્યત્વે હોર્મોનની વધતી સપાટીને લીધે પેદા થાય છે. ત્રીજા ત્રિમાસિકમાં ભાવિ માતાને પેટ, જાંઘ, ફૂલા અને છાતીની જગ્યામાં ખંજવાળ આપતો લાલ ભાગ ઊપસી આવે છે. ગર્ભાવસ્થા દરમિયાન પેટ આસપાસની ત્વચા ખેંચાય છે અને નવજાતના જન્મ પછી તે સંકોચાય છે, જેને લીધે અનિવાર્ય સ્ટ્રેચનાં નિશાન રહી જાય છે. હોર્મોનમાં ફેરફાર અને સ્ટ્રેચ થયેલી ત્વચા નમી અને તેલ શોષે છે, જેનાથી ત્વચા સૂકી પડે છે. શરીર પર હોર્મોન્સના અમુક પ્રભાવો છતાં તે ટાળી શકાતા નથી. પોષક ખાવાની પરેજી, ભરપૂર આરામ, પૂરતું પાણીનું સેવન, કસરત અને પૂરકોનું સેવન તમારી ત્વચાને સૂકી પડવાથી બચાવે છે. શરીર પર હોર્મોન્સના અમુક પ્રભાવો છતાં તે ટાળી શકાતા નથી. પોષક ખાવાની પરેજી, ભરપૂર આરામ, પૂરતું પાણીનું સેવન, કસરત અને પૂરકોનું સેવન તમારી ત્વચાને સૂકી પડવાથી બચાવે છે.

ઉપરાંત ઉત્તમ ફેટ્સમાં ઉચ્ચ પરિપૂર્ણ ભોજન ખાઓ, કારણ કે તે હાનિગ્રસ્ત ત્વચાને સમારવામાં અને નમી જાળવવામાં મદદ કરે છે. ગરમ પાણીનો શાવર લેવાનું ટાળો, કારણ કે તે તમારાં છિદ્રો ખોલી નાખે છે. આથી ઊના પાણીથી જ સ્નાન કરો, એમ ડો. સુભાશિની સૂચવે છે. તમારી ત્વચાને આરોગ્યવર્ધક અને હાઈડ્રેટેડ રાખવા માટે રોજ થોડી મિનિટો આપો અને માતૃત્વનો પરિપૂર્ણ આનંદ લો.

## દીપ રાયચંદ અને મારામાં માત્ર એક સમાનતા છે : અર્જુન બિજલાની

હાલમાં જ કલર્સ ટીવીના ધારાવાહિક 'ઈશ્ક મેં મરજાવાં'માં દીપ રાયચંદ રૂપે નજર આવી રહેલા અભિનેતા અર્જુન બિજલાનીએ કહ્યું કે, તેમનામાં અને તેમના પાત્રમાં માત્ર એક સમાનતા છે. પહેલીવાર ગ્રે શેડમાં નજર આવી રહેલા અર્જુને કહ્યું કે જે રીતે ધારાવાહિક 'ઈશ્ક મેં મરજાવાં'ના દીપ રાયચંદ પોતાની પત્નીને બેહદ પ્રેમ કરે છે, ઠીક એ રીત હું પણ મારી પત્નીને ખૂબ જ પ્રેમ કરું છું. દીપ રાયચંદ મેનુપલેટિવ વ્યક્તિ છે. તે ખૂબ કૉમ્પ્લિકેટેડ વ્યક્તિ છે. પહેલીવાર હું આ પ્રકારનું પાત્ર ભજવી રહ્યો છું. વીતેલા કેટલાક સમયથી હું કંઈક અલગ કરવાની તક જોઈ રહ્યો હતો. હું ઍંટી હીરો બનવા ચાહતો હતો. જો કે ટીવી પર આદર્શ હીરો જ જોવા મળતા હોય છે, અને હું થોડો બદલાવ લાવવા ચાહતો હતો.

## શું સુપર ડાન્સર પ્રકરણ ૨ સેટ પર શિલ્પા શેટ્ટીને ડરાવે છે!



તે જાણીતું છે કે સુપર ડાન્સર પ્રકરણ ૨ પર પ્રતિભાશાળી સ્પર્ધકોએ પ્રેક્ષકો અને નિર્ણાયકો અનુરાગ બાસુ, શિલ્પા શેટ્ટી અને ગીતા કપૂરને તેમના અસાધારણ ડાન્સ પર્ફોમન્સ સાથે પ્રેરણા આપી છે. પરંતુ શિલ્પા શેટ્ટી માટે તે એક અલગ અનુભવ હતો જ્યારે શગુન સિંઘ અને રીતિક દિવાકરએ એક ભયંકર, હોરર ડાન્સ એક્ટ રજૂ કર્યો હતો. શિલ્પા, જે કોઈપણ રીતે હોરર ફિલ્મો જોતા નથી કારણ કે તે તેમને જોવાથી ખૂબ જ ડરે છે, ત્યારે તેમના જીવનને આઘાત લાગ્યો હતો, જ્યારે બાળક સ્પર્ધક શગુનએ તેમને હોરર ડાન્સ એક્ટ દ્વારા ડરાવ્યાં હતાં. પ્રદર્શનમાં અંધારું કરવા માટે બધી લાઈટ બંધ કરવામાં આવી હતી. આ દરમિયાન, શગૂન સ્ટેજ પરથી ઉતરીને નિર્ણાયકોની સીટ પાસે પહોંચી. અચાનક શગુન શિલ્પાની સામે ઊભી રહી ગઈ હતી, જેમાં તેણીએ દિવસના પ્રકાશમાં ડરાવ્યું હતું. શિલ્પને આઘાત લાગ્યો હતો અને રિતિકે સ્પિન-ચિલિંગ એક્ટ કરવાનું ચાલુ રાખ્યું હતું.

સુપર ડાન્સર પ્રકરણ ૨, દર શનિવાર અને રવિવારે રાત્રે ૮ વાગ્યે ફક્ત સોની એન્ટરટેનમેન્ટ ટેલિવિઝન પર જુઓ

## શાકાહારને સરળ બનાવીએ

વેગનીઝમ એક વિચાર તરીકે જોઈએ તો મોટાભાગે એક જવાબદારીની લાગણી આપે છે, જે લાગણી પ્રાણીઓ કે એનિમલ પ્રોડક્ટ્સ અને સ્વસ્થ જીવનશૈલી માટેની આવશ્યકતા અંગેની હોય છે. વિશ્વમાં કે જ્યાં લોકો આરોગ્યપ્રદ ભોજન અને જીવનશૈલી શોધી રહ્યા છે, ત્યારે વેગનીઝમ એ એવો વિચાર છે કે જે આપણા માટે તે એક સમર્થ સૈનિકની જેમ વર્તે છે. વર્લ્ડ વેગન ડે નિમિત્તે ન્યુટ્રીશનીસ્ટ માધુરી રૂઈયાએ તેમની કેટલીક સલાહો વેગન સરળતાથી બનવા માટે આપી છે:જ્યારે અનેક લોકો વેગન બનવા કોઈ ક્ષણે તૈયાર થાય પણ તેમાં આગળ ન વધવાનું મુખ્ય કારણ એ હોય છે કે લોકોને શાકાહારી ભોજન માટે ઘણી તકલીફ ઉઠાવવી પડે છે જો કે જાગૃત રહીને અને નીચે પ્રમાણેની કેટલીક બાબતોને લક્ષમાં રાખીને તમે વેગન (શાકાહારી) બનવામાં સફળતા મેળવી શકો છો:

**૧ - તમારા આહારમાં પ્રોટીનનો ઉમેરો કરવાનું ભૂલશો નહીં :** જ્યારે તમારા શરીરને જરૂરી પોષક તત્વો મળતા બંધ થાય છે. જ્યારે શાકાહારી ભોજન પણ તમને યોગ્ય પ્રમાણમાં પોષક તત્વો મળી રહે એ માટે તમારા દરરોજના આહારમાં તેનો યોગ્ય પ્રમાણમાં ઉમેરો કરવો જોઈએ. ઉદાહરણ તરીકેઃ બદામમાં ૧૫ જેટલા પોષક તત્વો હોય છે જેમાં સૌથી મહત્ત્વપૂર્ણ એવું પ્રોટીન સામેલ હોય છે. વાસ્તવમાં આ નટ્સ અન્ય નટ્સની તુલનામાં વધુ ભરપૂર હોય છે. આમ, સ્માર્ટ રીતે નાસ્તામાં બદામ (આલમન્ડ) સામેલ કરીને તમે સ્વસ્થ જીવનશૈલીની શરૂઆત કરી શકો છો.

**૨ - તમારા ભોજનની પસંદગીમાં મર્યાદા ન રાખો અને વિકલ્પો શોધોઃ** તમને થતું હશે કે વેગન બનવાનો અર્થ એ છે કે તમારી પાસે ખોરાકના ઓછા વિકલ્પો રહેશે. આ જો કે ખોટી માન્યતા છે. વાસ્તવમાં દરેક માટે વિકલ્પો ઉપલબ્ધ હોય છે. ઉદાહરણ તરીકે, દૂધને સ્થાને સોયા કે આલમન્ડ મિલ્કનો ઉપયોગ કરી શકો છો.. તેની ટેવ પડતા થોડો સમય લાગી શકે છે પણ એકવાર શરૂ કરશો તો તમે કંઈ ગુમાવશો નહીં.

**3 - પ્રોસેસ્ડ સ્નેક્સ પરની નિર્ભરતા ઘટાડો:** જ્યારે તમે બે ભોજન વચ્ચે ભૂખ્યા થાઓ ત્યારે તમારા કબાટમાં રહેલા પ્રોસેસ્ડ ફૂડ તરફ વળો એ આસાન છે. જો કે પ્રોસેસ્ડ ફૂડ સામાન્ય રીતે સોડિયમ અને સુગરથી ભરપૂર હોય છે જે તમને અસ્વસ્થ બનાવી શકે છે. આમ તમારો નાસ્તો સાથે લઈ જઈને પ્રોસેસ્ડ ફૂડનું સેવન ઓછું કરી શકો છો. શાકાહારી ભોજન જેમકે સનફ્લાવર કે ફ્લેક્સ સીડ્સ અને બદામ ફસથી મુક્ત હોય છે, સરળતાથી નાસ્તામાં સામેલ કરી શકાય છે અને ગમે ત્યાં અને ગમે ત્યારે તે ખાઈ શકાય છે. એ પછી ઘર હોય, કામકાજનું સ્થળ હોય કે રસ્તે જતા હો ત્યારે તે કામ આવે છે. આવો નાસ્તો જે હોલસમ સ્નેક્સ નથી તેના સ્થાને લઈ શકાય છે જેનાથી તમને જીવનમાં સ્વસ્થતાનો અનુભવ થશે.

**૪ - પાણી પીવું એ જૂની વાત બનશેઃ** જ્યારે શાકાહારમાં તમારે ફળોનું સેવન વધશે તેમાં પાણી ધરાવતા ફળો સામેલ હશે. તમારે તેના પછી પણ બે લિટર પાણી દરરોજ પીવું જોઈએ. જો તમે સાદું પાણી પીવાથી કંટાળ્યા હો તો તમે તેમાં લીંબુ, સ્વીટ લાઈમ કે ઓરેન્જ કે સ્ટ્રોબેરી, ક્રેનબેરીઝ કે પછી તાજાં ફૂદિનાના પાન કે કાકડીની સ્લાઈસ ઉમેરીને પાણી પી શકો છો.

**૫ - ઓછાથી શરૂઆત કરો અને હકારાત્મક રહોઃ** શાકાહારી બનવું એ તમારા શરીર માટે અચાનક ફેરફાર હોય શકે છે અને તેનાથી તમને પ્રતિકૂળતા જેવું લાગી શકે છે. પણ આ બદલાવને પાર્ટ ટાઈમ વેગન તરીકે શરૂ કરીને લાવી શકાય છે જેમકે એક વખતના ભોજન કે સ્નેકના સમયે તમે નોન-વેગન ફૂડ આઈટેમ્સનો નાનો હિસ્સો લઈ શકો છો જેમાં તમે ચિકન, ફિશ કે ઈંડા લઈ શકો. ક્રમશઃ તમે દિવસમાં તેનું પ્રમાણ ઘટાડતા જાઓ દિવસમાં એક વાર એવું ભોજન લેતા લેતા સપ્તાહમાં એક વાર જ એવું ભોજન લો ત્યાં પહોંચો. આ તમે જ્યાં સુધી તમારૂ શરીર આ બદલાવને સફળતાથી સ્વીકારે ત્યાં સુધી કરો અને ધીમે ધીમે શાકાહાર તરફ વળો. તાજાં, આરોગ્યપ્રદ ફૂડ અને નિયમિત કસરતથી તમારામાં હકારાત્મકતા વધશે અને તમે શાંત રહેશો.

વર્લ્ડ વેગન ડે વખતે આપણે શાકાહારીઓ જે લાગણી પ્રાણીઓ અને પોતાના શરીર માટે અનુભવે છે તે અનુભવીએ અને ચાલો આપણે આપણા જીવનને વધુ સ્વસ્થ અને ભરપુર બનાવવા એક જાગૃત પ્રયાસ છે.

## નિકિતા દત્તા સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનનાં નવા શો હાસિલમાં આંચલની ભૂમિકા ભજવે છે



**પ્રઃ તમારો છેલ્લો શો એક દુજે કે વાસ્તે અત્યંત લોકપ્રિય હતો. હાસિલથી ઘણી અપેક્ષાઓ છે તમે દબાણ અને ઉત્સાહ સાથે કેવી રીતે કામ કરી રહ્યા છો?**

જઃ હા! ખૂબ અપેક્ષિત શો હાસિલ માટે ઉત્સાહનો પુષ્કળ જથ્થો છે આ શોની શરૂઆતથી જ સારી શક્તિ છે અને લોકો આ શોઆગળ જોઈ રહ્યા છે. પ્રોમોઝ સારી રીતે પ્રાપ્ત થયા છે અને મને હકારાત્મક પ્રતિભાવ જોવા માટે ખુશી છે. જ્યારે હું શોનાખ્યાલ અને જે રીતે તે ટ્રીટ થૈ રહ્યો છેં તેના માટે વિશ્વાસ કરું છું, ત્યાં ઘણા દબાણ છે પરંતુ હું દબાણના દરેક ભાગનો આનંદ માણું છું.

**પ્રઃ કૃપા કરીને અમને હાસિલના ખ્યાલ વિશેની વિગતો શેર કરો?**

જઃ હાસિલ એક શો છે, જેમાં રોમાંચનો સમાવેશ થાય છે. દરેક એપિસોડમાં ટ્વીસ્ટ સાથે અંત થાશે, જે પ્રેક્ષકો આગળ શું થશેતે જાણવા માટે રાહ જોશે. આ શોમાં નાટક દરેકને તલ્લીન રાખશે.

**પ્રઃ શું તમે આંચલના પાત્રને શોમાં વિસ્તૃત કરી શકો છો?**

જઃ આંચલ વકીલ છે જે એનજીઓ ચલાવે છે. તે દરેક યોગ્ય કારણ માટે લડે છે અને તેની હિંમત કોઈપણ પ્રભાવથી પ્રભાવિતનથી. જ્યાં સુધી તેણી જાણે છે કે તેના બાજુથી સાચું છે ત્યાં સુધી તેણી શું વિચારે છે તે વિશ્વની કાળજી લેતી નથી. મને ખુશીછે કે મને આવા મજબૂત પાત્ર કરવાની તક મળી. હું આંચલને ભજવા માટે વકીલોની બેઠક સહિત અનેક તૈયારીઓ કરી છે. હું એક અભિનેતા તરીકે માનું છું કે સંપૂર્ણ ન્યાય કરવા અને અધિકૃતતા સાથે એક પાત્ર ભજવવો તે મહત્વનું છે.

## બાળકો સાથે નવા વર્ષની ઉજવણી કરવા માટે આલિયા સજ્જ



માત્ર થોડાં મહિનાઓમાં વર્ષ પૂર્ણ થવાને આરે છે અને બોલીવુડ સુપરસ્ટાર્સે પાર્ટી માટેની તૈયારીઓની શરૂઆત કરી લીધી છે. જોકે, આલિયા ભટ્ટે કંઈક અલગ રીતે જ ન્યુ યરની ઉજવણી કરવાનું આયોજન કર્યું છે, જ્યાં તે બોલીવુડના મિત્રો સાથે નહીં, પરંતુ બાળકો સાથે ડાન્સ કરતી જોવા મળશે. આ ઉજવણી ક્યાં યોજાશે? આલિયા આ ડિસેમ્બરમાં કિડ્સ ચોઈસ એવોર્ડ્સમાં બાળકો સાથે પર્ફોર્મ કરશે.

ઉલ્લેખનીય છે કે આલિયા ભટ્ટે હંમેશાથી ઓન સ્ક્રીન અને સ્ટેજ બંન્ને માધ્યમ ઉપર યાદગાર પર્ફોર્મન્સ આપ્યાં છે. બાળકો સાથે મજામસ્તી અને આનંદ માણતી આલિયાને જોવી એ ખરેખર મજેદાર બની રહેશે. સુત્રોએ જણાવ્યું હતું કે રણવીર સિંઘ પણ આલિયા ભટ્ટ સાથે જોડાશે અને યુવાન બાળકો સ્ટેજ ઉપર ધમાકેદાર પર્ફોર્મન્સ કરશે.

<u>કોકોનટ મોશન પિક્ચર્સ</u>

## બેસ્ટ ઓફ લક ૨૭ ઓક્ટોબર રીલિઝ



અમદાવાદ

કોકોનટ મોશન પિક્ચર્સ નવી ફિલ્મ બેસ્ટ ઓફ લક લાલુ રિલિઝ કરવા સજ્જ છે, જેમાં સુપ્રિયા પાઠક કપૂર, મુની ઝા, સ્મિત ગણાત્રા, સિમરન નાટેકર, દેવર્ષિ ત્રિવેદી, રિષભ જોશી, અભય હરપાલે, કુરુષ દેબૂ અને દેવર્ષિ ત્રિવેદી જેવા પ્રસિદ્ધકલાકારો છે. ફિલ્મ ગુજરાત અને મુંબઈમાં ૨૭ ઓક્ટોબર, ૨૦૧૭નાં રોજ પ્રસ્તુત થશે. ફિલ્મની રીલિઝ પૂર્વે પ્રીમિયર અમદાવાદનાં વન મોલમાંયોજાયો હતો, જેમાં ગુજરાતી ફિલ્મ ઉદ્યોગની સેલિબ્રિટીઓ ઉપસ્થિત રહી હતી. બેસ્ટ ઓફ લક લાલુનું નિર્માણ રશ્મિન મજિઠિયાએ, નિર્દેશનવિપુલ મહેતાએ કર્યું છે તથા પટકથા અમાત્ય ગોરડિયાએ લખી છે.

**ફિલ્મઃ** કોર્પોરેટ સોશિયાલાઈટ હોય કે મધ્યમ વર્ગની નોકરિયાત વ્યક્તિ હોય, દરેકનાં ઘરમાં એક બાળક હોય છે, જેને એસએસબી બોર્ડની પરીક્ષાની કડવીમીઠી સફરમાંથી પસાર થવું પડે છે. સુપ્રિયા પાઠક કપૂરે ફિલ્મમાં અમાત્ય મોદી ઉર્ફે લાલુની માતાની ભૂમિકા ભજવે છે. લાલુની ભૂમિકા ભજવતા સ્મિત ગણાત્રા ફિલ્મમાં અનેક ચડાવ ઉતારમાંથી પસાર થાય છે. લાલુનાં જીવનનું સૌથી મોટું પ્રેરકબળ તેનાં દાદા છે અને તેનો તોફાની દોસ્ત સુશીલ છે, જે તેને ચડાવ ઉતારમાં સાથ આપે છે. ફોરમ મીઠડી અને નટખટ છોકરી છે, જે લાલુનો બાળપણનો પ્રેમ છે અને આ ભૂમિકા સિમરન નાટેકરે ભજવી છે.

## પોતાની વિસ્તાર યોજના રૂપે મૈજિકબ્રિક્સે બેંગ્લોર અને પુણેમાં અનુભવ કેન્દ્રોની શરૂઆત કરી



ભારતની નંબર ૧ પ્રૉપર્ટી સાઈટ મૈજિકબ્રિક્સે પોતાની ઉપસ્થિતિને વિસ્તાર આપવાની યોજના રૂપે બેંગ્લોર અને પુણેમાં બહુચર્ચિત અનુભવ કેન્દ્રની શરૂઆત કરી છે. બેંગ્લોરમાં અનુભવ કેન્દ્ર કેમ્પેગૌડા આંતરરાષ્ટ્રીય હવાઈઅડ્ડા અને ફીનિક્સ માર્કેટ સિટીમાં અને પુણેમાં સીઝન્સ મૉલમાં થશે. બેંગ્લોરના અગ્રણી ડેવલપર્સ, સ્ટર્લિંગ, આર્કિડ, ડીએસ મૈક્સ, પ્રેસ્ટિજ અને વૈષ્ણવી સામેલ થઇ ગયા છે જ્યારે મિત્તલ ગ્રુપ, વિશાલ ગ્રુપ, સાઇ પ્રોવીસો ડેવલપર્સ, પૃથ્વી એડિફિસ અને અમાનોરા પુણેમાં પોતાની સંપત્તિઓ રજૂ કરશે. મૈજિકબ્રિક્સ એવા અનુભવ કેન્દ્રના મામલામાં અગ્રણી છે જે વાસ્તવિક અને આભાસી દુનિયાને એકસાથે જોડે છે અને બિલ્ડર અને ગ્રાહક બંને માટે એકદમ અનોખો અનુભવ ઉપલબ્ધ કરાવે છે. આ અનુભવ કેન્દ્ર ઘરોના આભાસી રૂપે અનુભવ કરાવવા માટે ગ્રાહકોની મદદ માટે પ્રૌદ્યોગિકીઓના નવા અંદાજમાં પ્રયોગ કરે છે. મૈજિકબ્રિક્સે છેલ્લા વર્ષે મુંબઈમાં પોતાના પહેલા અનુભવ કેન્દ્રની શરૂઆત અંધેરીમાં ડબ્લ્યૂઈએચ મેટ્રો સ્ટેશનમાં કરી.

## મહિન્દ્રા લોજિસ્ટિક્સ લિમિટેડનો આઈપીઓ ૩૧ ઓક્ટો.ખુલશે અને ૨ નવે.બંધ થશે




અમદાવાદ

મહિન્દ્રા લોજિસ્ટિક્સ લિમિટેડ ("કંપની")એ ૩૧ ઓક્ટોબર, ૨૦૧૭ને મંગળવારે કંપનીનાં રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતાં કુલ ૧૯,૩૩૨,૩૪૬ ઈક્વિટી શેર ("ઈક્વિટી શેર")નો આઈપીઓ લાવવાની દરખાસ્ત રજૂ કરી હતી. ઓફર ફોર સેલ મારફતે પ્રસ્તુત આ આઈપીઓની પ્રાઇઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૪૨૫થી રૂ. ૪૨૯ છે, જેમાં (૧) મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડ (પ્રમોટર)નાં ૯,૬૬૬,૧૭૩ ઈક્વિટી શેર; (૨) નોર્મન્ડી હોલ્ડિંગ્સ લિમિટેડનાં ૯,૨૭૧,૧૮૦ ઈક્વિટી શેર; અને (૩) કેદાર કેપિટલ અલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ –કેરાદર કેપિટલ એઆઈએફ ૧નાં ૩૯૪,૯૯૩ ("ઓફર ફોર સેલ" અથવા "ઓફર" તથા ઓફર ફોર સેલમાં આ પ્રકાનાં શેરધારકો સંયુક્તપણે "વિક્રેતા શેરધારકો" તરીકે તથા વ્યક્તિગત રીતે "વિક્રેતા શેરધારક" તરીકે સંદર્ભિત છે) શેર સામેલ છે. ઓફરમાં લાયક કર્મચારીઓ દ્વારા સબસ્ક્રિપ્શન માટે ૧૨૫,૦૦૦ ઈક્વિટી શેરનું રિઝર્વેશન સામેલ છે (આરએચપીમાં વ્યાખ્યાયિત કર્યા મુજબ) ("એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન"). એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શનથી ઓછી ઓફર અહીં "ચોખ્ખી ઓફર" તરીકે ઓળખાય છે અને આ પ્રકારની ચોખ્ખી ઓફરમાં કુલ ૧૯,૨૦૭,૩૪૬ ઈક્વિટી શેર સામેલ છે. ઓફર અને ચોખ્ખી ઓફરમાં કંપનીની પોસ્ટ-ઓફર પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડી અનુક્રમે ૨૭.૧૭ ટકા અને ૨૭.૦૦ ટકા સામેલ હશે. ઓફરમાં લાયક કર્મચારીઓ ("એમ્પ્લોયી ડિસ્કાઉન્ટ")ને ઓફર પ્રાઇઝ પર ઈક્વિટી શેરદીઠ રૂ.૪૨નું ડિસ્કાઉન્ડ સામેલ છે. બિડ્સ લઘુતમ ૩૪ ઈક્વિટી શેર અને પછી ૩૪ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં થઈ શકશે. બીઆરએલએમ સાથે ચર્ચા કરીને કંપની અને વિક્રેતા શેરધારકો સેબી આઈસીડીઆરનાં નિયમોને અનુરૂપ એન્કર રોકાણકારોને સહભાગી બનાવવા વિચારી શકે છે. એન્કર રોકાણકારની બિડિંગની તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખનાં એક કાર્યકારી દિવસ અગાઉ એટલે કે ૩૦ ઓક્ટોબર, ૨૦૧૭નાં રોજ ખુલશે. ઓફર ૨ નવેમ્બર, ૨૦૧૭ને મંગળવારે ખુલશે.ઓફરનાં બીઆરએલએમ કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ અને એક્સિસ કેપિટલ લિમિટેડ છે.આરએચપી મારફતે ઈશ્યૂ થનાર ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ અને એનએસઈ પર થશે. ઓફર બુક બિલ્ડિંગ પ્રક્રિયા અને સેબી આઈસીડીઆર નિયમોની કલમ ૨૬(૧)ને અનુરૂપ રજૂ કરવામાં આવી છે, જેમાં નેટ ઓફરનો ૫૦ ટકા હિસ્સો સપ્રમાણ આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ ("ક્યુઆઈબી") ("ક્યુઆઈબી કેટેગરી")ને ઓફર કરવામાં આવશે. કંપની અને વિક્રેતા શેરધારકો બીઆરએલએમ સાથે ચર્ચા કરીને એન્કર ઈન્વેસ્ટર્સ ("એન્કર ઈન્વેસ્ટર પોર્શન")ને ક્યુઆઈબી પોર્શનનો ૬૦ ટકા સુધીનો હિસ્સો વિવેકાધિન ધોરણે ફાળવી શકે છે, જેમાંથી એક તૃતિયાંશ હિસ્સો મ્યુચ્યુઅલ ફંડ્સને ફાળવણી માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે, જે એન્કર ઈન્વેસ્ટરને ફાળવણીની કિંમત પર કે તેનાથી વધારે કિંમત પર સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ પાસેથી માન્ય બિડ્સ મળવાને આધિન છે.

***<u>મિત્રાય સ્પિરિચ્યુઅલ ક્લબ દ્વારા તેની ચોથી 'કોન્સર્ટની ઘોષણા</u>***

## અમદાવાદ ખાતે વાયાલી બામ્બુ બેન્ડ દ્વારા રજૂ કરાશે 'કોસ્મિક સિમ્ફની'



અમદાવાદ

મિત્રાય સ્પિરિચ્યુઅલ ક્લબ દ્વારા આજે તેની ચોથી કોન્સર્ટની વિગતો ઘોષિત કરવામાં આવી હતી, જે કોન્સર્ટ ૨૯ ઓક્ટોબર, ૨૦૧૭ (રવિવાર)ના રોજ ગુ-જરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટર, ગેટ નં. ૩માં સાંજે ૮.૩૦ વાગ્યાથી યોજાશે. આ મેજિકલ સિમ્ફની અને કોન્સર્ટની રજૂઆત વાયાલી બામ્બૂ બેન્ડ તરફથી રજૂ કરાશે જે કેરળ (ગોડ્સ ઓઉન કન્ટ્રી)ના ગ્રામીણ જિલ્લાઓમાં પોતાનું મૂળ ધરાવે છે.આજે વાયાલી બામ્બૂ બેન્ડ ઈન્ટરનેશનલ માર્કેટસ સુધી વિકસ્યું છે અને તે બામ્બૂથી સંગીત રેલાવીને ગ્રામીણ અને પૌરાણિક કલાને જાળવે છે તથા તેને પ્રમોટ કરે છે. આ પ્રથમવાર છે કે જેમાં અમદાવાદ ખાતે તેઓ કોસ્મિક સિમ્ફનીની લાઈવ કોન્સર્ટ રજૂ કરશે અને આ કોન્સર્ટનું આયોજન મિત્રાય સ્પિરિચ્યુઅલ ક્લબ દ્વારા અમદાવાદ મ્યુઝિક લવર્સ માટે કરાયું છે જેમાં તેઓને કુદરતની શક્તિનો અનુભવ વાસ્તવિક રીતે કરવાનો અને બામ્બૂ ઈન્સ્ટ્રુમેન્ટમાંથી આવતી સિમ્ફની ધરતીના પુત્રો દ્વારા રજૂ કરાશે જેઓ કેરળના ગ્રામીણ વિસ્તારોમાંથી આવે છે.

મહેશે નરેશને પુછ્યું, તારો પગ કઈ રીતે ભાંગ્યો ?

નરેશ બોલ્યો, હાઈવે પર સરકારે છેલ્લા ચાર વર્ષમાં કેટલા એકસીડેન્ટ થયા એનું બોર્ડ મુકયું છે. ચાલુ સ્કૂટરે એ વાંચતો હતો એમાં કાર સાથે અથડાઈ ગયો.

ooo

ભાણો : રાણા મારા બાપે બનાસ ડેરીમાં ટેટીનું વાવેતર કર્યું છે તેના તાંતણા સિદ્ધમાં ગયા હતા ને મણ મણની ટેટી આવેલી.

રાણો : ભાણા તે બીજ મારા બાપે આપેલું તેના પૈસા લેવાના બાકી છે. હવે આપો તો સારૂં કહેવાય.

ooo

ખેડૂત મજુરને મુલે (મજુરીએ) આવવું છે ?

મજુર : હા..

ખેડૂત મજુરને તેના કરાર (ડુંગરાળ) ખેતરમાં લઈ ગયો ને ઘણા પથ્થર વીણાવીને ઢગલા કરાવ્યા ને ભેગા કર્યા.

મજુર : કાકા (પાણા)પથરાની ખેતી કરતાં મકાઈની ખેતી કરતાં તમને શું નડે છે ?

ooo

ડૉ.દર્દીને તમને ગરમીનો રોગ થયો છે. તમારે ઈંજેકશન અને ગોળીયું લેવી પડશે.

દર્દીઃ ગોળી ઘેર પડી છે..

ડૉ. શેની ગોળી ઘેર પડી છે ?

દર્દી : સાહેબ છાશ કરવાની..

oo



# મધુવન

**'તમારા સમ મને છે એટલી શ્રદ્ધા તમારા પર**
**તમે જો શાપ પણ દેશો તો એ વરદાન થઈ જશે !'**

શીર્ષક શે'ર માં શાયર કૈલાસ પંડીત શ્રદ્ધાની વાત કરે છે. શ્રદ્ધા જીવનનો આધાર છે. શ્રદ્ધાના બળ વડે માનવી પોતાના જીવનમાં અણધારી સફળતા મેળવે છે. શાયર આ શે'ર માં શ્રદ્ધાથી શ્રાપ પણ વરદાનમાં પલટાઈ જવાની વાત કરે છે.

**'શ્રદ્ધા જ આખરે મળી શ્રદ્ધાના મુળમાં**
**કારણ તપાસવા ગયો તો એક પણ નથી'**

જવાહબક્ષીના આ શે'ર માં શ્રદ્ધાના મુળની વાત છે. ભારતીય સંસ્કૃતિમાં શ્રદ્ધાના મુળ ખુબ ઉંડે અને મજબુત રીતે વિકસેલાં છે વિસ્તરેલાં છે. શ્રદ્ધાનું કારણ તપાસીએ તો શ્રદ્ધા પ્રેમની જેમ જ અકારણ હોય છે. અલૌકિક હોય છે આથી એની ફલશ્રુતિ પણ અકલ્પનીય અને અવર્ણનીય હોય છે.

**'જો હોય શ્રદ્ધા મુસાફીરને પુર્ણ મંજીલમાં**
**તો આપમેળેવળે છે કદમ મુકામ તરફ'**

ગુજરાતી ગઝલના સિંહ ગણાતા સ્વ અમૃત ઘાયલના આ શે'ર માંશ્રદ્ધાનો મહીમા વર્ણવાયેલો છે. જે વ્યક્તિ શ્રદ્ધાની હોડીમાં સવાર થઈ મંજીલ તરફ સફર આદરે છે એવો મુસાફીર જગતની ગમે તેવી ભુલભુલામણીમાં ય ભુલો પડતો નથી. જેને સંપૂર્ણ શ્રદ્ધા છે એવી વ્યક્તિના કદમ આપમેળે મંજીલ તરફ વળી જાય છે.

**'શ્રદ્ધા જ મારી લઈ ગઈ મંજીલ ઉપર મને**
**રસ્તો ભુલી ગયો તો દિશાઓ ફરી ગઈ'**

ગઝલકાર 'ગની' દહીંવાલાના આ શે'ર માં પણ એ જ વાતને વાચા અપાઈ છે.જ્યારે બુદ્ધિનાં સીમાડાઓની હદ પુરી થાય છે. માણસનું મગજ વિચારી વિચારીને આખરે હૃદય સામે હાર સ્વીકારી લે છે. મતલબ માણસ બુદ્ધિના સીમાડાઓ ઓળંગી હૃદયના પ્રદેશમાં પ્રવેશ કરે છે ત્યારે એ પોતાના મુકામે જરૂર પહોંચી જાય છે. શ્રદ્ધામાં એટલી શક્તિ છે જેશક્તિ માણસની બુદ્ધિ બહાર છે.

**'વમળોની વચ્ચે નૈયા મુજ, હાલક ડોલક થાજો**
**શ્રદ્ધા કેરો દીપક મારો ના કદીયે ઓલવાજો'**

જીવન અંજલી થાજો મારૂં જીવન અંજલી થાજો.. કરશનદાસ માણેકની આ પ્રાર્થનામાં ખુબ સરસ મજાની વાત થઈ છે. જીવન સફરમાં ઘણીવાર એવી સ્થિતિનું નિર્માણ થાય છે જ્યારે આપણે આપણી શ્રદ્ધા ગુમાવી બેસીએ છીએ ત્યારે કવિના શબ્દોમાં કહીએ તો ગમે તેવા જીવનના માર્ગમાં અસફળતાનું અંધારૂં છવાઈ જાય. જ્યારે કોઈ દિશા આપણને ન મળે, કોઈ સહારો ન હોય ત્યારે શ્રદ્ધા રૂપી દીપક આપણને આગળ વધવા માટે પ્રકાશ પાથરે છે. બસ આપણે ગમે તેવા તોફાનોમાંય શ્રદ્ધારૂપી દીવડો ન હોલવાય એટલું જ ધ્યાન રાખવાનું છે.

**'શ્રદ્ધાનું બીજું નામ કહું તમને મરીઝ**
**શ્રદ્ધા છે ફકત સાચી દિશામાં હિંમત'**

ગઝલસમ્રાટ, શાયર સમ્રાટ, સ્વ.મરીઝની આ શે'ર માં શ્રદ્ધાને સાચી દીશામાં હિંમત સાથે સાથે સરખાવાઈ છે. સાચે જ શ્રદ્ધા એટલે સાચી મંજીલ, સાચો મુકામ, સાચી દિશા પરમ પિતાની પ્રાપ્તિ માટે, પ્રેમની પ્રાપ્તિ માટે શ્રદ્ધા હોવી ખુબ જરૂરી છે. આપણી જીવન નૌકા શ્રદ્ધા રૂપી હલેસાંથી ચાલી રહી છે જે દિવસે આ શ્રદ્ધારૂપી હલેસાં થાકી જશે, તુટી જશે એ દિવસે એ ચોક્કસ ડુબી જવાની છે. આથી વ્યક્તિએ જીવનસફરમાં વ્યક્તિએ શ્રદ્ધા કયારેય ગુમાવવી જોઈએ નહીં.. અંતે જોઈએ નઝીર ભાતરીનો આ શે'ર.

**'મેં બસ માની લીધું કે આપ નક્કી આવવાના છો.**
**જે શક્તિ હોય છે શ્રદ્ધામાં, શંકામાં નથી હોતી'**

**ધેંગાભાઈ એન'સરહદી' મુ.પો.ટડાવ, તા. (વાવ)**
**મો. ૯૪૨૭૬૪૪૬૧૧**

## હવે ભુલ નહીં કરીએ

આવોને એકાંતમાં એનો અંત લાવી દઈએ
જીવનના કોઈ અંધકારમાંનવો ઉજાસ કરી લઈએ
હાથ મીલાવી હૈયાં હળવાં કરી હાસ્ય છલકાવીએ
સાંભળી દુઃખની વાત એકબીજાનીહળવાશ કરીએ
ભુતકાળમાં થયેલ ભુલો તે પરસ્પર ભુલી જઈએ
મરી ગયેલ મનની વાતને ફરી સજીવન કરી લઈએ
અપરીચીત કે મુસાફીર નથી થવું તેવું વિચારીએ
હવે પ્રેમી બની એકબીજાની મંજીલ બની રહીએ
ભલે વાસણ ખખડે તેનો કાળો કકળાટ નહીં કરીએ
હવે વિખુટાથવાનો શબ્દ કાયમ માટે કાઢી નાખીએ
નવેસરથી સ્નેહ મીલનમાં મક્કમ પગરણ માંડીએ
સાથી ભવોભવના રહીએ તેવો સથવારો બાંધીએ
કર્યું એળે જવાનું નથી માટે સમજી વિચારી રહીએ
કોઈપણને નુકશાન થાય નહીં તેવું કાયમ વિચારીએ
સાચી વાતને સ્વીકારી જુઠાપણાને ધિક્કારતા રહીએ
વીરા સુખ દુઃખના સાથી બની સારૂં જીવન જીવીએ

**વીરાભાઈ સી.ચાવડા (કાણોદર)**

## પ્રકાશનુ પર્વ છે દિવાળી

દિવાળી આવી દિવાળી આવી, નવા વરસની વધાઈ લાવી
ફટાકડા તો ફટફટ ફુટે, મીઠાઈ ખાઈને મોંઢુ મલકે
નવાં નવાં કપડાં પહેરી, બાળક, વૃદ્ધ સહુ કોઈ હરખે
ભગવાનના મંદીરે જાશું, છપ્પન જાતના ભોગ ધરાવશું
ભેગા મળીને સાથે જમશું, મોજમજાને મસ્તી કરશું
માતા પિતાને પગે લાગશું, પાડોશીઓને પ્રેમથી નમશું
ભગવાનની તો પુજા કરશું, દીન દુઃખીઓની વારે જાશું
અબોલ જીવોની ચાકરી કરશું, અભણ લોકોને ઈજ્જત કરીશું
સહુની સાથે મળીને રહીશું
અમારૂં આંગણું ચોખ્ખું રાખશું, રંગોળી પુરશું તેને સજાવશું
દીવડા પ્રગટાવશું ને ઉજાસ ફેલાવશું
તહેવરોની શોભા વધારશું, જુનાં વેર ભાવ ભુલીને અમે
એકબીજાને ગળે મળશું, હેત પ્રીતને હરખની હેલી
આપણે તો ભાઈ રોજ દિવાળી
દિવાળી આવી ભાઈ દિવાળી આવી...

**નાથાલાલ બ્રહ્મક્ષત્રીય (ડીસા)**

# અસલી ધન

રામસિંહ નામનો એક દરજી હતો. જેને એક પુત્ર હતો. નામ એનું દીપક. દીપક બહુ જ આળસુ અને નકામો હતો. દીપકના લગ્ન થઈ ગયા હતા. તે પોતાની પત્ની રેશ્મા સાથે વૃદ્ધ પિતા સાથે જ રહેતો હતો. રામસિંહની પત્નીનું થોડાંક વરસો પહેલાં અવસાન થયું હતું. રામસિંહ પોતે એટલો બધો વૃદ્ધ થઈ ગયો હતો કે હવે એનાથી કાંઈપણ કામ થતું નહોતું. પરંતુ ગામના લોકો બધું જ જાણતા હતા કે દીપક આખો દિવસ નવરો થઈને આતેમ રખડતો હતો. રેશ્મા પણ પોતાના પતિને કોઈ કામ કરવાની સલાહ પણ આપત નહોતી.

બિચારા રામસિંહ પાસે બચેલી મુડીમાંથી ઘરનો ખર્ચો ચાલતો હતો. દીપક પોતાનો રોજેરોજનો ખર્ચો રામસિંહ પાસેથી માંગીને પરેશાન કરતો હતો.

થોડાક દિવસોમાં બચેલી મુડી પુરી થતાં ઘરમાં ગરીબાઈનું સામ્રાજય સ્થપાયું. ઘરમાં ખાવાના ફાંફા પડવા લાગ્યા. દીપક મદદ કરવાને બદલે પોતાના પિતાને ખુબ જ હેરાન પરેશાન કરવા લાગ્યો.

એક દિવસ દુઃખથી પરેશાન રામસિંહ ખાટલા પર બેસીને આંસુ વહેવડાવતો હતો. અચાનક એનો બાળપણનો એક મીત્ર અમરનાથ ત્યાં આવી ચડયો. રામસિંહે પોતાના દુઃખની વ્યથા પોતાના મિત્ર અમરનાથને કહી સંભળાવી. એટલે અમરનાથે એના મિત્રના કાનમાં એક યુક્તિ બતાવી.

બીજા દિવસે રામસિંહે પોતાની જુની પેટીને તાળું લગાવીને પોતાના ખાટલાનીચે મુકી દીધી અને તે રાત દિવસ એ પેટીની ચોકીદારી કરવા લાગ્યો.

દીપકની વહુ રેશ્માએ જ્યારે લગાતા ઘણા દિવસો સુધી જોયું કે પિતાજી પલંગ નીચે મુકેલ પેટીને પોતાનાથી દુર કરતા નહોતા. વહુને લાગ્યું કે જરૂર આ પેટીમાં સારૂં એવું ધન છુપાયેલું રાખ્યું લાગે છે.એક દિવસ પિતાજી રૂમમાં નહોતા ત્યારે વહુએ એ પેટીને ઉંચકી જોઈ તો તે ખુબ જ વજનદાર લાગી. તેને વિશ્વાસ થઈ ગયો કે જરૂર આ પેટીમાં સારો એવો માલ છુપાઈને રાખ્યો લાગે છે.રાતના સમયે જ્યારે એનો પતિ બહાર ફરીને પાછો આવ્યો ત્યારે રેશ્માએ પલંગ નીચે પિતાજીએ રાખેલ પેટીની વાત કહી. દીપકને પણ રેશ્માની વાત સાંભળીને વિશ્વાસ થયો કે જરૂર પિતાજીએ પેટીમાં સોનુ ચાંદી મુકયા છે એટલે તે એની ચોકીદારી કરી રહ્યા છે.

બંને જણા એક દિવસ પિતાજી પાસે જઈને એ પેટી વિશે પુછ્યું પણ પિતાજીએ કોઈ જ ઉત્તર ના આપ્યો. એટલે બંને જણાએ થોડાક દિવસ મહેનત મજુરી કરીને થોડાક પૈસા કમવાય અને પિતાજીની સેવા કરીને એમનો વિશ્વાસ મેળવી શકાય ત્યારેજ પિતાજીની દોલત મળી શકશે. નહીંતર એક ફુટી કોડી પણ નહીં મળે.

જબસ પછી તો દીપક અને એની વહુ રેશ્મા રામસિંહની સેવા કરવા લાગ્યા. દીપક પણ કઠોર મહેનત કરીને પોતાના પિતાની સેવા કરવા લાગ્યો. હવે ઘરની દશા બદલાઈ ગઈ. ઘરમાં રૂપિયો આવતાં સુખ અને શાંતિનો પણ અનુભવ થવા લાગ્યો. બંને જણાં પિતાજીની સેવામાં કોઈ જ કસર છોડતા નહોતા.

એક દિવસ રામસિંહ બીમાર પડયો. દીપક અને રેશ્માએ એમની ખુબ સેવા કરી પરંતુ રામસિંહનો અંતિમ સમય આવી ગયો.

ત્યારે રેશ્માએ કહ્યુંકે પિતાજી હવે તો તમારી પેટીમાં રહેલું ધન અમને આપી દો. અમને અસલી ધનની ખુબ જ જરૂર છે. તમે તો હવે આ દુનિયા છોડીને જઈ રહ્યા છો.

અરે મારાબાળકો ! રામસિંહ લડખડાતા અવાજે બોલ્યો, અસલી ધન તો તમારા દ્વારા આળસનો ત્યાગ કરવું છે અને તમારો સેવાભાવ ! જુઓ તમે લોકોએ આળસનો ત્યાગ કરીને જે મહેનત કરી તેનાથી ઘરમાં ખુશાલી આવી ગઈ. આ પેટી તો મેં તમને સુધારવાને માટે જ રાખી હતી. મને આજે એ જોઈને અત્યંત આનંદ થયો છે કે તમે બંને જણાં સાચા રસ્તા પર આવી ગયા છો. આ પેટીમાં કોઈ જ સોનુ ચાંદી અથવા ધનદોલત નથી પરંતુ એમાં તો ઈંટ, પથ્થર જ ભરેલા પડયા છે. આટલું કહેતાં જ રામસિંહનું પ્રાણપંખેરૂં ઉડી ગયું.

પિતાજીના ગયા પછી દીપક અને રેશ્મા ખુબ જ રડયા અને પછી તેઓ વિચારવા લાગ્યા કે પેટીમાં ધન હોત તો કેટલા દિવસ ચાલત ? અસલી ધન તો કઠીન મહેનત જ છે જે ઉંમરભર માનવીની સાથે રહે છે !

**-કમલેશ કંસારા**

## ધબડકો

હરએક જણનું કામ ધબડકો
આખે આખું ગામ ધબડકો
મંદીરને મસ્જીદના ઝઘડા
સઘળા થૈ સંગ્રામ ધબડકો
કોમવાદ ભડકાવા સાટું
ભેગી થઈ છે ભામ ધબડકો
કંઠી માળા તાવીઝ તસબી
પંડીતેને ઈમામ ધબડકો
ધર્મ, અર્થને કામના ડીંડક
સરવાળે એ અંજામ ધબડકો
બરબાદીના વેપારી સૌ
મોટાં મોટાં નામ ધબડકો

**સાંઈરામ દવે**

## દગો ના કરજે

પ્રેમ મને કરી દગો ના કરજે, કરૂં છું પ્રેમ તને અનહદ
વિશ્વાસ મારો ના તોડતી તારા વિના કેમ જીવું છું
મને જ ખબર છે સનમ ઈંતજાર તારો કરૂં છું
સજની પ્રેમના પંથમાં એકલો મુકી
બેવફાઈ ના કરજે, સપનામાં જોઉં છું તારૂં
ગોરૂં ગોરૂં મુખડું જાગીને જોવું છું તો
ઓશીકુંને ગોદડું પ્રેમ કરી દગો ના કરજે

**સુંડાજી ઠાકોર (સુરાણા)**

# સોબત

**ગતાંકથી ચાલુ**

''પરંતુ એ નિયમથી વિરૂધ્ધ વાત છે.'' કારૂ વરૂ બોલ્યો.

''જો નિયમ તો ત્યારે લાગુ પડે કે આપણે શિકાર કરતા પકડાઈ જઈએ? પરંતુ સાવચેતીપુર્વક તેનો શિકાર કરી તેને સામેની ઝાડીમાં લઈ જઈ ત્યાં તેનું માંસ ખાઈ જશું જોને કેટલું સુંદર અને ભરાવદાર હરણ છે. તેનું માંસ પણ કેટલું સ્વાદિષ્ટ હશે!'' ગલબો બોલ્યો.

ધીરે ધીરે કારૂ વરસ ગલબા શિયાળની વાતોમો આવી ગયો. તેને પણ હરણના શિકારની ઈચ્છા થઈ આવી. તેને થયું આમેય ગલબાની વાત સાચી છે. સોન હરણનો શિકાર કરતા આપણને કોઈ જોઈ જાય તો તકલીફ ઊભી થાય ને? તે આખરે ગલબા શિયાળની વાત સાથે સંમત થયો. બંને સાથે મળીને સોનુ હરણની નજીક પહોંચ્યા. સોનુ હરણ બંનેની નજર જોઈ સાવચેત બની ગયેલું. જેવા ગલબો અને કારૂ નજીક આવ્યાં કે તુરંત કુદકો મારતું સોનું ત્યાંથી પોતાનો જીવ બચાવવા ભાગવા લાગ્યું.

ગલબા કારૂએ પણ તેને મારવા માટે તેના ઉપર તરાપ મારી. આવું ત્રણ ચાર વખત થયું. સોનુને ગલબા કારૂના પંજા લાગ્યા તેથી લોહી નીકળવા લાગ્યું. પરંતુ આખરે જીવ બચાવવા મરણિયું બનેલું સોનું બંનેના પંજામાંથી છુટી ખુબ જ દુર નીકળી ગયું.

સોનુ હરણ જીવતું સુંદરવનમાં ગયેલું જોઈ ગલબો શિયાળ અને કારૂ વરૂ તો બંને ગભરાયા. કારૂ વરૂ તો ગલબા શિયાળો કેવા લાગ્યું,''મેં તને પહેલા કહેલું કે, આપણે શિકાર નથી કરવો પરંતુ તું માન્યું નહિ.''

''જો તને પણ તેનું માંસ ખાવાની ઈચ્છા થયેલી. એ લાલચે જ તું પણ મારી સાથે સોનુના શિકાર માટે જોડાયેલો.'' ગલબો શિયાળ ગુસ્સા સાથે બોલ્યો, ''પરંતુ કંઈ જ વાંધો નથી. સુંદરવનમાં જઈ જો સોનુ હરણ કયાંય પણ આપણા વિરૂધ્ધ ફરિયાદ કરશે તો આપણે કહી દેશું, અમે તો સોનુ સાથે માત્ર રમત જ કરતા હતાં. તેમાં તેને જરા વાગી ગયું. તેથી તે ગભરાઈ સુંદરવનમાં ભાગી આવ્યું.''

આમ ફરી બનાવટો વાતો કરી ગલબો શિયાળ કારૂ વરૂને સુંદરવન સુધી લઈ આવ્યો પછી ''મારે પાણી પીવા જવું છે.'' કહી તે કારૂ વરૂથી જુદો પડી નદી કિનારા તરફ ગયો અને ત્યાંથી તે સુંદરવન છોડી ભાગી છુટયો. આ વાતની કારૂ વરૂને તેણે જાણ પણ ન કરી.

બીજી બાજુ કારૂ વરૂ અને ગલબો શિયાળે કરેલા કુકર્મની ફરીયાદ સોનુ હરણે સુંદરવનના રાજા શામસિંહ પાસે કરી. આથી રાજા શામસિંહે કારૂ વરૂ અને ગલબા શિયાળને શોધવા માટે ભોલુ હાથીને મોકલ્યો. ભોલુ હાથી બંનેને શોધી રહયો હતો. ત્યાં કારૂ વરૂ અચાનક તેને મળી ગયો. તેને સૂંઢ વડે પકડી રાજા શામસિંહ પાસે રજુ કર્યો. મોન્ટુ વાંદરાએ નદી પાર કરી ભાગતા ગલબા શિયાળને જોયેલો. તેથી તેને શંકા જતાં તે વનરાજ શામસિંહ પાસે આવેલો. ત્યાં કારૂ વરૂને જોયો. ત્યાં સોનુ હરણ પણ હાજર હતો. આખુંય દ્રશ્ય જોઈ કારૂ વરૂ ધ્રુજવા લાગ્યો.

શામસિંહે ગુસ્સાથી ત્રાડ પાડી. તેથી આખાય સુંદરવનના ઝાડ પણ કંપી ઉઠયાં. તેણે કારૂ વરૂને પુછ્યું,''કયાં ગયો તારો મિત્ર ગલબો શિયાળ?''

''રાજા માફ કરજો, હું વચ્ચે બોલી રહયો છું. પરંતુ તે નદી પાર કરી નાસી છુટયો છે. જે હું નજરે જોઈ આવ્યો છું.'' મોન્ટુ વાંદરાએ જવાબ આપ્યો.

''તેં અને ગલબા શિયાળે સાથે મળી સોનુ હરણને મારી નાખવા પ્રયત્ન કરેલો છે. તને હવે જંગલના નિયમ મુજબ તને સજા કરવી પડશે. તને હવે મોતની સજા કરવામાં આવશે.'' વનરાજ શામસિંહ બોલ્યો.

આ સાંભળી કારૂ વરૂ ધ્રુજી ઉઠયો. તે વનરાજ પાસે કરગરવા લાગ્યો. પછી ત્યાં હાજર રહેલા કારૂ વરૂના મિત્ર મોન્ટુ વાંદરાએ વનરાજને વિનતી કરી, ''જુઓ કારૂનો કંઈ વાંક નથી. તેની ગલબા શિયાળની દોસ્તીના કારણે આ હાલત થઈ છે. માટે તમે સજા હળવી બનાવો તો સારું.''

મોન્ટુ વાંદરાની વિનંતીમાં સુંદરવનના બીજા પ્રાણીઓએ પણ સાથ પુરાવ્યો. સૌની વિનંતીથી આખરે કારૂ વરૂની સજા હળવી કરતા વનરાજ શામસિંહે ફરમાન કર્યું, ''જંગલના બધા જ પ્રાણીઓ ધ્યાનથી સાંભળો. આ કારૂ વરૂએ પોતાના પગના પંજા વડે સોનુ હરણ ઉપર હુમલો કરેલો. તેથી આપ સૌ એક પછી એક પોતાના પગ વડે કારૂ વરૂને લાત મારો. જેથી તેનું અપમાન પણ થઈ જશે અને તેની સજા પણ.''

સુંદરવનના રાજાનો હુકમ પ્રમાણે સૌ પ્રાણીઓએ કારૂ વરૂને એક એક લાત મારી. કારૂ વરૂએ નીચું માથું કરી બધું જ સહન કરી લીધું. ત્યાર પછી ફરી કયારેય કોઈ પ્રાણીને પરેશાન ન કરવાનું વચન પણ આપ્યું. પોતાનો જીવ બચાવવા બદલ તેણે મોન્ટુ વાંદરા અને સુંદરવનના સૌ પ્રાણીઓનો આભાર માન્યો.

બોધ ખરાબ સંગતનું પરિણામ ભોગવવું પડે છ

**દેવેન વ્યાસ (અંજાર)**

# સાધુની સચ્ચાઈ

એક સાધુજી હતા.ગામે ગામ ફરીને કથાવાર્તા બોધ શિખામણ આપતા.કોઈગામ કે શહેરમાં દશ કે તેથી વધુ દિવસ રોકાતા નહી.નીકળી પડતા.જો કે જે ગામ-નગરની વસ્તી એમને રોકાઈ જવા અને આશ્રમ બાંધીને કાયમ માટે વસવાનો આગ્રહ કરતા પણ સાધુતો વંદન કરીને કહી દેતા ના મહેરબાનો, સાધુએ કોઈ દિવસ એક ગામમાં પડ્યા ના રહેવું જોઈએ.એમણે એમના જ્ઞાનની સરવાણી વખતોવખત જુદા જુદા ગામમાં વહાવવી જોઈએ.જેનો સૌને લાભ મળે સાધુતાની વાત સાચી હતી.બાળવવા જ્ઞાનનો લાભ સૌને મળવો જોઈએ.વાત એકદમ ખરી હતી.પછી લોકો સાધુને રોકવાનો આગ્રહ કરતા નહી.આગળ એમને જવા દેતા.

એક ગામમાં આવું જ બન્યું, છેલ્લા ચૌદ દિવસથી સાધુએ ગામમાં રહ્યાં હતાં.પંદરમાં દિવસે એ નિકળ્યા.ગામ લોકોએ વંદન કરીને એમને રજા આપી.સાધુ જતા જતા બોલ્યા ફેર ક્યારેક ...... સવારના દસ સાડા દશ થયા હશે.સાધુ બીજા ગામે જવા નિકળ્યા.માર્ગમાં એક નદી આવી.ચોમાસું તાજેતરમાં પુરું થયું હતું.નદીમાં પાણી હતું.એ પાણી માટીના રંગનું એ સાથે હિલોળા લેતુ હતું.સાધુ છેક કાંઠે આવ્યા.એકક્ષણ માટે તો સામે જ્યાં..નદી પાર કરવા માટે એમનો જીવ ના ચાલ્યો.એક જાતનો ડર લાગ્યો.પણ પછી થયું.સાધુએ વળી ડરવાનુ શું હોય ? હું મરી જવાની બાબતથી કે તણાઈ જવાની વાતથી ડરુ તો શા કામનું...આ પ્રકારનો વિચાર કરી સાધુએ નદીમાં ડગ માડ્યાં.જેમ જેમ આગળ વધતા ગયા એમ એમ પાણી વધતું ગયું એનુ ખેંચાણ વધતું હતું.

ઢીંચણ સુધીતો પાણી આવી ગયું તેઓ આગળ વધ્યાં.ખેંચાણ જેમનું તેમ હતું.પાણી માટીના રંગનું હતું.કેડ સમાણા પાણી આવી ગયા.સાધુ પાસે પોતાની થેલી અને એક લોટી હતી એ સિવાય કાંઈ ન હતું.તેઓ આગળ વધ્યા કમર પરથી જાણે પાણી ઘટ્યા.

ઢીંચણે આવી ગયાં એટલે હવે નદીનો સામેનો છેડો ભાગ શરૂ થઈ ગયો હતો.સાધુને એક જાતની હાશ-નિરાંત થઈ પણ ત્યાં તો એમની નજર વહેણ જે તરફથી આવતું હતું એ તરફ ગઈ અચાનક સાધુ ચોંક્યા. વહેણમાં એક વીંછી તણાતો આવતો હતો.એને જોતાની સાથે જ સાધુજીના મનમાં દિલમાં અનુકંપા ઉભરાઈ આવી.દરેક માણસે શક્ય હોય તો નાની-મોટી તકલીફ ઉપાધીમાં ફસાયેલા જીવને બચાવવો જોઈએ.એ પછી એમણે તરત જ વહેતા પાણીમાં પોતાની લોટી મુકીને પેલા વીંછીને અંદર લઈ લીધો. બચાવી લીધો.સાધુએ એક જીવને બચાવ્યાનો સંતોષ માણી આગળનો ભાગ પાણીમાં ખુંદીને નીકળવા લાગ્યા.સામે આવી ગયા.તેઓ આખાય ભીના થઈ ગયા હતા. કિનારાની જમીન ભીની હતી. કાદવવાળી હતી તેથી તેમણે પોતાના લોટામાંના વીંછીને કંઈક દુર છોડવાનું નક્કી કર્યું. માંડ પંદર વીસ ડગલા ચાલ્યા હશે ત્યાંજ સહેજ ઘાસવાળી ભુમી દેખાઈ એ ઉભા રહ્યા. લોટી હાથમાં હતી અને ધીમે હાથે ઉંધી વાળી .પાણી નીકળ્યું સાથે વીંછી પણ નીકળ્યો.

સાધુજીને કોઈકનો જીવ બચાવી લીધો હોવાનો એક આનંદ હતો.એમને એમ પણ થયું કે જોં મે એને મારી લોટીમાં લીધો ન હોત તો એ જાણે ક્યાંય તણાઈ ગયો હોત..અને ....

સાધુજીએ વિચાર્યું.

પછી એ આગળ વધતાં જતા હતા ત્યાં જાણે.. માનવ વાણી થઈ. સાધુએ આજુ બાજુ નજર કરી.કોણ બોલી રહ્યું છે. પણ ત્યાં કોઈજ ન હતું.માત્ર છુટા છવાયા પંખીઓના અવાજ કાંઈક નદીના વહેણનો અવાજ આવતો હતો.

વીંછી બોલતો હતો.

સાધુજી આપે મને બચાવ્યો એ બદલ આપનો ખુબ ખુબ આભાર પણ...

''પણશું..''સાધુથી પુછાઈ ગયું.

હું વીંછી છું અને એક દિવસમાં એકાદને ડંખ મારવાનો મારો નિયમ છે.છેલ્લા બે ત્રણ દિવસથી હું નદીમાં પડી ગયો હોવાથી ડંખ મારી શકતો નથી.હવે હું તમને એક ડંખ મારીને મારો નિયમ જાળવીશ.

સાધુએ સાંભળ્યું સ્તબ્ધ થઈ ગયા.આ તો જેને બચાવ્યો હતો એ એક ડંખ મારવા તૈયાર થયો હતો.

વીંછી વીંછી હતો અને સાધુ સાધુ..એમણે પોતાના હાથ લંબાવતા કહ્યું, 'લે મારા હાથે ડંખ માર અને તારો નિયમ યથાવત રાખ...'

સાધુએ હાથ લાંબો કર્યો આ બાબત જાણે સાધુની સચ્ચાઈની પરીક્ષાની હતી.

**-રેણુ વિષ્ણુકુમાર બારોટ**
**(અમદાવાદ)**

## દિવાળી

દિવાળી આવી દિવડા લાવી
નવા વરસનો નવો રંગ લાવી
મારા નગરમાં તમારા નગરમાં
આપણા સૌના નગરમાં દિવાળી
નવા નવા ઉંમગો લાવી
સુંદર મધુરી આવી દિવાળી
રંગો ભરી રંગોળી આંગણાની
જુઓ સમજાવે સૌને દિવાળી
નવા મધુરા સંકલ્પો લાવી
કરે ઈશારો દ્વારે દિવાળી
વૃક્ષ, પંખી વનવાસી વસુંધરા
વનોમાં હોકારો આપે દિવાળી

**રાજેશ બારૈયા**
(બોરડા)

## હીરલાની હારમાળા

હીરલાની હારમાળા ગુંજાવી છે મારે
હીરલાની હારમાળા ગુંજાવી છે મારે
અર્જુન જેવો શુરવીર થાવું છે મારે
કર્ણ જેવો દાનવીર થાવું છે મારે
મહારાણા જેવો પ્રતાપી થાવું છે મારે
ગાયકવાડ જેવા કળાપ્રેમી થાવું છે મારે
સરદાર જેવો લોખંડી થાવું છે મારે
ગાંધી જેવા મહાત્મા થાવું છે મારે
પક્ષીની પાંખોને પારખવું છે મારે
નકશા વગરના રસ્તા ગોતવા છે મારે
ભકીડીના કાળજે જાવું છે મારે
મહેનતના પાઠ શીખવા છે મારે..

**રમેશભાઈ જે.ચૌધરી**
(વાછોલ)

## ધાનેરા વિધાનસભામાં...

**પાના નં.૧ ચાલુ**

ભાજપા માટે ઉમેદવાર પસંદગી માથાના દુઃખાવા સમાન થઈ રહી છે. આ બાબત ધ્યાને લઈ ભાજપા ઈતર અને નાના સમાજ તરીકે દરબાર સમાજને અથવા તો રબારી સમાજને કે બ્રાહ્મણ સમાજને પ્રતિનિધિત્વ આપે તેવી શક્યતાઓ દેખાઈ રહી છે. જ્યારે કોંગ્રેસ તરફે ચૌધરી સમાજને ટીકીટ ફાળવવાના ચક્રો ગતિમાન થયા હોવાનું જાણવા મળે છે. રાજ્ય સભાના ૪૫ ધારાસભ્યો પૈકી જોઈતાભાઈ પટેલે પણ પક્ષ પાસે વફાદારીની કિંમત મળે તેવી અપેક્ષા રાખી છે. પરંતુ વિસ્તારની માંગણી અને લાગણી નથાભાઈ પટેલ તરફે હોવાનું સ્પષ્ટ ફલીત થઈ રહ્યુ છે. છેલ્લા ત્રણ માસ કરતા વધુના સમય ગાળાથી નથાભાઈ પટેલ તાલુકાના ગામડે ગામડા ખુંદી રહ્યા છે. અને સમગ્ર વિસ્તારમાંથી તેમને સ્વયંભુ લોક આવકાર મળી રહ્યો છે. ગામે ગામ તેમના સનમાન થઈ રહ્યા છે. અને સભાઓમાં જનમેદની ઉમટી રહી છે. કોંગ્રેસનું મોવડી મંડળ પણ નથાભાઈની ઉમેદવારી વિશે ગંભીર વિચારણામાં હોય તેવુ જણાઈ રહ્યુ છે. જોઈતાભાઈ પટેલ માટે પક્ષની વફાદારી સિવાય કોઈ હકારાત્મક પાસુ દેખાઈ રહ્યુ નથી. કોંગ્રેસ મોવડી મંડળ ધાનેરા વિસ્તારની પ્રજાની લાગણીને માન આપે તેવી ચર્ચાઓએ જોર પકડ્યુ છે.

## ગુજરાત : મોદી...

**પાના નં.૧ ચાલુ**

કરવા માટે માંગ કરી છે. આ ઉપરાંત મોદીને મહત્તમ રોડ શો કરવા માટેની માંગ પણ કરવામાં આવી છે. આવનાર ચૂંટણી દરમિયાન મોદી સોશિયલ મિડિયા ટાઉન હોલ અને ડિજીટલ મિડિયાના માધ્યમથી પબ્લિક મિટિંગ કરી શકે છે. પાર્ટીના લોકોએ કહ્યુ છે કે અમારી સોશિયલ મિડિયાની ટીમ કેટલાક સોશિયલ મિડિયા ટાઉન હોલના આયોજનમાં વ્યસ્ત છે. આ આયોજન મહિલાઓ અને યુવાનોને ધ્યાનમાં રાખીને કરવામાં આવી રહ્યા છે. મોદી પોતે પણ તેમને ઓડિયો બ્રિજ મારફતે સંબોધતા રહ્યા છે. એક અગ્રણી અખબારે આ માહિતી વિગતવાર જાહેર કર્યા બાદ જાણવા મળી રહ્યુ છે કે પાર્ટી ખુબ આક્રમક રીતે ગુજરાતમાં આગળ વધવા માટે તૈયાર છે. મોદી અને અમિત શાહ ઉપરાંત પાર્ટી તરફથી યુપીના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ પાસેથી પણ અનેક રેલી કરવાની માંગ કરવામાં આવી છે. સ્થાનિક પાર્ટી નેતાઓ દ્વારા યોગીની સભાની માંગ પણ થઈ રહી છે. યોગી આક્રમક ભાષણ માટે હમેંશા જાણીતા રહ્યા છે. પાર્ટીને લઈને કેટલાક સમુદાયના લોકો હાલમાં નારાજ છે. આવી સ્થિતીમાં ભાજપ જોખમ લેવા માટે તૈયાર નથી.

## ૧૪ નવેમ્બર...

**પાના નં.૧ ચાલુ**

પંચાયત અને તાલુકા પંચાયતમાં કોંગ્રેસનું વર્ચસ્વ ધરાવતી મહત્વની બેઠક ઉપરાંત બીજા તબક્કાની ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતની કુલ ૯૩ બેઠક માટે તા.૧૪ ડિસેમ્બરે યોજાનારી ચૂંટણીના સંદર્ભમાં આ બન્ને ઝોનની મજબૂત બેઠકનો સમાવેશ કરાશે. દિલ્હી હાઈકમાન્ડની પ્રથમ યાદીમાં મોટાભાગના ચૂંટાયેલા ધારાસભ્યોને સ્થાન અપાઈ જશે. એક અંદાજ મુજબ પ્રથમ યાદીમાં કુલ ૧૦૦ નામની સત્તાવાર જાહેરાત કરાશે.

## રાજકોટમાં વેપારીઓ ...

**પાના નં.૧ ચાલુ**

ગુજરાતની ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરશે અને આવા વિવાદીત નિર્ણયોથી દેશ અને રાજયને થયેલા નુકસાન અંગે પ્રજાને વાકેફ કરશે. કોંગ્રેસના દિગ્ગજ નેતા અને પૂર્વ નાણાં મંત્રી પી.ચિદમ્બરમ્ પોતે વરિષ્ઠ ધારાશાસ્ત્રી અને કુશળ આર્થિક વિશ્લેષક પણ હોઈ તેમની મુલાકાત દરમ્યાન તેઓ આધારભૂત અને આંકડાકીય તથ્યો સાથે મોદી સરકાર અને ભાજપ સરકારની પોલ ખોલે તેવી પણ સંભાવના છે. ચિદમ્બરમની ગુજરાત મુલાકાતને લઈ ગુજરાત કોંગ્રેસ દ્વારા તડામાર તૈયારીઓ અને આયોજન ચાલી રહ્યા છે. નોટબંધી, જીએસટી સહિતના મુદ્દાઓને લઈ ચિદમ્બરમ દેશની આર્થિક સ્થિતિ અને તેને પરિણામે ગુજરાતના આર્થિક ચિત્રથી વેપારીઓ, ઉદ્યોગકારો અને બુધ્ધિજીવીઓને આંકડાકીય માહિતી સાથે વાકેફ કરશે અને તેઓની સાથે સીધો સંવાદ યોજશે. તાજેતરમાં ભાજપે તેની ગુજરાત ગૌરવ યાત્રામાં રાષ્ટ્રીય નેતાઓને મેદાનમાં ઉતાર્યા હતા તો કોંગ્રેસે પણ તાજેતરમાં તેના રાષ્ટ્રીય નેતાઓ રણદીપ સૂરજેવાલા, રાજ બબ્બર અને મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણને ગુજરાતમાં બોલાવ્યા હતા. હવે ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓની તારીખ સત્તાવાર રીતે જાહેર થઈ જતાં કોંગ્રેસે ચૂંટણી પ્રચારની તેની રણનીતિ અને વ્યૂહરચના વધુ તેજ અને અસરકારક બનાવી દીધી છે, જેના ભાગરૂપે દિગ્ગજ નેતાઓને તબક્કાવાર ગુજરાત બોલાવી તેમના મારફતે પ્રચાર-પ્રસાર કરી રાજયના ખૂણેખૂણે મોટાપાયે પોતાની તરફેણમાં લોકજુવાળ ઉભો થાય અને ચૂંટણી વખતે પ્રચંડ જનસમર્થન મતદાન સ્વરૂપે પ્રાપ્ત થાય તેની આખી ગણતરી ગોઠવી રહ્યું છે. તેના ભાગરૂપે જ આવતીકાલે શનિવારે તા.૨૮મી ઓકટોબરે પી.ચિદમ્બરમ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે.

## ભાજપના ઉમેદવારની...

**પાના નં.૧ ચાલુ**

જો કે હાલમાં ઉમેદવારની પસંદગી ની પ્રક્રિયા ની કામગીરી પૂર્ણ કરવા માં આવી છે.. અને હવે ભાજપ હાઈ કમાન્ડ ચૂંટણી જંગ ના ઉમેદવારો ની યાદી બહાર પાડશે.. પરંતુ ગુજરાત માં ગત ૨૧ તારીખ થી શરૂ થયેલી આ પ્રક્રિયા બાદ બનાવાયેલ યાદી માં હજુ પણ નરેન્દ્રભાઈ મોદી અને અમિત શાહ તમામ ઉમેદવારો નું માઈક્રો વૉચ કરી યાદી બહાર પાડશે. એટલે કે આ વખતે પણ ઉમેદવારો માં કોનું કોનું નામ આવશે ?તે માટે અનેક તર્ક વિતર્ક અત્યાર થી જ શરૂ થઈ ગયા છે.. તો બીજી તરફ દાવેદારી કરનારા ઉમેદવારો માં પણ પોતાના નામ અંગે ઉત્તેજના છવાયેલી છે.. જયારે ટિકિટ મેળવવા અંગે ની રજૂઆતો કરવા માંગતા કેટલાક લોકો તો હજુ પણ પ્રદેશ કાર્યાલય માં ધામાં નાખીને બેઠા છે અને કાગ ડોળે પોતાને ચોક્કસ ટિકિટ મલશેજ તેવી આશા વ્યક્ત કરતા જોવા મળે છે. તો બીજી તરફ આજે પ્રદેશ કાર્યાલય ખાતે રાષ્ટ્રીય અદયક્ષ અમિત શાહ ની અદયક્ષતા માં ભાજપ કોર કમિટી અને પદાધિકારીઓની મહત્વની બેઠક મળી હતી. જેમાં આગામી વિધાનસભા ની ચૂંટણી દરિમયાન બદલાતા જતા વિવિધ સમીકરણો સામે ની ચૂંટણી રણ નીતિ અંગે ની મહત્વ ની ચર્ચા કરવા માં આવી હતી. આ ઉપરાંત ઉમેદવારી પસન્દગી પર મહોર મારવાની કામગીરી પણ પૂર્ણતા ના આરે હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. આજ ની આ મહત્વ ની બેઠક માં અમિત શાહ, ભાજપ પ્રભારી ભુપેન્દ્ર યાદવ, મહા મંત્રી ભીખુભાઈ દલસાનિયા સહિત કોર કમિટી ના સભ્યો અને હોદ્દેદારો હાજર રહ્યાં હતાં.

## મહાકાલનો અભિષેક...

**પાના નં.૧ ચાલુ**

શ્રદ્ધાળુઓના પ્રવેશ પર જ પ્રતિબંધ મૂકાયો છે. ગર્ભગૃહમાં શ્રદ્ધાળુઓ પ્રવેશી શકતા નથી. તેઓ દૂરથી જ જળાભિષેક કરી શકે છે. ઉત્તરાખંડમાં આવેલા કેદારનાથ મંદિરમાં પણ દૂધ ચઢાવવા પર પ્રતિબંધ છે. પહેલા અહીં લોકો પેકેટનું દૂધ ચઢાવતા હતા જે કેમિકલ યુક્ત હોવાના કારણે જ્યોતિલિંગને નુકસાન થયું હતું. હવે અહીં મોટી માત્રામાં ઘી અર્પણ કરવાની પરંપરા છે.

પૂજારીના જણાવ્યાં મુજબ સવારે પંચામૃતથી અભિષેક થાય છે. ત્યારબાદ જળાભિષેક અને પછી ભસ્મ આરતી. રાત સુધીમાં ૪ વાર અભિષેક થાય છે. શ્રદ્ધાળુઓ દિવસભરમાં અનેકવાર પંચામૃત ચઢાવે છે. ભાંગથી તેમનો શ્રૃંગાર કરવામાં આવે છે.

## જમ્મુ કાશ્મીર...

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

દરમિયાન જો જાહેર સંપત્તિને નુકસાન થશે તો સંબંધિતો પાસેથી જ દંડની વસુલાત કરવામાં આવશે. દંડ અથવા તો પ્રદર્શન માટે સૂચન કરનારને બેથી પાંચ વર્ષની સજા પણ ફટકારવામાં આવશે. આ ઉપરાંત સંપત્તિને નુકસાન પહોંચાડવાના મામલામાં દંડ પણ લગાવવામાં આવશે. આ પહેલાના કાયદામાં ખાનગી સંપત્તિઓને નુકસાનની સ્થિતિમાં કાર્યવાહીની જોગવાઈ ન હતી પરંતુ વટહુકમમાં આને જગ્યા આપવામાં આવી છે. પહેલાના કાયદા માત્ર સરકારી સંપત્તિ અથવા તો સરકારી સંસ્થાના માલિકી હક ધરાવનાર સંપત્તિને નુકસાન પર જ લાગૂ થતા હતા. પ્રવક્તાનું કહેવું છે કે, વર્તમાન કાયદામાં સુધારાનો નિર્ણય સુપ્રીમ કોર્ટના એક નિર્દેશને લાગૂ કરવા માટે કરવામાં આવ્યું છે. પ્રવક્તાનું કહેવું છે કે, સુપ્રીમ કોર્ટે રિડિસ્ટ્રક્શન ઓફ પબ્લિક એન્ડ પ્રાઈવેટ પ્રોપર્ટી વિરુદ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ એન્ડ અધર્સના કેસમાં સંપત્તિને નુકસાનના મામલામાં સુધારા કરવામાં આવ્યા છે. પ્રવક્તાના કહેવા મુજબ રાજ્ય વિધાનસભાનું સત્ર હાલમાં ચાલી રહ્યું નથી જેથી મુખ્યમંત્રી મહેબુબા મુફ્તીની ભલામણ ઉપર જમ્મુ કાશ્મીરની બંધારણની કલમ ૯૧ હેઠળ વટહુકમ લાગૂ કરવામાં આવ્યો છે.

## હવે નરેન્દ્ર...

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

કોંગ્રેસના નેતાઓ કે ભાજપના અમિત શાહને લઈ જે વાતચીતનો ઉલ્લેખ છે, તેને કોઈ લેવાદેવા જ નથી કારણ કે, અવાજ જ મારો નથી. હું ગમે તે તપાસ કરાવવા તૈયાર છું. જરૂર પડયે આ ઓડિયો કલીપ એફએસએલમાં તપાસ માટે મોકલો, બધુ સ્પષ્ટ થઈ જશે. આ સમગ્ર પ્રકરણમાં હું મારા વકીલોની સલાહ લઈ આગળની કાયદાકીય કાર્યવાહી કરવા અંગેનો વિકલ્પ વિચારીશ. દરમ્યાન પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ ભાજપના આક્ષેપોને વખોડતાં જણાવ્યું હતું કે, પાટીદાર સમાજને કોંગ્રેસ પૈસા આપે તે વાતમાં કોઈ દમ નથી કારણ કે, પાટીદાર સમાજ પોતે સક્ષમ અને સ્વાભિમાની છે. ચૂંટણી ટાણે ભાજપના ગંદા રાજકારણનો આ એક ભાગ છે. કોંગ્રેસને આ કલીપ સાથે કોઈ લેવાદેવા નથી.

## આજરોજ સમસ્ત...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

પિલુચા મોચી પરીવારની બેન - દીકરીઓને ભેટ અર્પણ કરાશે. સમસ્ત પિલુચા મોચી પરીવાર દ્વારા આયોજીત આ સ્નેહમિલન સમારોહમાં ઉપસ્થીત રહેવા તથા યજ્ઞદર્શન સાથે ભોજન પ્રસાદનો લાભ લેવા પિલુચા મોચી પરીવારના જ્ઞાતિબંધુઓને પ્રમુખ અનિલભાઈ પરમાર, ઉપપ્રમુખ કમલેશભાઈ પરમાર, મંત્રી દેવેશભાઈ પરમાર, ખજાનચી દશરથભાઈ પરમારે અનુરોધ સહ આમંત્રણ પાઠવ્યુ છે.

## ડીસા વિધાનસભા...

**પાના નં.૮ ચાલુ**

અને હમાલ એસોસિએશન સહિત અન્ય સંસ્થાઓ અને સંગઠનોના અગ્રણીઓ, વેપારી અગ્રણીઓ તેમજ સમગ્ર ડીસા તાલુકામાંથી ઉમટી પડેલા શુભેચ્છકોએ ગુજરાત સ્ટેટ વેરહાઉસીંગ કોર્પોરેશનના નવનિયુક્ત ચેરમેન મગનલાલ માળીનો ભવ્ય સત્કાર કરી શુભકામનાઓ પાઠવી હતી.આ અવસરે ઉપસ્થિત તમામ આગેવાનો અને કાર્યકરો તેમજ શુભેચ્છકોએ મગનલાલ માળીને વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન તરીકેની ખૂબ મહત્વની જવાબદારી સોંપી માત્ર માળી સમાજ જ નહી, સમસ્ત ડીસા મતવિસ્તારની ખૂબ મોટી કદર કરી હોવાનું જણાવી રાજ્ય સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી મગનલાલ માળીને પણ સફળતા માટે શુભકામનાઓ પાઠવી હતી. આ સત્કાર સમારોહમાં માળી સમાજનો ઉત્સાહ પણ ઉડીને આંખે વળગ્યો હતો.

# રાહુલની ૨ નવેમ્બરે નાના પોંઢામા જાહેર સભા કરશે

અમદાવાદ

રાજયમા વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે મતદાનની તારીખ જાહેર થઈ ગઈ છે ત્યારે કોંગ્રેસ ઉપાધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધી આગામી બીજી નવેમ્બરના રોજ વલસાડના નાના પોંઢા ખાતે જાહેરસભાને સંબોધન કરશે.આ અંગે મળતી માહિતી અનુસાર, કોંગ્રેસનો ગઢ ગણાતી વલસાડ જિલ્લાની કપરાડા-નાનાપોંઢા વિધાનસભા મત વિસ્તારમા આગામી ૨જી નવેમ્બરના રોજ કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી માટે રોડ-શો ઉપરાંત જાહેરસભાનુ આયોજન કરવામા આવ્યુ છે. વિધાનસભાની ચૂંટણી માટે તારીખો જાહેર કરવામા આવ્યા બાદ રાહુલ ગાંધી પ્રથમ વખત પ્રચાર માટે આવી રહ્યા છે ત્યારે રાજકીય ક્ષેત્રે વાતાવરણ વધુ ગરમ બની જશે. આ દિવસે રાહુલ વાસદાથી રોડ શો સાથે વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામા પહોંચશે.ત્યાંથી કપરાડા વિધાનસભા વિસ્તારના નાના પોંઢા ખાતે બપોરે ત્રણની આસપાસ જાહેરસભાને સંબોધન કરશે. સૂત્રો તરફથી મળતી વિગતો અનુસાર, નાનાપોંઢાથી રાહુલ વાપી પહોંચશે જ્યાં તેઓ બુધ્ધિજીવી સાથે વાર્તાલાપ કરી શકે છે.આચાર સંહિતા જાહેર કરવામા આવ્યા બાદ રાહુલ પ્રથમ વખત ગુજરાતની મુલાકાતે આવશે ત્યારે તે ભાજપ ઉપર કેવા પ્રહારો કરશે એના ઉપર સૌની નજર કેન્દ્રીત થયેલી છે.

**સુરક્ષા દળોની કાર્યવાહીથી ત્રાસવાદી ભયભીત**

# કાશ્મીરમાં કુખ્યાત ત્રાસવાદી સંગઠનોની કમર તુટી રહી છે

નવી દિલ્હી

જમ્મુકાશ્મીરમાં મજબુત ગ્રાઉન્ડ ઈન્ટેલિજન્સની સહાયથી ત્રાસવાદીઓની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેના કારણે હવે ત્રાસવાદી સંગઠનની કમર તુટી ગઈ છે. સ્થિતી એ છે કે આ વર્ષે જેટલા ત્રાસવાદીઓની ભરતી કરવામાં આવી છે તેના કરતા વધારે ત્રાસવાદીઓ માર્યા ગયા છે. રાજયમાં હવે અલગતાવાદીઓ હવે વિદેશી ઘુસણખોરો પર વધારે આધાર રાખી રહ્યા છે. ઈન્ટેલિજન્સ રેકોર્ડ મુજબ આ વર્ષે જમ્મુ કાશ્મીરમાં જ્યારે ત્રાસવાદી સંગઠનોમાં ૭૧ ત્રાસવાદીઓની ભરતી થઈ છે. જ્યારે ૧૩૨ ત્રાસવાદીઓને લશ્કરી ઓપરેશનમાં મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. પાકિસ્તાન અને પોકમાંથી આ વર્ષે જુલાઈ સુધી ૭૮ ત્રાસવાદીઓ દ્વારા ઘુસણખોરી કરવામાં આવી હતી. જ્યારે ગયા વર્ષે ૨૦૧૬માં આ આંકડો ૧૨૩ ઉપર રહ્યો હતો. આ પ્રવાહને જોતા ખીણમાં સક્રિય ત્રાસવાદીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આ વર્ષે લશ્કલશ્કરી ઓપરેશનમાં જે ૧૩૨ ત્રાસવાદીઓ માર્યા ગયા છે તેમાં ૭૪ વિદેશી નાગરિકો સામેલ છે. અને ૫૮ સ્થાનિક ત્રાસવાદીઓ સામેલ છે. આ ત્રાસવાદીઓમાં લશ્કરે તોયબાના ૧૪, હિજબુલના અને અલ બદરના ટોપ કમાન્ડર પણ સામેલ છે. રાજ્ય પોલીસ, સેના અને સીઆરપીએફનમા સંયુક્ત ઓપરેશનથી મોટી સફળતા હાંસલ થઈ રહી છે. ખીણમાં હિજબુલ મુજાહીદીનનુ નેતૃત્વ કરનાર ત્રાસવાદી બુરહાન વાનીને સેનાએ ગયા વર્ષે આઠમી જુલાઈના દિવસે એન્કાઉન્ટરમાં ઠાર મારી દીધો હતો. ત્યારબાદ જાકીર મુસા પણ ઠાર થયો હતો. મોટા ત્રાસવાદી હાલના વર્ષોમાં ઠાર કરી દેવામાં આવ્યા છે.

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................

માતા : ........................જ.તા. ................ઉ.વ.

પરિચયઃ ..................................................

સરનામુ : ..................................................

મોકલનારની સહી : ..........................................

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૪૦૨૦૦-૪૦૫૦૦**
રૂપુ કાચું ૪૦૨૦૦-૪૦૫૦૦
સોનુ તોલો ૩૦૨૦૦-૩૦૫૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૦૦૦**
પામોલીન ૯૯૦
સોયા રીફાઈન ૧૨૫૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૨૦
સીંગતેલ૧૫ કી. ૧૫૮૦
સીંગતેલ ૧૫ લી.૧૪૭૦
સીગતેલ ૫ લી. ૪૭૫
તિરૂપતી કપા. ૧૨૦૦
૫ લીટર ૩૮૮
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦
કોપરેલ ૧૫ કિલો ૨૮૦૦-૨૯૦૦
૫ કે. કોપરેલ૯૬૦
૫લી. અંકુર સીંગતેલ ૪૪૫
**૧૫ લીટર સનફલાય ૧૧૮૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦
૫ લી. ૩૭૦
૨ લી. ૧૫૭
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
ગેટવે પ્રીમીયમ ૬૫૦૦
ગેટ વ. રોયલ ૫૫૦૦
ગેટવે રેગ્યુલર૫૦૦૦
ગેટવે રીઝાના૪૫૦૦
ગેટવે એવરેડી૪૦૦૦
ગેટવે ડેઈલી ૩૫૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦

દુન તીબાર ૫ કી.૮૨૦૦
દુન તીબાર ૧ કી.૮૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૮૦૦
મગદાળ નર્મદા સુપર ૫૭૦૦
નર્મદા મગ મોગર ૬૫૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૫૦૦
નર્મદા અડદદાળ ૭૦૦૦
દુન દેહરાદુન દુબાર જુના ૭૦૦૦
દુન દહેરાદૂન મીની દુબારજુના ૫૦૦૦
દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦
દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦
દુન કણકી જુની ૩૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
દાવત સીલેકટનવા ૮૮૦૦
દાવત સુપર જુના ૧૧૦૦૦
દાવત દીલખુશ નવા ૭૫૦૦
દાવત દીલખુશ જુના ૬૫૦૦
દાવત દુબાર જુના ૭૦૦૦
દાવત રોઝાના જુના ૫૫૦૦
દાવત ૭૦ જુના ૪૩૦૦
દાવત ૬૦ મીની જુના ૩૫૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૭૮૦૦
હેરીટેજ દુબાર ૬૦૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦

અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૯૦૦-૩૯૫૦**
**ખાંડ એમ. ૪૦૦૦-૪૦૮૦**
ખાંડએલ. ૪૦૫૦-૪૧૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦

**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૭૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૮૬૦
મેંદો ૮૬૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૪૦૦
ખાંડ બુરૂ ૪૪૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૨૦૦-૨૪૦
સુકી ડુંગળી ૬૦૦-૭૦૦
લસણ ૭૦૦-૮૦૦
ધાણા ૧૦૦૦-૧૨૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીંબુ ૭૦૦-૮૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૭૦૦-૮૦૦
રીંગણ ૭૦૦-૮૦૦
ટામેટા ૪૬૦-૫૪૦
ભીંડા ૪૦૦-૫૦૦
કોબી ૫૦૦-૬૦૦
વટાણા ૧૧૦૦-૧૪૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૯૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૪૦
ચોળી ૭૦૦-૮૦૦
તુરીયા ૨૦૦-૩૦૦
તુવેર ૯૦૦-૧૦૦૫

## વાદ વિવાદ

ભય ફેલાવે ભારત ભૂમિમાં વિખવાદ તે વૃથા ઘણા
માનવતાને નેવે મુકીને ગીતો ગવડાવે પોતા તણા,
કૈંક ફેલાયા વાદ વિવાદ એ પ્રાંતવાદને ભાષાવાદ
મુડીવાદ ને ફાંસીવાદ નર હત્યારો નકસલવાદ !
ધર્મવાદ ધક્કા માટે ને માર મારે છે મજહબવાદ
ગાંધીવાદ ગુમ થયો છે ને રડતી આંખે રાષ્ટ્રવાદ !
તકવાદી તો તડાકા મારે આંખે દેખાડે આતંકવાદ
ધોળા ડગલે ઢોલ પીટે, લોકસભામાં છે રોકડવાદ !
જાતીવાદ જોર બતાવે ને કડવો ભાસે કુટુંબવાદ
સગાંવાદ સરકારે બેઠો તો નોકરી માટે દલીતવાદ !
ઉપર વાદ નીચે સ્વાદ, ચૂંટણી ટાણે અવસરવાદ
નારીવાદ ને નખરાંવાદ ભૂલ્યા સૌ માનવતાવાદ !

**મશરૂ પ્રજાપતિ**

## સમજી શકો તો..

નજરથી ન સંદેશ આપી શકો તો !
રહો દુર પાસે ન આવી શકો તો !
અમે દિલની બારીને મુકી છે ખુલ્લી
જરા લહેર ઠંડી જો આપી શકો તો
સતત કાન ઝંખે છે કોની સદાને
સરળ શબ્દ હોઠે જો લાવી શકો તો !
ન વાવો તમે છોડ કાંટાળો કો દિ
અગર છોડ ફુલોના વાવી શકો તો !
કરી પાર મઝધાર આવ્યા કીનારે
કીનારાને યુસુફ સમજાવી શકો તો !

**યુસુફ ગુંજાવી**

## ઘાયલ દિલ

મીલે હો તો ડર ના જાના,
કુછ પલ સાથ ચલકે ભુલ ના જાના
જીંદગી મેં કભી મુજે છોડ કે ના જાના
ગલતી હો તો માફ કરના મગર મુહ મુડ ના જાના
ઠુકરા દે કોઈ તો દિલ તુટ જાતા હૈ
તોડ દેતી હૈ યાદે જબ અપના સમજ નહીં પાતા
સચ કહેતે હૈ હે દુનિયાવાલે ઈન્સાન
દિમાગ સે નહીં દિલ સે હાર જાતા હૈ
રાત કી તન્હાઈ સે ડરતે હૈ હમ
કાગજ કી પરછાઈ સે ડરતે હૈ હમ
દુનિયા સાથ ચલે યા ના ચલે
તેરે સાથ કી ઉમ્મીદ રખતે હૈ હમ

**સંકલન : રબારી પ્રવીણકુમાર વેલાભાઈ**
(નાનાકાપરા)

## શાયરી

ઈસ ખત મેં ખુની દિલ હૈં મહેંદી મેં મીલા દેના
જીસ દિન બને તું દુલ્હન તેરે હાથો પે સજા દેના
જેલ જાના કોઈ ખ્વાઈશ નથી
કેદી હો ના કોઈ મન્નત નથી
વકત ને બેદામ કરી દિયા મુજે,
વરના કીસીકો ચુમને કી હીંમત ના થી
મત કરો ઈતના હસીનો પર ભરોસા
વો આંખો સે વાર કરતી હૈં, હમને તો ખુદ અપની
આંખો સે દેખા હૈ કી વો કીસી ઓર સે પ્યારકરતી હૈ

**સંકલન : પરમાર રમેશ એસ.**
(માડકા)

## સૂત્રો

સૌથી મોટું છે એ દાન
જયાં હર્યાભર્યા હોય વન
પ્રકૃતીનો સાંભળો ચિત્કાર
રોકો..રોકો.. વૃક્ષનો સંહાર
વૃક્ષો નીચે સંસ્કૃતીના વેદમંત્રો ગુંજયા
વૃક્ષોને તેથી જ શ્રદ્ધાથી આપણે પૂજયાં
વૃક્ષ બચાવી દેશ બચાવો
વૃક્ષો વાવી ને વિકાસ વધારો
આવે ખુશહાલીની બહાર
જંગલ બને જો સદાબહાર
તીરથ હજ કરી આવો ઘેર
વૃક્ષો વાવી કરો લીલાલહેર

**નટવર હેડાઉ**

# સંઘર્ષ ક્યારેય પૂરો થતો નથીઃ સના ખાન

ઘણી બધી જાહેરાતોમાં કામ કર્યા બાદ સના ખાને દક્ષિણ ભારતમાં લગભગ ૧૫ જેટલી ફિલ્મોમાં અભિનય કરીને ખૂબ જ પ્રશંસા મેળવી. 'હલ્લાબોલ' ફિલ્મમાં નાનકડું પાત્ર ભજવીને તે બોલિવૂડ સુધી પહોંચી. ત્યારબાદ 'બિગ બોસ', 'જય હો' અને વિશાલ પંડ્યાની ફિલ્મ 'વજહ તુમ હો'. આ ફિલ્મમાં સનાએ બોલ્ડ પાત્ર ભજવ્યું. તે કહે છે કે મેં જે પાત્ર ભજવ્યું હતું તે મારી રિયલ લાઈફથી એકદમ વિપરીત હતું. હું વાસ્તવિક જિંદગીમાં જે છું તેના કરતાં વિપરીત પાત્ર ભજવવું મારા માટે એક મોટો પડકાર હતો, પરંતુ મને ચેલેન્જિંગ રોલ મળ્યો. આગળ પણ એવા રોલ મળશે તો હું તેને કરવામાંથી ક્યારેય પાછી નહીં હટું. મને રોમેન્ટિક, એક્શન અને થ્રિલર ફિલ્મો ખૂબ જ પસંદ છે, પરંતુ ફિલ્મ સાઈન કરતી વખતે હું સૌથી પહેલાં બેનર જોઉં છું. ત્યારબાદ ફિલ્મના ડિરેક્ટર, સ્ક્રિપ્ટ અને પછી સ્ટાર કાસ્ટ જોઉં છું.

સના કહે છે કે એક કલાકારનો સંઘર્ષ ક્યારેય પૂરો થતો નથી. સફળતા મેળવવા માટે દરેક ફિલ્મમાં કંઈક નવું કરવું પડે છે અને તે માટે સંઘર્ષ કરવો પડે છે. સંઘર્ષનું સ્વરૂપ બદલાય છે. અન્ય અભિનેત્રીઓની જેમ સનાને પણ કાસ્ટિંગ કાઉચનો સામનો કરવો પડ્યો. તે કહે છે કે હું મુંબઈથી છું, પરંતુ શરૂઆતમાં ખૂબ જ સંઘર્ષ રહ્યો, કેમ કે ત્યારે તમને કોઈ પણ વસ્તુની જાણ હોતી નથી અને લોકો તેનો ફાયદો ઉઠાવે છે. મારી સામે એવા ઘણા લોકો આવ્યા, જેમણે ફિલ્મમાં કામ કરવા મારી સામે અજીબ શરત રાખી. હું ક્યારેક વિચારું છું કે શું તે લોકોએ પોતાનો ચહેરો અરીસામાં જોયો નહીં હોય. 'જય હો' ફિલ્મથી સનાની કરિયરને કોઈ ફાયદો ન થયો. તે કહે છે કે સારો ફાયદો ન થયો અને ખરાબ પણ ન થયો, પરંતુ ફિલ્મ સાથે જોડાયેલા લોકોએ કહ્યું કે ફિલ્મમાં ડેઝીના બદલે સનાને અભિનેત્રી તરીકે લેવી જોઈતી હતી. આ વાત મારા માટે મોટી ઉપલબ્ધિ હતી.

રખેવાળ
મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા

## પાટણમાં કારના કાચ પર લગાવેલી ફિલ્મ (પ્લાસ્ટિક) દૂર કરતી પોલીસ



જિ.પ્રતિ પાટણ

પાટણના સિધ્ધપુર ચાર રસ્તા પર ગતરોજ સાંજે ૪:૫૦ કલાકે પાટણના 'બી' ડિવીઝન પોલીસ સ્ટેશનના પી.આઈ. વિજયસિંહજી પરમાર અને સ્ટાફમિત્રોએ સુપ્રિમ કોર્ટના આદેશ પ્રમાણે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જાહેર માર્ગ પર એક કારના કાચ પર લગાવેલી ફિલ્મ (પ્લાસ્ટિક) દૂર કરી જે પ્રશંસનીય કામગીરીની સરાહના થઈ હતી.

## ગોળીયાપરા હત્યા કેસમાં આરોપીને જેલમાં મોકલાયો

મહેસાણા

આડા સંબંધોના વહેમમાં ગામના યુવાનની હત્યા કરનાર સતલાસણાના રબારી યુવાનને કોર્ટે રિમાન્ડ આપતાં જેલહવાલે કરવામાં આવેલ. જ્યારે સામે પક્ષે મૃતકના પરિવારે અન્ય ૪ વ્યક્તિઓની પણ હત્યાના ગુનામાં સંડોવણી હોવાનો આક્ષેપ કર્યો છે. સતલાસણાના ગોળીયાપરાના સુરેશજી ઠાકોરની પત્નિ સાથેના આડા સંબંધને લઈને હત્યા કરનાર ગામના જ વસ્તાભાઈ રબારીની સતલાસણા પોલીસે ધરપકડ કરી હતી. ગુનામાં ઉપયોગમાં લેવાયેલ લાકડું પોલીસે કબજે કર્યું હતુ અને રિમાન્ડ માટે આરોપીને સતલાસણા કોર્ટમાં રજુ કર્યો હતો.

## પાટણમાં ગેસ્ટ હાઉસમાંથી સેક્સ રેકેટ ઝડપાયું

પાટણ

પાટણના જુનાગંજબજારમાં આવેલા સી.એમ. સુપર માર્કેટ કોમ્પલેક્સના ત્રીજા માળે આવેલા ગેસ્ટ હાઉસમાંથી સેક્સ રેકેટ ઝડપાયું હતું. જેમાં દેહ વિક્રયીનો ધંધો ચલાવવામાં આવી રહ્યો હોવાનો પર્દાફાશ થયો હતો. એ ડિવીઝન પોલીસ મથકની જુના ગંજ પોલીસ ચોકીના એ.એસ.આઈ ભારતસિંહ અને સ્ટાફના માણસોએ ગત બુધવારે રાત્રે વિશ્વાસ ગેસ્ટ હાઉસમાં ઓચિંતી રેડ કરી તપાસ ચલાવતા ચાર શખ્સો સહિત બે રૂપલનનાને ઝડપીને પોલીસ મથકે લઈ જવામાં આવ્યા હતા અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

## રાધનપુરમાં જલારામ બાપાની ૨૧૮મી જન્મજયંતીની ઉજવણી



કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર શહેરમાં જલારામ બાપાની ૨૧૮મી જન્મજયંતીની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી,ખાખચોકસ્થિત રામજી મંદિર ખાતે ધર્મસભર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.સવારે જલારામ બાપાની ભવ્ય આરતી કરવામાં આવી હતી, મંદિરના પ્રાંગણમાં જલારામ બાપનો જન્મોત્સવ ઉજવીને હિંડોળામાં બાપ્પાને ઝુલાવવામાં આવ્યા હતા,ભાવિકજનોએ બાપ્પાને હિંડોળે ઝુલાવ્યા હતા.આ ઉપરાંત જલારામ બાપાના ભજનોની રમઝટ પણ બોલાવવામાં આવી હતી,જેમાં ભજનિક અને લોકસાહિત્યકાર તેજાભાઈ ચૌધરીએ જલારામ બાપાની જીવન ઝરમર સાથે ભજનોની રમઝટ બોલાવી હતી,અને શ્રોતાઓને ડોલાવી દીધા હતા,બપોરે ભોજનપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. સાંજે જલા બાપાની ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી અને મોડી સાંજે રઘુરામભાઇ ઠક્કરની વાડીએ ખીચડી-કઢીના પ્રસાદને ભક્તજનોએ આરોગીને ધન્યતા અનુભવી હતી.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | સિદ્ધપુર | તલ | ૧૧૫૧-૧૩૪૪ |
| રાયડો | ૬૪૫-૬૭૦ | મેથી | ૫૦૦-૫૩૦ |
| એરંડા | ૮૪૮-૮૯૮ | સુવા | ૬૯૭-૮૦૦ |
| મગ | ૬૭૩-૧૧૦૦ | અજમો | ૭૦૦-૮૦૦ |
| અડદ | ૭૨૫-૯૧૧ | રજકો | ૨૨૨૬-૨૫૨૬ |
| ગવાર | ૬૪૧-૬૭૫ | અન્ય | ૬૦૦-૮૯૦ |
| ચોળા | ૪૭૫-૭૮૦ | | થરાદ |
| ઘઉં | ૩૧૦-૩૬૩ | રાયડો | ૬૬૦-૬૮૪ |
| બાજરી | ૨૦૦-૨૫૯ | એરંડા | ૮૭૫-૮૮૪ |
| કપાસ | ૮૮૦-૯૬૦ | જીરૂ | ૨૭૦૦-૩૬૦૦ |
| | ધાનેરા | મેથી | ૪૧૧-૫૦૦ |
| ઘઉં | ૨૮૧ખ-૩૩૨ | ઈસ. | ૧૭૦૦-૧૯૪૦ |
| બાજરી | ૨૩૧-૨૬૬ | મગ | ૬૫૦-૮૭૧ |
| મગ | ૭૫૭-૮૩૬ | અજમો | ૭૫૦-૧૨૩૩ |
| ચોળા | ૫૬૫-૭૦૦ | મગફળી | ૬૫૦-૮૨૪ |
| ગવાર | ૫૯૦-૬૭૯ | ચીકુડી | ૬૫૦-૮૨૪ |
| બીજડા | ૧૦૫૦-૧૨૮૧ | | રાહ |
| મગફળી | ૬૩૦-૮૦૦ | રાયડો | ૬૫૦-૬૬૦ |
| રાયડો | ૬૨૫-૬૭૦ | એરંડા | ૮૪૦-૮૫૦ |
| એરંડા | ૮૫૦-૮૭૬ | બાજરી | ૨૪૦-૨૬૦ |
| ઈસ. | ૧૭૫૧-૧૯૦૦ | ચીકુડી | ૮૦૦-૮૨૫ |
| જીરૂ | ૨૯૯૫-૩૪૨૦ | | |

## સ્ત્રી અને "માં" તપની મૂર્તિ છે. માં જેટલુ તપસ્વી જગતમાં કોઈ ન હોઈ શકે- પૂજ્ય ભાઈ રમેશ ઓઝા

સિધ્ધપુર



સમગ્ર વિશ્વમાં વસતા ૩૦ લાખ કરતા વધુ રઘુવંશીઓનું પ્રતિનિધિત્વ કરતી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ અને રઘુવંશી ચેરિટેબલ ટ્રસ્ટ આયોજિત સામુહિક માતૃવંદના - માતૃતર્પણ અને પૂજ્ય ભાઈ રમેશભાઈ ઓઝાના શ્રીમુખે શ્રીમદ ભાગવત કથામાં પૂજ્ય ભાઈએ કહ્યું કે, સ્ત્રી અને 'માં' તપની મૂર્તિ છે. માં જેટલી તપસ્વી જગતમાં કોઈ ન હોઈ શકે તેમજ માં નો મહિમા અને માતૃભક્તિ વર્ણવતા જણાવ્યુ હતુ કે, માંના જુદા જુદા સ્વરૂપોમાં શ્રીમદ સ્વરૂપોમાં શ્રીમદ ભાગવત કથા એ પણ એક માં છે. અને તેથી આ કથાનું શ્રવણ કરવું એ માને ધાવવા બરાબર વધુમાં પૂજ્ય ભાઈશ્રીએ કથાની સરખામણી માં સાથે કરીને કહ્યું કે ભાગવત કથાના બાર સ્કંધ એ મા ના બાર અંગો છે. આજના ઈન્ફોર્મેશન ટેકનોલોજીના યુગમાં ચોવીસ કલાક ''મોબાઈલ'' પકડીને ફરતા મનુષ્યને હયાત માં નો હાથ પકડવાની જરૂરત છે. પોતાની રમૂજ શૈલીમાં એમણે એમ પણ જણાવ્યું કે, જુદા જુદા આપણે ઉપવાસો કરીએ છીએ ત્યારે હવે લોકો એક દિવસ મોબાઈલ ઉપવાસ કે મોબાઈલ વ્રત કરવાની પણ જરૂરત છે. ટેકનોલોજીના આપણે એટલા બધા ગુલામ થઈ ગયા છીએ કે, આપણે આપણા ખર્ચે આપણા અંગત અને પારિવારિક જીવનમાં અન્યને આપણને ડિસ્ટર્બ કરવાની સતા આપી દીધી છે. આપણે આ યંત્રયુગમાં એટલા બધા યંત્રવત થઈ ગયા છીએ કે બધુ જ જાણે કૃત્રિમ થવા લાગ્યું છે. માણસની લાગણી, સંવેદના, સંબંધો અને રહેણીકહેણી કૃત્રિમતની કાયામાં કંડરાઈ ગઈ છે. પરિણામ સ્વરૂપે માણસ માણસને આજે સહન કરી નથી શકતો. શ્રીમદ ભાગવત કથા આપણને ત્રણ વસ્તુઓ શીખવે છે. એક: માણસનો માણસ સાથે વ્યવહાર કેવો હોવો જોઈએ. બે: માણસનો અન્ય જીવસૃષ્ટિ પરત્વેનો વ્યવહાર કેવો રાખવો અને ત્રણ: માણસનો પ્રકૃતિ સાથેનો વ્યવહાર કેવો રાખવો. આ ત્રણ શીખ આપતા પૂ.ભાઈએ જણાવ્યું હતું કે આજે ચારેબાજુ જીવસૃષ્ટિનું પર્યાવરણ જોખમમાં છે. ચારેકોર નદીઓ પ્રદુષિત દેખાય છે. ગંદકીનું સામ્રાજ્ય વધવા લાગ્યું છે. પ્રકૃતિનું સમતોલન ડામાડોળ થઈ ગયું છે ત્યારે પૃથ્વીના પટમાં રહેતા મનુષ્યે આ ત્રણ બાબતો શીખવી જ પડશે. આજે ભાગવત કથા અગાઉ લેખક અને સાહિત્યકાર જય વસાવડાએ 'માં' વિશે મનન પ્રવચન કરી સૌ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞના તૃતિય દિવસે મુખ્ય યજમાન અને માતૃસંસ્થાના પ્રમુખ પ્રવિણભાઈ કોટક અને પરિવાર મુખ્ય યજમાન બલવંતસિંહજી રાજપુત અને

પરિવા યજમાન અને પૂર્વ આરોગ્ય મંત્રી અને પક્ષ પ્રવક્તા જયનારાયણભાઈ વ્યાસ, સિધ્ધપુર સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો, પૂજ્ય જાનકીદાસ બાપુ (કમીજણા), પૂજ્ય લલિતાનંદજી મહારાજ અન્ય સંતો તેમજ ભક્તોએ કથાનું રસપાન કર્યું હતું.

## ઠાકોર સેનાના જીલ્લા મંત્રી પોતાના સમર્થકો સાથે ભાજપમાં

(હિં.સ.), હિંમતનગર

પછાત વર્ગના યુવા નેતા અલ્પેશ ઠાકોર કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની હાજરીમાં કોંગ્રેસમાં સામેલ થઇ ગયા છે ઠાકોર કોંગ્રેસમાં સામેલ થયાનો વિરોધ ઠાકોર સમાજમાં જોવા મળી રહ્યો છે. ઠકોર સમાજના લોકોએ અલ્પેસ ઠાકોરનો કોંગ્રેસમાં સામેલ થવાનો વિરોધ કર્યો હતો અને તેમના પુતળા બાળ્યા હતાં ત્યારે અલ્પેશ ઠાકરોને વધુ એક આંચકો આપતાં તેમના સંગઠન ઠાકોર સેનાના એક મુખ્ય નેતા સહિત ૨૦૦ સભ્યો ભાજપમાં સામેલ થઇ ગયા છે.આ લોકોએ સામાજિક આંદોલન ચલાવ્યા બાદ અલ્પેશની રાજનીતિમાં ઉતરવાની કવાયત પર રોષ વ્યકત કરતા આ આ પગલુ ઉઠાવ્યું છે.

અરવલ્લી જીલ્લાના બાયડમાં ગુજરાતી નવવર્ષ પર ભાજપના સ્નેહમિલન કાર્યક્રમ દરમિયાન ઠાકોર સેનાના જીલ્લા મંત્રી ચતુરસિંહ સહિત ૨૦૦ લોકો આજ` ભાજપમાં સામેલ થયા હતાં. ચતુરસિંહે આ પ્રસંગે જણાવ્યું હતું કે અલ્પેશે સમાજ સાથે વિશ્વાસઘાત કર્યો છે અને સામાજિક આંદોલન શરૂ કર્યા બાદ અંગત સ્વાર્થ માટે તેઓ કોંગ્રેસમાં સામેલ થયા છે.જેને ઠાકોર સમાજ માફ કરસે નહીં. તેમણે જણાવ્યું હતું કે ભાજપે ઠાકોર સમાજ માટે અનેક કામ કર્યા છે. આથી અમે ભાજપમાં સામેલ થઇ ગયા છીએ અને આગામી દિવસોમાં ઠાકોર સમાજના લોકોને ભાજપ તરફી મતદાન કરવા માટે અભિયાન ચલાવીશું.

એ યાદ રહે કે મધ્ય ગુજરાતના બાલાસિનોર સહિત પ્રદેશના અનેક સ્થાનો પર અલ્પેશના કોંગ્રેસમાં સામેલ થવાનો વિરોધ થયો હતો અને તેના પુતળા દહન કરવામાં આવ્યા હતાં.અનેક સમર્થક તેનાથી નારાજ છે.

## મહેસાણાઃ અપહૃત બાળક રહસ્યમય રીતે છઠિયારડા પાસેથી મળી આવ્યો

મહેસાણા

મહેસાણા તાલુકાના છઠિયારડા ગામનો અપહૃત ૮ વર્ષનો બાળક ઘટનાના ૪ દિવસ બાદ મંગળવારે સવારે બાઇક સાથે છઠિયારડા હાઇવે પરથી રહસ્યમય હાલતમાં મળી આવ્યો હતો. મોઢામાં કપડાનો ડૂચો મારીને ૪ દિવસ સુધી છાપરામાં બંધક બનાવી રાખ્યાની બાઇકની ચોંકાવનારી વાત સાંભળી પોલીસ પણ વિચારમાં મૂકાઇ છે. પોલીસે બાળકના નિવેદનના આધારે તપાસ લંબાવી છે.મહેસાણા તાલુકાના છઠિયારડા ગામે મહેમાન બનીને આવેલો ગઠિયો બાઇકની સાથે સંજય જયેશભાઇ રાવળ નામના ૮ વર્ષના બાળકનું અપહરણ કરી જવાની ઘટનાએ ચકચાર મચાવી હતી. ગ્રામજનો સાથે મળીને પોલીસ તપાસના ધમધમાટ વચ્ચે મંગળવારે સવારે ૧૦-૩૦ કલાકે અપહૃત બાળક અને બાઇક છઠિયારડા હાઇવે પર મૂકીને અપહરણકર્તા ભાગી ગયો હતો. સ્થાનિકની મદદથી ઘરે પહોંચેલો સંજય તેની માતાને જોઈને ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડી પડ્યો હતો. તાલુકા પોલીસ સ્ટેશન લઇ જવાયેલા બાળકની કરાયેલી પૂછપરછમા ચોંકાવનારી વિગતો ખુલી હતી.

જેમાં બાળકને કોઇ છાપરામાં મોઢામાં કપડાનો ડૂચો મારીને ગોંધી રખાયો હતો. જમવામાં માત્ર બિસ્કીટનું એક પેકેટ મળતું હતું. અપહરણ કરનાર અજાણ્યો વ્યક્તિ રડતાં રહેતા સંજયને અસહ્ય માર પણ મારતો હોવાનું ખુલ્યું છે. પોલીસે બાળકે આપેલી માહિતીને આધારે તપાસનો દોર લંબાવ્યો છે.

## હિંમતનગરમાં તસ્કરરાજઃ ત્રણ દિવસમાં ૧૨ મકાનનાં તાળાં તૂટ્યાં

હિંમતનગર

હિંમતનગર શહેરમાં દિપાવલીના તહેવાર દરમિયાન રીતસરના તસ્કરરાજનો શહેરીજનો અનુભવ કરી રહ્યા છે. નૂતનવર્ષના પ્રારંભથી ત્રણ જ દિવસમાં શહેરના અલગ અલગ વિસ્તારોમાં ૧૨ મકાનના તાળા તોડી ચોરીનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જોકે, આ બધા કિસ્સા પૈકી એક જ ફરિયાદ નોંધાઇ છે. હિંમતનગર શહેરમાં પ્રસ્થાપિત થઇ રહેલ તસ્કરરાજને નાથવા પોલીસ પેટ્રોલીંગ વધારવામાં આવે તેવી લાગણી પ્રર્વતી રહી છે. પોલીસ પેટ્રોલીંગ વધારવામાં આવે તેવી લોકો દ્વારા માગ છે.

હિંમતનગર શહેરમાં દિવાળીની રાત્રે અને નૂતનવર્ષના પ્રારંભે મહાવીર નગરની ત્રણ સોસાયટીઓમાં ૬ થી વધુ જગ્યાએ તાળા તોડી ચોરી કરવામાં આવી હોવા અંગે ફરિયાદ નોંધાયા બાદ રત્નમ સોસાયટીમાં ત્રણ મકાનોના તાળા તૂટ્યા હોવાનું જાણવા મળી રહ્યુ છે. ત્યાર બાદ સતત ત્રીજા દિવસે રવિ- સોમવારની રાત્રિ દરમિયાન શહેરના પોલોગ્રાઉન્ડમાં ત્રણ મકાનના તાળા તોડી ચોરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.જેમાં ત્રીજા મકાનનું તાળુ તોડી અન્ય મકાનમાં ચોરી કરવાનો પ્રયાસ કરી રહેલ ત્રણેક જણાને સવારે ચારેક વાગ્યે દૂરથી કોઇ જોઇ જતાં બૂમ પાડતાં ત્રણેય જણા બાઇક પર ફરાર થઇ ગયા હતા. સવારે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે સ્થળ તપાસ કરી હતી પરંતુ ત્રણે મકાન માલિક પૈકી કોઇ ફરિયાદ કરવા તૈયાર થયું ન હતું. શહેરમાં છેલ્લા ત્રણેક દિવસથી તસ્કરો રાડ પડાવી રહ્યા છે અને દિવાળીની રજાઓ માંણવા ગયેલા પરિવારોને નિશાન બનાવી રહ્યા છે. જે સ્થાનિક જ હોવાની પુરે પુરી સંભાવના છે. પોલીસ દ્વારા નાઇટ પેટ્રોલીંગ વધારી ઘરફોડીયા બની ગયેલ અસામાજિક તત્વોને સળીયા પાછળ ધકેલવાની જરૂર છે.

## મહેસાણા જિલ્લામાં ચૂંટણી સંદર્ભે ચૂંટણી ખર્ચ દેખરેખ માટે વિવિધ ટીમો કાર્યરત થઈ

(હિં.સ.) મહેસાણા

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ કલમ ૭૭(૧) થી પ્રત્યેક ઉમેદવાર માટે તેની નામ નિયુક્ત થાય તે તારીખથી ચૂંટણીનું પરિણામ જાહેર થાય તે બંન્ને તારીખોનો સમાવેશ કરીને વચ્ચેના સમયગાળા દરમિયાન ઉમેદવારનો કુલ ખર્ચ રૂ.૨૮ લાખની વધુ થવો જોઈએ નહી.ચૂંટણી ખર્ચની મર્યાદા નક્કી કરવાનો ઉદ્દેશ ચૂંટણી પ્રક્રિયામાં વધુ નાણાંકીય શક્તિનો પ્રભાવ અને વગને દુર કરવાનો છે.ચૂંટણી ખર્ચ અંગેની સુચનાઓ ભારતના ચૂંટણી ખર્ચની વેબસાઈટ www.eci.nic.in પર ઉપલબ્ધ છે.આ માટે જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય. દક્ષિણિને નોડલ અધિકારી તરીકે નિમણુંક કરાઇ છે.

ચૂંટણી ખર્ચ પર દેખરેખ નિયંત્રણ અંગેની વ્યવસ્થાનું માળખું ખર્ચ નિરીક્ષકો, મદદનીશ ખર્ચ નિરીક્ષકો, વીડીયો દેખરેખ ટુકડીઓ, વીડીયો નિરીક્ષણ ટુકડીઓ, હિસાબ ટુકડીઓ,ફરિયાદ પર દેખરેખ અને નિયંત્રણ કક્ષ, કોલ સેન્ટર,મિડીયા પ્રમાણી કરણ અને નિયંત્રણ સમિતિ, શીધ્ર કાર્ય ટુકડીઓ,સ્થાયી દેખરેખ ટુકડી,ખર્ચ પર દેખરેખ અંગેનું એકમ એક્સપેન્ડીચર મોનીટરીંગ સેલનું બનેલું રહેશે

## જિલ્લા સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક યોજાઇ

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક આજે જીલ્લા સમાહર્તા શ્રી પી.સ્વરૂપની અધ્યક્ષતામાં મળી હતી.સંકલન સમિતિમાં જિલ્લામાં કુપોષણની સમસ્યા અને તેના નિવારણ અંગે જિલ્લા પોગ્રામ ઓફિસર શ્રી ડૉ.પ્રકાશ મિસ્ત્રીએ રજૂઆત કરી હતી. જેમાં આગામી સમયમાં કુપોષણ નિવારણ અંગેના સઘન કાર્યક્રમો જિલ્લાકક્ષાના અધિકારીઓને જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષ વ્યાસે સૂચના આપી હતી.

કલેકટર પી.સ્વરૂપે કુપોષણ અંગે બાળકોના વજન પ્રમાણેની ઉંચાઇ અને તેની શારિરીક ક્ષમતામાં પરીવર્તન લાવવા અંગે માર્ગદર્શક સૂચનાઓ આપી હતી.બેઠકમાં સરકારી લેણાની વસૂલાત, ખાનગી એહવાલ, તેમજ પડતર અરજીનો નિકાલ કરવા કલેકટર પી.સ્વરૂપે જણાવ્યું હતું. બેઠકમાં અધિક કલેકટર વી. એલ.પટેલ સહિત અન્ય અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

## રાધનપુરમાં શ્રીમદ ભાગવત સપ્તાહ પારાયણનો શુભારંભ

પ્રતિનિધિ રાધનપુર



કમલ ચક્રવર્તી

રાધનપુર શહેરમાં હિંમત વિદ્યાનગરના પટાંગણમાં લાભ પાંચમથી શ્રીમદ ભાગવત સપ્તાહ પારાયણનો શુભારંભ થવા પામ્યો હતો,સ્વર્ગસ્થ પિતૃઓની પુણ્યસ્મૃતિમાં સ્વ. શાંતાબેન જીવરામભાઇ ગોવિંદરામભાઇ રતાણી પરિવાર દ્વારા તા.૨૫ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર સુધી વ્યાસપીઠ ઉપરથી ડભાણના સ્વામી શ્રી શાંતિ પ્રિયદાસજી સવારે ૯ થી ૧૨ અને સાંજે ૩ થી ૬ વાગ્યા સુધી સંગીતમય શૈલીમાં કથાનું શ્રવણ કરાવશે. આ પ્રસંગે લાભપાંચમના દિવસે બેન્ડવાજાની સુરાવલીઓ અને રાસ-ગરબાની રમઝટ વચ્ચે રામજી મંદિરથી પોથીયાત્રા કાઢવામાં આવી હતી,જેમાં ભાવિકજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ સપ્તાહ દરમ્યાન શ્રી વામન પ્રાગટ્યોત્સવ, શ્રીનંદ મહોત્સવ, રાસલીલા ,શ્રીરામ જન્મોત્સવ, માખણલીલા, રૂક્ષમણી વિવાહ, શ્રીનૃસિંહ પ્રાગટ્યોત્સવ, શ્રી હનુમાનજી જન્મોત્સવ, ગોવર્ધન પૂજા, સુદામા ચરિત્ર, આનંદનો ગરબો, સુંદરકાંડ, ચંદુમાંની મહાઆરતી, ડાયરો અને તુલસી વિવાહ જેવા ધર્મસભર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

## અરવલ્લી જિલ્લામાં જીનેટીકલી મોડીફાઈડ સોયાબીનનો જથ્થો પકડાયો

(હિં.સ.) હિંમતનગર

અરવલ્લી જિલ્લામાં શંકાસ્પદ જીનેટીકલી મોડીફાઈડ (હર્બીસાઇડ ટોલરન્ટ) સોયાબીનનો જથ્થો હોવાની માહિતી અરવલ્લી જિલ્લાના ખેતી નિયામકને મળતાં આ જથ્થો જપ્ત કરાયો છે, એમ નાયબ ખેતી નિયામકશ્રી, મોડાસા યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવાયાનુસાર તપાસ હાથ ધરેલ હતી. સદર તપાસ દરમિયાન અરવલ્લી જિલ્લાના મોડાસા આસપાસના બે થી ત્રણ ગામોના કેટલાક ખેડૂતોની પુછપરછ હાથ ધરી શંકાસ્પદ જીનેટીકલી મોડીફાઈડ સોયાબીનનો જથ્થો ઉપલબ્ધ હોવાનું ધ્યાને આવેલ. જેના આધારે સદર ટીમ દ્વારા શંકાસ્પદ જથ્થામાંથી જીનેટીકલી મોડીફાઈડ (હર્બીસાઇડ ટોલરન્ટ) સોયાબીનના નમુના લેવામાં આવ્યા હતા. ત્યારબાદ અંદાજિત ૩૦૦૦ કિલો જેટલો જથ્થો નિયમાનુસાર અટકાવવામાં આવ્યો છે.

ખેડુતોની પુછપરછ દરમિયાન આ બિયારણ તેઓ દ્વારા મોડાસાના એક વિક્રેતા મારફત ૨૦ કિલોગ્રામના પેકીંગમાં અંદાજિત ૧૬ બેગ જેટલા જથ્થામાં ખરીદવામાં આવ્યું હતું. આ બિયારણથી ઉગેલ પાકમાં વીડીસાઈડ (ગ્લાયફોસેટ) છાંટવા છતાય સોયાબીન ના પાકને કોઈ અસર થતી નથી જ્યારે નિંદામણ સંપુર્ણપણે નાશ પામે છે. આ બિયારણ ડીલર દ્વારા સોયાબીનની નવી સારી સંશોધિત જાત હોવાનું કહી આપવામાં આવ્યું હતું.

આ બાબતે વિક્રેતાની પુછપરછ કરતાં તેમના દ્વારા આ જથ્થો અમદાવાદની એક ખાનગી કંપની મારફત આપવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. આ સંદર્ભે ખેતીવાડી વિભાગની ટીમ દ્વારા આ જથ્થાનો નિકાલ નહી કરવાની નોટીસ બજાવી, નિયમ અનુસાર નમુનાઓ લઈ, પૃથ્થકરણ માટે પ્રયોગશાળામાં મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ ઉપરાંત બિયારણની ગુણવત્તા અંગે કોઇ શંકા કે સંશય હોય તો આપના જિલ્લાના નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ), મદદનીશ ખેતી નિયામકશ્રી (ગુ.નિ.) /ખેતીવાડી અધિકારીનો સંપર્ક કરવા જણાવાયું છે.

## પાટણમાં નાગરવાડા રોડ પર બાઈક સ્લીપ થતાં બે ને ઈજા

પાટણ

પાટણમાં વનાગવાડાથી નાગરવાડા થઈ જુનાગંજ તરફ જવાના માર્ગ પર બાઈક આડે ગાય આડી આવતા બાઈક સ્લીપ થઈને એક દિવાલને અથડાઈ પડતાં બે જણાને ઈજા થઈ હતી.

જાણવા મળતી વિગતો અનુસાર ગત સોમવારે મોડી સાંજે મહેશભાઈ જાની (મહેસાણાવાળા) પોતાના બાઈક ઉપર બે મિત્રોને પાછળ બેસાડી પાટણ ખાતે વનાગવાડામાં એક સંબંધીને મળીને નાગરવાડા થઈ જુનાગંજમાં આવી રહ્યા હતા. ત્યારે રસ્તામાં ગાય આડી આવતા બાઈક સ્લીપ થઈ જતાં બાઈક પર પાછળ બેઠેલા બે યુવાનો નીચે પટકાતા હાથ-પગે ઈજાઓ થઈ હતી. સદર રોડ પર રખડતા પશુઓના કારણે વાહન ચાલકો ત્રાસી ઉઠ્યા છે, અઠવાડીયા બે ત્રણ વાર અકસ્માતના બનાવો બન્યા સિવાય રહેતા નથી. જેથી પાલિકા દ્વારા રખડતા ઢોર પકડવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

## ઈડરના પાતળીયા ગામે પૂર્વ અદાવત સંદર્ભે હુમલો

હિંમતનગર

ઈડર તાલુકાના પાતળીયા ગામે ગત શનિવારે બપોરે અગાઉ થયેલી તકરારની અદાવત રાખી એક વ્યક્તિ પર જીવલેણ હુમલો કરવામાં આવતા ૨૩ વ્યક્તિઓ વિરૂધ્ધ ગુન્હો નોંધી જાદર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જાણવા મુજબ ગત તા. ૨૧ ના રોજ રસ્તાની બાબતે થયેલી તકરારની અદાવતમાં ૨૩ વ્યક્તિઓએ હથિયાર ધારણ કરી નરેશભાઈ, આંચલબેન, મિત્તલબેન, ભગીબેન, અશોકભાઈ તથા સુરેશભાઈને ઈજાઓ પહોંચાડી ગાળો બોલી જાતિવિષયક અપમાનિત કરતાં જાદર પોલીસે ૨૩ વ્યક્તિઓ વિરૂધ્ધ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી.